# ચિત્રસેન-પદ્માવતી.

લેખક
કાપડીયા-નેમચંદભાઇ ગીરધરલાલ
ભાવનગર.

પ્રકાશક,
જૈન સસ્તી વાંચનમાળા-ભાવનગર.

વિક્રમ સં. ૧૯૮૫                    વીર સં. ૨૪૫૫

કિંમત રૂા. ૧-૦-૦

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

# આભાર.

વઢવાણ શહેર નિવાસી વોરા ચુનીલાલ જગજીવનદાસ કે જેઓ સાહિત્યપ્રેમી અને ધર્મપ્રેમી છે તેમણે તેમના સ્વ૦ પત્નિ ચંપા બેનની યાદગીરી નિમિત્તે આ પુસ્તકની પ્રથમથી ૨૫૦ નકલના ગ્રાહક થઈ અમારા કાર્યને સહાનુભૂતી આપી છે, તે માટે તેમનો આભાર માનું છું.

લી૦ સેવક.

**અચરતલાલ.**

ધી "શારદાવિજય" પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

પ્રકાશકે સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

## અ. સૌ. સ્વ. બાઈ ચંપાબાઈ.

( વોરા ચુનીલાલ જગજીવનદાસનાં ધર્મ પત્નિ. વઢવાણ શહેર. )



| જન્મ. | સ્વર્ગવાસ. |
| --- | --- |
| સંવત ૧૯૬૧ કારતક વદી ૦)) | સં. ૧૯૮૨ના ભાદરવા વદ ૧ |

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

સુરત

# સમર્પણ.

અ. સૌ. સ્વર્ગ૦ બ્હેન ચંપાબેન :—

તમારી હૈયાતી નહિ છતાં તમને આ પુસ્તક અર્પણ કરવાની ઈચ્છા તમારૂં ઉચ્ચ સંસ્કારી જીવન જાણી સ્વભાવીક થઈ જાય છે. જૈન ધર્મ ઉપર અગાધ શ્રદ્ધા, દયા, માયાળુ સ્વભાવ સાદું જીવન અને અંતસમયે પણ તમારી દ્રઢ ધર્મ-ભાવના ઇત્યાદિ ગુણોથી ટુંક સમયના ગ્રહસ્થાશ્રમમાં કુટુંબી જનોને તમોએ આપેલો સંતોષ વીગેરે સંભારણાંની યાદગીરી તરીકે આ પુસ્તક તમને અર્પણ કરવાની ફરજ સમજું છું.

લી૦ ધર્મબંધુ.

અચરતલાલ.

## અ. સૌ. સ્વર્ગસ્થ બ્હેન ચંપા બેનનું સંક્ષિપ્ત

# જીવન ચરિત્ર.

સ્વર્ગવાસ પછી પણ જેમના જીવનની યાદગીરી કુટુંબીજનોને અને સહવાસમાં આવેલ દરેકને રહે છે તેનું કારણ તેમનાં સારાં કૃત્યો, શુદ્ધ હૃદય, અને ધર્મપરાયણતા છે, તેવાં પુરૂષો કે સ્ત્રીઓની જીવનરેખા પુસ્તકમાં લેવાથી વાંચકવર્ગ તેવી ગુણીયલ વ્યક્તિનું અનુકરણ કરશે તેમ ઇચ્છીએ છીએ.

બ્હેન ચંપાનો જન્મ સં. ૧૯૬૧ના કારતક વદ ૦)) રોજ ભાલપ્રદેશના-ભોલાદ ગામમાં શા. કાળીદાસ નાનજીના વંશમાં તેમના પુત્ર ઉજમશીભાઇના સુપુત્ર ગોવિંદજીભાઇને ત્યાં થયો હતો. તેમના માતુશ્રીનું નામ ગંગા બ્હેન હતું. ખાનદાન કુટુંબમાં બચપણથીજ ધાર્મિક, ઉચ્ચ સંસ્કાર પડે તે સ્વાભાવિક છે. ચંપા બ્હેનના માતા પિતા ધાર્મિક સંસ્કારવાળા હોવાથી તે સદ્ગુણો તેમને વારસામાં મળ્યા હતા. માતાનું સુખ ચંપા બ્હેનને નહિ મળવાનું હોય તેમ તેમનાં માતુશ્રી તેમને માત્ર ૩ વર્ષનાં મુકી સં. ૧૯૬૪ માં સ્વર્ગસ્થ થયાં જેથી શેઠ ગોવીંદજીભાઇનાં વયોવૃદ્ધમાતુશ્રી પુરી બેને ચંપા બેનનું લાલનપાલન કરવા સાથે સદ્ગુણોનું સિંચન કરી ઉછેર્યાં હતાં.

ચંપાબેનનાં લગ્ન વઢવાણશહેરના ખાનદાન શ્રીમંત ગણાતા વોરા કુટુંબમાં કપુરભાઇના પુત્ર જગજીવનદાસના ચી૦ ચુંનીલાલભાઇ સાથે થયા હતાં. જેઓ સુશિક્ષિત વ્યવહાર કુશળ અને ધર્મપ્રેમી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**શ્વસુરગ્રહ**–પોતાના સાસરે ગયા પછી ( પોતે ગ્રહસ્થ પૈસાદારની પુત્રિ છતાં ) દરેક કામ પોતાની જાતે ઉપાડી લીધું હતું. ચંપા બ્હેનની સરલતા અને વિનયથી સાસરે ગયા પછી સાસુ એજ પોતાની જનુની છે. અને સાસુને પણ એમજ સમજાણું કે ખરેખર ચંપા એજ મારી વ્હાલી પુત્રિ છે. આ લાગણી આ સદ્‌ભાવ અને આ પ્રેમ અરસપરસ છેવટ સુધી એક સરખો સહુ કોઇ નજરે જોઈ શકયા છે.

સાસરામાં આવી પોતાનું ગૃહકામ રસોઇ કરવી, પાણી ભરવું, દળવું વિગેરે પોતાને હાથે કરતાં હતાં અને તે કામ કરતાં લેશમાત્ર ક્ષોભ નહી પામતા નીયમિત ઘરકામ કરીને નીવૃત્તિનો ટાઇમ મળે ત્યારે ધાર્મિક પુસ્તકોનું અધ્યયન કરવામાં સમય વીતાવતાં હતાં. પોતાના પતિના સહવાસમાં રહી દરેક બાબતમાં અરસપરસ સંતોષ અને શાન્તિ કેમ રહે તે ઉપરજ પોતાનું લક્ષ હતું સાસરીયામાં પાડોશી તેના નિત્યકાર્યને જોઇ તેની વાહવાહ બોલતા હતા અને " પૈસાદારની પુત્રિ છતાં તેનું વર્તન કેવા ઉંચા પ્રકારનું છે તે જોઈ તેના શ્વસુરપક્ષને ભાગ્યવંત માનતા હતા.

પોતાના પતિનો પ્રેમ સંપાદન કરેલ ચંપા બ્હેન સંસારમાં એક સુખી જોડું લેખાતું હતું. સાસુ પોતાની વ્હાલી પુત્રિરૂપે નિરીક્ષણ કરતા હતાં અને આ પ્રકારે સંસારમાં રહ્યા છતાં શુદ્ધ ભાવનામય જીવન વીતાવતા હતા.

ચંપા બ્હેનને પ્રતિદીન, દેવવંદન, ગુરૂવંદન કરવાનું જ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધન મળે ત્યાં ચુકવું નહી એ ખાસ નિયમ હતો શિવાય પોતાના ગ્રહવ્યવહારમાં તેમજ જીવનવ્યવહારમાં પતિભક્તિ, સત્યપાલન, સદ્‌વિચાર, સંતોષ, વિનય, વિવેક, સદાચાર એ ઉત્તમ ગુણોને પોતાના હૃદયમાં ખાસ સ્થાન આપેલું હતું અને કર્તવ્યનિષ્ટ રહેવાને કદી પણ ચુક ન પડે તે ઉપર ખાસ લક્ષ રાખીને પગલું ભરતા હતાં.

સમય જતાં ભાવિયોગે સંવત ૧૯૮૨ માં બ્હેન ચંપાને શ્રીમંતનો અવસર આવ્યો અને પોતાના પિયર ભોળાદગામે સુવાવડ પ્રસંગે આવવું થયું. પૂર્ણ માસે પુત્રને જન્મ આપ્યો પણ તે થોડા દિવસ માટે સગા સ્નેહીઓને રાજી કરી સ્વર્ગવાટે ગયો. આ સુવાવડના વખતથી બ્હેન ચંપાનું શરીર બગડયું. જીર્ણતાવ, ઉધરસ વિગેરે દર્દોનો પ્રવેશ થયો. તેમના પિતાશ્રીએ અનેક ઉપચાર કર્યા છતાં જોઇએ તેવો આરામ ન થયો.

ચંપા બ્હેનના સ્થૂલ દેહ માટે તેમના પિતાશ્રીએ ઘણા પ્રયત્નો કરી નાણાનો વ્યય કરવા છતાં ક્રૂર કાળે કોઇ ઉપાય લાગુ થવા દીધો નહી અને સં. ૧૯૮૨ના ભાદરવા વદી ૫ ની કાળરાત્રિએ પ્રભુસ્મરણ કરતાં આ પવિત્ર બ્હેને આ દુનિયાનો ત્યાગ કર્યો.

અંતસમયના વખતે પણ આ બ્હેને હાય, વોય, કે નિર્બલતાના શબ્દનો ઉચ્ચાર સરખો કર્યો નથી પણ જેમ વૈરાગ્યદશામાં સંસારથી મુક્ત હોય તેમ એક પ્રભુ નામ સ્મરણનો છેવટનો ઉચ્ચાર કરતાં પોતાનો દેહ છોડયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ બનાવથી આપ્તજનોના હૃદયમાં સખ્ત આઘાત થયો. જે વહેવારદષ્ટિએ દરેકના અંતરમાં મહાનદુઃખ અને ખેદકારક બનાવ બન્યો પણ કુદરતનો કોપ લખેલ મીથ્યા કેમ થઇ શકે.

ચંપા બ્હેનનો સ્થૂલ દેહ લય પામ્યો, છતાં કુટુંબી જનોમાં તેમની ધર્મપ્રભા, સરલતા, સાદાઇ, અને ગંભીરતા છવાયેલી હોવાથી તેમની યાદી રહ્યાજ કરે છે, સ્ત્રીઓના આવાં ઉચ્ચ જીવન દરેકસ્ત્રીઓ વાંચી સાર ગ્રહણ કરી પોતાના જીવનને ધર્મપરાયણ બનાવી કુટુંબમાં વધુ વાત્સલ્યભાવના વધારે એજ અમો ઇચ્છીએ છીએ.

**પ્રકાશક.**


પાસેજ રાખવા જેવાં છે—

| | | |
|---|---|---|
| પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ | પાકું રેશમી પુંઠું. | ૦—૮—૦ |
| સ્તવન સંગ્રહ અને સ્મરણમાળા. | ,, ,, | ૦—૮—૦ |
| શ્રી શત્રુંજય તીર્થયાત્રા વિચાર. | ,, ,, | ૦—૮—૦ |
| જૈન નિત્યપાઠ સંગ્રહ. | ,, ,, | ૦—૮—૦ |

લખો:—**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર, **ભાવનગર.**


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

उपकारपरा धन्या, धन्या दानपरा नराः ।
परोपकारकरा धन्या, धन्याः शीलधरास्तथा ॥

" ઉપકાર પરાયણ પુરૂષોને, દાનમાં સર્વદા તત્પર રહેનારને પારકાનાં કાર્યો કરી આપનારને, તેમજ ઉત્તમ શિયળ ધારણ કરનારાઓને હમેશા ધન્ય છે–તેમનું જીવનજ સફળ છે."

ધર્મશાસ્ત્રોનાં સિદ્ધાંતો બાળજીવોને હૃદયમાં ઉતારવા માટે પૂર્વપુરૂષોએ ચારે અનુયોગમાં કથાનુયોગને પ્રથમ પદ આપેલ છે. બીજા ત્રણે યોગો (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણકરણાનુયોગ, તથા (૩) ગણિતાનુયોગ કરતાં (૪) કથાનુયોગ સામાન્ય બુદ્ધિવાળાને પણ તરતજ અસર કરનાર નીવડે છે. નિતિનાં જે કોઇ નિયમો વાંચકનાં હૃદયમાં ઠસાવવા હોય તે ફક્ત ઉપદેશ આપવા કરતાં તે તે નિયમો આચરવાથી અને તેની આચરણા વખતે કસોટીમાંથી પસાર થનારાઓ આ ભવ અને પરભવમાં કેવી રીતે સુખ, સમૃદ્ધિ અને શાશ્વતસુખ પામે છે તે દૃષ્ટાંતદ્વારા બતાવવાથી તરતજ વાંચકના મન ઉપર અસર કરે છે, તદનુસાર વર્તવા તેની ઇચ્છા થાય છે, અને તે ઉત્તમ ગુણોને આચરીને ઉત્તમ સુખો અને મનની અપૂર્વ શાંતિ તે મેળવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકે છે. આવા ઉચ્ચ ઇરાદાથી અનેક આચાર્યોએ અમુક ઉદ્દેશ ધ્યાનમાં રાખીને કથાઓ લખી છે, અને વાંચનારને સારી રીતે અસર કરનાર અને તે ગુણોનું આચરણ કરાવનાર તે કથાઓ નીવડી છે. દરેક કથામાં દાન, શીલ, તપ અને ભાવ તેમાંથી કોઇ કોઇ ગુણનું લક્ષ્ય રાખેલ હોય છે, અને પ્રાંતે કર્તા તે ગુણોની મહત્વતા સાબીત કરી દેખાડે છે.

સંસારમાંથી તારનાર આ ચારે ગુણો દાન, શીલ, તપ અને ભાવ દરેક મનુષ્યે સમજવા લાયક અને આચારમાં ઉતારવા લાયક છે. આ કથા ખાસ કરીને શિયલ ગુણને અનુલક્ષીને લખવામાં આવી છે, અને કર્તાએ તે વિષય ઉપર બહુ લંબાણથી વિવેચન નહિ કરતાં વાંચનારના લક્ષ્યમાં શિયળ મહાત્મ્ય તરતજ આવી જાય તેવી રીતે તે ગુણનું વર્ણન, તે ગુણની પરીક્ષા અને તે ગુણથી થતી ફળ પ્રાપ્તિ આ પુસ્તકમાં વર્ણવેલ છે. ગ્રંથકર્તાએ આખા ગ્રંથમાં ચિત્રસેન, પદ્માવતી અને રત્નસાર મંત્રીપુત્રની કથા વર્ણવવા પ્રયત્ન કર્યો છે. મુખ્ય ઉદ્દેશ, શિયળ મહાત્મ્ય વર્ણવવાનો રાખેલ છે, પણ સાથે મિત્રસ્નેહ, ધર્મ પ્રીતિ, શૌર્ય, ધીરજ, આપત્તિમાં કસોટી, પત્નીપ્રેમ, મિત્રપ્રેમ, પૂર્વભવનાં સંસ્કારો વિગેરે ગુણો બહુ સુંદર રીતે ચર્ચેલા છે, અને પ્રાંતે ધર્મ કરનાર, સંસાર ઉપર વૈરાગ્ય લાવનાર, સંસાર અસાર છે તે સત્ય રીતે સમજનારજ સુખી થાય છે, આત્મહિત સાધી શકે છે, અને સર્વ સ્થળે સુખ પ્રાપ્તિ કરે છે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સચોટ રીતે આ નાના ગ્રંથમાં દેખાડેલ છે. ચિત્રસેન રાજકુમાર અને રત્નસાર મંત્રીપુત્ર છે, તે બંનેની મિત્રતા, મિત્રતાના પ્રસંગમાં અરસપરસનાં કાર્યો કરવાની તત્પરતા, અને ખાસ કરીને આપત્તિના પ્રસંગમાં બંનેએ દેખાડેલી કાર્યદક્ષતા ખાસ અનુકરણ કરવા લાયક છે. રત્નસાર રાજહઠના પરિણામથી જ્યારે પાષાણ તુલ્ય થઇ જાય છે તે વખતે પદ્માવતીના શિયળની કસોટી દેખાડી તે ગુણના પ્રતાપથી પથ્થર પણ ચેતનવંત થઇ જાય છે તે દેખાડવા ખાસ પ્રયત્ન કર્યો છે. આખી વાર્તા અને સાથે વર્ણવી દેખાડેલ ઉપદેશ વિગેરે ખાસ આકર્ષણ કરે તેવા અને વાંચવા લાયક છે.

આ કથાની સાથે પ્રસંગોપાત પાંચ સુંદર દ્દષ્ટાંતો પણ કર્તાએ દાખલ કરેલા છે. (૧) જિનેશ્વર ભક્તિ તથા મહાભાગ્યનું ફળ દેખાડનાર મંગળકળશની કથા બહુ સુંદર રીતે કર્તાએ લખી છે. (૨) કષાયના કટુક વિપાક ઉપર મિત્રાનંદ–અમરદત્તની વિસ્તૃત કથા ખાસ વાંચવા લાયક છે. તેમાં પરસ્પર મિત્રો માટે સહન કરાતાં દુઃખોનું વર્ણન અસરકારક રીતે લખાયેલ છે. ભાવી કદિ ટળતું નથી તે વિચાર દર્શાવનાર મિત્રાનંદના મૃત્યુની હકીકત પણ ધ્યાન ખેંચે તેવી છે. (૩) બુદ્ધિના વૈભવ ઉપર જ્ઞાનગર્ભ મંત્રીની કથા ખાસ વિચારવા લાયક છે. ભાવી આપત્તિના જ્ઞાનથી બુદ્ધિનો ઉપયોગ કરી આ મંત્રી આપત્તિ ટાળી શકે છે તે કથાનો ભાગ વાંચતાં

હૃદયમાં બુદ્ધિવાદ માટે આકર્ષણ થાય. (૪) થોડા પણ મર્મ કટાક્ષથી બોલાયેલ વાક્યો પછીના ભવામા પણ કેવી હેરાનગતિ કરે છે તે ઉપર અશોકશ્રીનું દૃષ્ટાંત વચનગુપ્તિ સાચવવા પ્રેરણા કરે છે. (૫) દેવીનાં મોહનાં વાક્યોથી લોભાવાથી જિનરક્ષિતનું મૃત્યુ અને તેવા મોહ ઉત્પન્ન કરાવે તેવાં શબ્દોને છોડીને ચાલ્યા જનાર જિનપાલિતે પ્રાપ્ત કરેલી ઋદ્ધિ સિદ્ધિનું ઉપનય ઉતારવા લાયક દૃષ્ટાંત વાંચનારને વૈરાગ્ય અને વિશેષ ધર્મપરાયણતા તરફ દોરનાર છે.

આ પ્રમાણે નાનામોટા પાંચ દૃષ્ટાંતો, તથા હંસ–હંસીના ભવનું ચિત્રસેન–પદ્માવતીનું વર્ણન–વિગેરે બાબતોથી શણગારાયેલ આ પુસ્તક વાંચનારાઓને ખાસ નિતિ તથા ધર્મનાં સૂત્રોનો ઉત્તમ પાઠ શિખવનાર છે. આખો ગ્રંથ ઉપયોગી અને ખાસ મનનપૂર્વક વાંચવા લાયક, અનેક બાબતોને સૂચવનાર અને આદર્શજીવન ગાળવામાં સહાય આપનાર છે.

પ્રશસ્તિમાં લખ્યું છે તે પ્રમાણે આ ગ્રંથ વિ. સં. ૧૫૨૪ માં ગ્રંથકર્તાએ લખેલ છે. શીલતરંગીણી નામના શિયલવ્રતના માહાત્મ્યને દર્શાવનાર ખાસ ઉત્તમ ગ્રંથ ઉપરથી ઉદ્ધરીને આ ગ્રંથ તેમણે લખેલ છે તેમ કર્ત્તા જણાવે છે. આ ગ્રંથ કર્ત્તાનાં બીજા કોઈ ગ્રંથો પ્રસિદ્ધિમાં આવેલ નથી. અંદરની લખેલી કથાઓ બીજા પણ ગ્રંથોમાં પ્રસિદ્ધ થયેલ છે, તેથી તે કથાઓ મૂળ ગ્રંથો ઉપરથી સહજ ફેરફાર સાથે જુદા જુદા કર્ત્તાઓએ લીધી હોય તેમ જણાય છે.

**જૈન સસ્તી વાંચનમાળા**—છ વરસથી ઐતિહાસિક, નૈતિક, તથા ધાર્મિક પુસ્તકો વાર્ષિક રૂા. ૩) ના લવાજમમાં ૧૦૦૦ પાનાનાં ૩–૪, પાકા બાઈન્ડીંગના પુસ્તક તેના ગ્રાહકોને નિયમીતપણે આપેછે અને તેનો લાભ પણ સારી રીતે લેવાય છે. તે ગ્રંથમાળાના સં. ૧૯૮૫ ની સાલના એક મણુકા તરીકે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાની તેમની ઈચ્છા થવાથી યથામતિ સહજ ફેરફાર સાથે આ ગ્રંથનું ભાષાંતર મેં કરી આપેલ છે. વાંચનમાળાનો આ પ્રયાસ સ્તુત્ય અને અનુકરણીય છે. આવી રીતના ચાલુ પ્રયાસથી નાના મોટા અનેક પુસ્તકો અને પ્રસિદ્ધ થયેલા દાનવીર અને ધર્મવીર તથા પરાક્રમશાળી પુરૂષોનાં આદર્શ દૃષ્ટાંતો પ્રસિદ્ધિમાં આવી શકે છે.

પ્રાંતે આ ભાષાંતરમાં થયેલ સ્ખલનાઓ માટે ક્ષમા યાચી શિયળ ગુણ આચરવા વાંચક બંધુ તથા બ્હેનોને ખાસ વિજ્ઞપ્તિ કરી આ પુસ્તકની આ ટુંકી પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

સં. ૧૯૮૪ આસો શુદિ ૧ — કાપડિયા નેમચંદ ગીરધરલાલ.
ભાવનગર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| પ્રકરણ ૧ રાજા વીરસેન અને રાજપુત્ર ચિત્રસેન. | ૧ |
| ,, ૨ અટવીમાં મંદિર અને તે તરફ પ્રયાણ. | ૭ |
| ,, ૩ મંદિરમાંની પુતળી ઉપર ચિત્રસેનનો રાગ. | ૮ |
| ,, ૪ ચિત્રસેનનો પૂર્વભવ. .... .... | ૧૫ |
| ,, ૫ પદ્માવતી સાથે લગ્ન. ... .... | ૧૯ |
| ,, ૬ યક્ષે વર્ણવેલ ભાવી આપત્તિઓ. .... | ૩૧ |
| ,, ૭ ચિત્રસેન ઉપર આપત્તિ. .... .... | ૩૫ |
| ,, ૮ રાજા વીરસેનને વૈરાગ્ય. .... .... | ૩૮ |
| ,, ૯ મંગળકળશની કથા. .... .... | ૪૦ |
| ,, ૧૦ વીરસેન તથા વિમળારાણીએ લીધેલ દિક્ષા. | ૬૫ |
| ,, ૧૧ સર્પનો ઉપદ્રવ અને રત્નસારનું પત્થર થઈ જવું. .... .... .... | ૬૮ |
| ,, ૧૨ રાજાનો વિલાપ અને રત્નસારને પાષાણમય મટાડવા કરેલા પ્રયત્નો. .... | ૭૩ |
| ,, ૧૩ પદ્માવતીનાં શિયળગુણની કસોટી અને રત્નસારના વિઘ્નોનો નાશ. .... | ૭૮ |
| ,, ૧૪ ચિત્રસેનનું શૌર્ય, ઉદારતા તથા પરાક્રમો. | ૮૧ |
| ,, ૧૫ પર્યંક ઉપર તીર્થપર્યટન. .... .... | ૯૦ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૧૬ કેવળી ભગવંતનું આગમન અને ઉપદેશ. .... ૯૩
,, ૧૭ કષાયના કટુક વિપાક ઉપર
મિત્રાનંદ તથા અમરદત્તની કથા. .... ૯૬
,, ૧૮ (મિત્રાનંદ–અમરદત્ત કથાંતર્ગત.)
જ્ઞાનગર્ભ મંત્રીની કથા. .... .... ૧૦૨
,, ૧૯ મિત્રાનંદ અમરદત્તની કથા. (ચાલુ.) ૧૦૮
,, ૨૦ અમરદત્ત–મિત્રાનંદ કથાંતર્ગત.
અશોકશ્રીનું ચરિત્ર. .... .... ૧૩૧
,, ૨૧ મિત્રાનંદના મૃત્યુની હકીકત. .... ૧૩૩
,, ૨૨ મિત્રાનંદ, અમરદત્ત તથા રત્નમંજરીનો
પૂર્વભવ. .... .... .... ૧૩૮
,, ૨૩ અમરદત્ત–રત્નમંજરીનું દીક્ષા ગ્રહણ
અને ઉપદેશાત્મક કથા કથન. .... ૧૪૨
,, ૨૪ કથા ઉપસંહાર અને અમરદત્તનું
મોક્ષગમન. .... .... .... ૧૫૨
,, ૨૫ ચિત્રસેન, પદ્માવતી અને રત્નસારે
કરેલ સંસારત્યાગ અને આત્મસાધના. ૧૫૪
,, ૨૬ ઉપસંહાર તથા લેવા યોગ્ય ઉપદેશ. ૧૫૭

વાંચનમાળામાં વારસીક ગ્રાહક થઈ દર વરસે રૂા. ૩) માં
મળતાં ૧૦૦૦ પાનાનાં ૩–૪ પુસ્તકો જરૂર વાંચજો—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જરા વાંચી લેજો.

જીવનને નૈતિક, ધાર્મિક અને ઉચ્ચ સંસ્કારી બનાવવા, વરસે રૂા. ૩)
જરૂર ખરચશો.

## જૈન સસ્તી વાંચનમાળાએ પ્રગટ કરેલાં પુસ્તકો.

### સં. ૧૯૭૯ નાં

| | | |
|---|---|---|
| + ૧ | કુમારપાલ ચરિત્ર સચિત્ર. ... ... ... | ૧–૪–૦ |
| + ૨ | ભક્તિમાળા. ... ... ... ... | ૦–૮–૦ |

### સં. ૧૯૮૦ નાં

| | | |
|---|---|---|
| ૩ | શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો સચિત્ર. ... | ૧–૪–૦ |
| ૪ | શ્રી આદીનાથ ચરિત્ર ભાષાંતર. ... ... | ૧–૮–૦ |

### સં. ૧૯૮૧ નાં

| | | |
|---|---|---|
| ૫ | સિદ્ધસેન દિવાકર યાને વિક્રમના સમયનું હિંદ. | ૧–૮–૦ |
| ૬ | શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર. ... ... | ૧–૮–૦ |
| + ૭ | શ્રી કેશીમુની યાને પ્રદેશી રાજા. ... ... | ૦–૬ ૦ |
| + ૮ | ધનપાળ પુરોહિત. ... ... ... ... | ૦–૪–૦ |

### સં. ૧૯૮૨ નાં

| | | |
|---|---|---|
| ૯ | જૈનોના મહાન રત્નો. ... ... ... | ૧–૦–૦ |

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલીકમાં નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

+ ૧૦ મહાન્ સંપ્રતિ અને જૈનધર્મનો દિગ્વિજય. ... ૧-૮-૦
૧૧ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૧ ... ૧-૮-૦

## સં. ૧૯૮૩ નાં

૧૨ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૨ ... ૧-૦-૦
૧૩ જગડુશાહ કે જગતનો પાલનહાર. ... ... ૧-૮-૦
૧૪ શ્રી અંબડ ચરિત્ર. ... ... ... ... ૦-૧૦-૦
૧૫ સદ્દગુણી સુશીલા. ... ... ... ૧-૦-૦

## સં. ૧૯૮૪ નાં

+ ૧૬ મગધરાજ શ્રેણિક ચરિત્ર. ... ... ૧-૮-૦
+ ૧૭ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર. ... ... ૧-૮-૦
૧૮ પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ. ... ૧-૪-૦
૧૯ માનતુંગ-માનવતી યાને બુદ્ધિમતી પ્રમદા. ... ૦-૬-૦

સં. ૧૯૭૯ થી ૮૧ નાં પુસ્તકો વાર્ષિક રૂા. ૨) માં અને સં. ૧૯૮૨ થી સં. ૧૯૮૪ નાં પુસ્તકો રૂા. ૩) ગ્રાહકોને અપાયાં છે.

---

## સં. ૧૯૮૫ માં ગ્રાહકોને મળવાનાં પુસ્તકો.

૧ ચંપકશ્રેષ્ઠી કથા.
૨ ચિત્રસેન પદ્માવતી.
૩ સ્થલીભદ્રની નૌકા.
૪ શ્રી અજારા પાર્શ્વનાથ ચરિત્ર.

ચારે પુસ્તકો લગભગ ૧૦૦૦ પાનાનાં થશે.

લખોઃ—**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર—**ભાવનગર.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

॥ श्री जिनाय नमः ॥

શિયલમાહાત્મ્ય દર્શાવનાર

# ચિત્રસેન-
# પદ્માવતીનું ચરિત્ર

## પ્રકરણ ૧ લું.

### રાજા વીરસેન અને રાજપુત્ર ચિત્રસેન.

#### મંગળાચરણ.

नत्वा जिनपतिमाद्यं, पुंडरीकं गणाधिपं ।
शीलालंकार संयुक्तां, साश्चर्यां हि कथां ब्रुवे ॥

પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાન અને શ્રી શત્રુંજય મહાતીર્થનું માહાત્મ્ય દર્શાવનાર તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામીને નમસ્કાર કરીને શિયલના આભૂષણથી યુક્ત અને અત્યંત આશ્ચર્ય ઉપજાવે તેવી એક મનોહર વાર્તા હું કહું છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આજ ભરતક્ષેત્રમાં આવેલ કલિંગ નામના દેશમાં ધન અને ધાન્યથી સંપૂર્ણ રીતે ભરેલ વસંતપુર નામનું એક સુંદર નગર હતું. આ નગરમાં ઘણા ઉંચા મહેલો અને ધનાઢ્ય લોકોનાં આવાસો બંધાવેલા હતા અને લોકોને ક્રીડા માટે તે નગરમાં કુવા અને તળાવો તથા બગીચાઓ સારી સંખ્યામાં રચાવવામાં આવ્યા હતા. આખું નગર સુંદર અને આકર્ષક હતું, અને કુબેરની ઉપમાને યોગ્ય ઘણા શ્રેષ્ઠીઓ તે નગરમાં વસતા હતા અને વ્યાપાર કરતા હતા. તે નગરમાં પ્રજાને પાળવામાં ચતુર, હમેશા પ્રજાનુંજ સુખ જોનાર, પ્રજાના કલ્યાણમાંજ સર્વદા તત્પર, દાનેશ્વરી, શત્રુને દમવામાં શુરવીર, દયાળુ અને આખા ભારત વર્ષમાં જેની કીર્તિ પ્રસરેલી હતી તેવો **વીરસેન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા હમેશાં ધર્મકાર્યમાં પરાયણ રહેતો, ન્યાય આપવામાં તત્પર હતો અને લોકોના સુખની વૃદ્ધિ કેમ થાય તેને માટે આતુર હતો. તેને રૂપ તથા યૌવનથી શોભતી, શીલાલંકારથી વિભૂષિત, સતીઓમાં શિરોમણિ અને સૌભાગ્યાદિક ગુણોથી આનંદ પમાડતી **રત્નમાળા** નામની પત્ની હતી. તે રાજાને બહુ બુદ્ધિશાળી, વિનયમાં તત્પર, ન્યાય કાર્યમાં કુશળ, સુંદર આકૃતિવાળો, ચતુર રાજના શ્રેયમાં અને રાજકાર્યમાં સર્વદા એક ચિત્તવાળો **બુદ્ધિસાર** નામનો એક મંત્રી હતો. તે રાજભક્તિમાં સદા પરાયણ હતો. રાજા વીરસેનને સદાચારમાં તત્પર, દાનેશ્વરી, અને શુરવીર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'**ચિત્રસેન** નામે એક પુત્ર હતો, અને મંત્રી બુદ્ધિસારને રત્નની જેવી કાંતિવાળો સર્વ શાસ્ત્રો તથા સર્વ વિદ્યામાં નિપુણ, સુશીલ અને સત્ય પ્રતિજ્ઞાવાળો **રત્નસાર** નામે એક પુત્ર હતો. રાજપુત્ર ચિત્રસેન અને મંત્રીપુત્ર રત્નસારને અરસ-પરસ અત્યંત સ્નેહ બંધાયેલ હતો, બંને પરમ મિત્રો થઈ ગયા હતા, અને બપોરની છાયાની જેમ બન્ને ગુણવાન હોવાથી–ગુણનું આકર્ષણ થવાથી આ બંનેની પ્રીતિ હમેશાં વધતી જતી હતી.

બંને મિત્રો રાજપુત્ર અને મંત્રીપુત્ર આનંદથી સાથે ક્રીડા કરતા હતા અને શાસ્ત્રાધ્યયન તથા શાસ્ત્રગોષ્ઠીમાં સમય પસાર કરતા હતા, તેવામાં એક વખતે સભામાં બેઠેલ વીરસેન રાજા પાસે આખી નગરીના લોકો–પ્રજાજનો આવ્યા અને નમસ્કાર કરી તેની સમક્ષ ઉભા રહ્યા. મહાજન સમસ્તને કુશળ સમાચાર પૂછીને સન્માનપૂર્વક આવવાનું કારણ રાજાએ પૂછયું. તેમાંથી એક અગ્રેસરે રાજાને ફરીવાર નમસ્કાર કરીને કહ્યું કે–" મહારાજ! તમે આજ સુધી પ્રજાને પુત્રની જેમ પાળી છે, અને અમે આનંદથી અમારો વ્યાપાર કરવામાંજ તત્પર રહીને અમારો સમય આનંદથી પસાર કરીએ છીએ, પણ હાલમાં તમારી પ્રજાને થોડો સંતાપ ઉત્પન્ન થયો છે. રાજકુમાર ચિત્રસેન ખરેખર બુધ્ધિશાળી અને કામદેવની જેવા રૂપવાન્ છે, તેઓ ઈચ્છાનુસાર આખા નગરમાં દિવસ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાત્રીના સમયે ફરે છે. તેમના મનોહર અને આકર્ષક રૂપથી ખેંચાઈને આખા નગરની સ્ત્રીઓ તેઓનું ગૃહકાર્ય છોડી દઈને અને કાર્યની ઉપેક્ષા કરીને તેમની પછવાડે તેમનું રૂપ જોવા ગાંડાની જેમ દોડાદોડ કરે છે; તેથી અમારૂં ગૃહકાર્ય બગડે છે; બાળકો રૂદન કર્યા કરે છે અને અમારે હેરાનગતિ ભોગવવી પડે છે, તેથી આપને નમ્રતા પૂર્વક વિનંતિ કરવાની કે આપે ચિત્રસેન રાજકુમારને સાવધાનતા પૂર્વક રાજમહેલમાંજ રાખવા અને રક્ષણ કરવું. રત્નને સાચવી રાખવામાં અવશ્ય પ્રયત્ન કરવો પડે છે. કહ્યું છે કેઃ—

यस्मिन् कुले यः पुरुषः प्रधानः,
स एव यत्नात् परिरक्षणीयः ।
तस्मिन् विनष्टे हि कुलं विनष्टं,
न नाभिभंगे ह्यरका वहंति ॥

"જેના કુળમાં જે પુરૂષ મુખ્ય હોય-અગ્રેસર હોય તેનું સારી રીતે રક્ષણ કરવું, કારણ કે તેનો નાશ થવાથી આખા કુળનો નાશ થાય છે, ગાડાનાં પૈડાના આરા તેનો વચલો ભાગ ભાંગી જવા પછી ગાડીને વહન કરી શકતા નથી."

આ પ્રમાણે પ્રજા જનની વિનંતિ સાંભળીને રાજાએ મનમાં વિચાર કર્યો કેઃ-"ધન અને યૌવનનો મદ તજી સ્વકાર્યમાં રકત રહે તેજ ખરેખરો ધન્ય-કૃતકાર્ય છે. જે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર પ્રજાને ઉદ્વેગ કરનારો થાય તે પુત્રનું શું પ્રયોજન ? તેવો પુત્ર ન હોય તો પણ શું અયુક્ત ગણાય ? જે સુવર્ણથી કાન ત્રુટી જાય તે સુવર્ણ શા કામનું " આ પ્રમાણે વિચાર કરીને રાજાએ કુમારને કોપપૂર્વક નગર છોડી જવાનો હુકમ કર્યો. અચાનક કોઈ પણ કારણની ખબર પડ્યા વગર આવો દેશવટો મળવાથી કુમારને બહુ ખેદ થયો. ' રાજા પણ વિધિની જેમ મનુષ્યોનું શુભ કે અશુભ હુકમથી કરી શકે છે.'

પિતાની આજ્ઞા માથે ચઢાવીને તરતજ ચિત્રસેન કુમાર હાથમાં ખડ્ગને ધારણ કરીને માતાને નમસ્કાર કરી તેની દેશાટનમાં જવાની રજા લઇને મિત્ર રત્નસારને મળવા અને તેની રજા લેવા મંત્રીના ઘર તરફ ચાલ્યો. છેટેથીજ ઉદ્વિગ્ન મનવાળા રાજપુત્રને આવતો દેખીને મંત્રીપુત્રને આશ્ચર્ય લાગ્યું, અને વિસ્મય ચિત્તપૂર્વક આ પ્રમાણે ઉદ્વેગ થવાનું કારણ તેણે મિત્રને પૂછ્યું. શા માટે તારે દેશાટન જવું પડે છે વિગેરે આગ્રહપૂર્વક તેણે પૂછ્યું, અને મનમાં જે કાંઈ શલ્ય હોય તે કાઢી નાંખવા સૂચવ્યું. મિત્ર લક્ષણ વર્ણવતાં એક પંડિતે કહ્યું છે કેઃ—

ददाति प्रतिगृह्णाति, गुह्यमाख्याति पृच्छति ।
भुंक्ते भोजयते नित्यं, षड्विधं प्रीतिलक्षणं ॥

"દેવું અને લેવું, છાની–ગુપ્ત હકીકત કહેવી અને પૂછવી, હમેશાં ખાવું અને ખવરાવવું. આ છ મિત્રતાનાં–પ્રીતિનાં

લક્ષણો છે. મિત્રના ખરા હિતકર્તા અને હિત સમજનાર હોય તેણે પોતાના મિત્રનો ખાનગીમાં પણ વૃત્તાંત જાણી તેનો ઉપાય કરવો જોઈએ. વળી ખરો મિત્ર તો પ્રત્યક્ષ કાર્યમાં ગુરૂની જેમ સલાહ અને શિક્ષણ આપે છે, ખાનગી કાર્યોમાં બંધુની જેમ એક ચિત્તથી વર્તે છે, કાર્ય આવે ત્યારે નોકરની જેમ ખરા દિલથી કાર્ય કરવા મંડી જાય છે, અને મિત્રને પત્નીનો વિરહ થાય ત્યારે પુત્રની જેમ તેની પ્રતિપાલના કરે છે. આ સાચા મિત્રનાં લક્ષણ છે.

મંત્રીપુત્ર રત્નસારે ચિત્રસેનને આગ્રહપૂર્વક ઉદ્વેગનું કારણ પૂછવાથી તેણે પિતા પાસે રાજદરબારમાં બનેલી હકીકત કહી સંભળાવી અને દેશાટનમાં જવાનો પિતાનો હુકમ અને પોતાનો નિર્ણય જણાવ્યો. આ બધી હકીકત સાંભળીને રત્નસારે કહ્યું કેઃ–"મિત્ર ! તારી વિના હું એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી. આપણા દેહ જુદા જુદા છે, પણ જીવ બંનેનો એકજ છે, તેથી મારો તો નિર્ણય છે કે સુખ કે દુઃખ જે કાંઇ આવી પડે તે જીવિત પર્યંત મારે તારી સાથેજ સહન કરવાનું છે. તેથી 'જ્યાં તું ત્યાંજ હું' તેમ નિશ્ચયપૂર્વક સમજજે. દેશાટનમાં જ્યાં તારે જવાની ઇચ્છા હોય ત્યાં હું અવશ્ય તારી સાથેજ આવીશ." આ પ્રમાણે અતિશય આગ્રહ કરીને મંત્રીપુત્ર પણ તેની સાથે ચાલવા તૈયાર થઈ ગયો, અને બન્ને મિત્રો તે નગર છોડીને ચાલી નીકળ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨ જું.

## અટવીમાં મંદિર અને તે તરફ પ્રયાણ.

અવિલંબ પ્રયાણવડે ચાલતાં તે બંને મિત્રો રાજકુમાર અને મંત્રીપુત્ર સંધ્યા સમયે એક ગાઢ અને ભયંકર અટવીને વિષે આવી પહોંચતાં એક મ્હોટા વૃક્ષ નીચે આરામ લેવા માટે અને રાત્રી પસાર કરવા તેઓ બંને બેઠા. માર્ગના પ્રવાસથી તથા શ્રમ લાગવાથી રાજપુત્રને તરતજ નિદ્રા આવી ગઈ. અને રત્નસાર તેની રક્ષા કરવા તેની પાસે હાથમાં ખડ્ગ ધારણ કરીને જાગતો બેઠો. તે વખતે દૂરથી તેણે કિન્નરની સ્ત્રીઓના ગાયનનો અવાજ સાંભળ્યો. એટલે તરત તેણે ચિત્રસેનને જગાડ્યો. ચિત્રસેન બાળપણથીજ બહુ કૌતુક-પ્રિય હતો, આશ્ચર્યકારક ઘટનાઓ જોવામાં તેને બહુ પ્રેમ હતો, તેથી જે દિશાએથી સંગીતનો અવાજ આવતો હતો તે દિશા તરફ જવા તેણે મિત્રને આગ્રહ કર્યો. તેણે મિત્રને કહ્યું કેઃ–'હું આ કૌતુક જોવા જાઉં છું, અને તું અત્રે શાંતિથી બેસજે.' મિત્રે તેને એકલા જવા દેવાની નાપાડી પણ વળી 'ક્ષત્રિયને ભય શો ?' તેમ કહી તેણે તે દિશા તરફ જવાનો આગ્રહ ચાલુ રાખ્યો, તેથી છેવટે બંને મિત્રો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે દિશા તરફ ચાલ્યા. અનુક્રમે ચાલતાં તેઓએ તે વનના મધ્યભાગમાં એક સુંદર શ્રી યુગાદિદેવનું મંદિર જોયું, અને તે મંદિરના ગર્ભગૃહમાં અનેક દેવ-દેવીઓ તથા કિન્નરોના વૃંદને હર્ષપૂર્વક પ્રભુની ભક્તિ કરતાં તેઓએ જોયાં. તે સ્થળે તેઓ અષ્ટાહ્નિકા મહોત્સવ કરતા હતા, અને દેવીઓ નૃત્ય કરતી હતી અને મધુર સ્વરવડે જિનેશ્વર ભગવાનના ગુણગાન કરતી હતી. જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરીને અને વિધિપૂર્વક તેમની સ્તવના કરીને બંને મિત્રો આનંદ પૂર્વક દેવાંગનાઓનો નાચ જોતાં અને ગાયનો સાંભળતાં મંદિરના મંડપમાં બેઠાં. અનુક્રમે દેવ-દેવીઓ પ્રભુની ભક્તિ કરીને વિસર્જન થઈ.

## પ્રકરણ ૩ જું.

### મંદિરમાંની પુતળી ઉપર ચિત્રસેનનો રાગ.

મંડપમાં બેઠેલા તે મિત્રોએ આસપાસ જોતાં અને ઉપરના ભાગમાં નજર કરતાં દેવાંગના જેવી અતિમનોહર, સુંદર આકારને ધારણ કરવાવાળી એક આકર્ષક પુતળી તેઓએ જોઈ. તે કાષ્ટની પુતળીને જોતાંજ રાજકુમાર ચિત્રસેન તે પુતળીનાં રૂપ ઉપર મોહ પામ્યો અને તેને મૂર્ચ્છા આવી ગઇ.

શિતોપચાર કરીને રત્નસારે તેની મૂર્છા દૂર કરી અને સાવધાન કર્યો. પછી આવી રીતે અચાનક મૂર્છા આવવાનું કારણ તેણે તેને પૂછ્યું. તે સાંભળીને ચિત્રસેને કહ્યું કેઃ-" મને મૂર્છા આવવાનું કારણ આ પુતળી છે. આ પુતળીનું રૂપ જોતાં મને તેના ઉપર અત્યંત મોહ થયો છે, તેથી આ પુતળી કઇ સ્ત્રીના રૂપ અનુસાર બનાવેલી છે તેની તાકીદે તપાસ કરો, અને જે સ્ત્રીના રૂપ અનુસાર આ પુતળી બનાવી હોય તે સ્ત્રીને મારે અવશ્ય પરણવું છે, તેની સાથેજ મારે લગ્ન કરવા છે. તે સ્ત્રી સાથે મારાં લગ્ન નહિ થાય તો હું કાષ્ટભક્ષણ કરીશ. " રત્નસાર આ હકીકત સાંભળીને મિત્રનાં દુઃખથી બહુ દુઃખી થયો, અને તેણે કહ્યું કેઃ-"બંધુ ! આ તારૂં કાર્ય અને તારા વિચારની સફળતા આકાશના પુષ્પની જેમ સુદુષ્કર છે; કારણ કે આ પુતળી કોની બનાવેલી છે અને કોણે બનાવી છે તે આ અટવીમાં કોણ કહેવા સમર્થ છે ? માટે આ આગ્રહ છોડી દે અને દેશાટન ફરવા માટે આપણે ધારેલ ઇચ્છા પાર પાડવા આગળ વધવું જોઇએ. " રત્નસારનો અતિશય આગ્રહ છતાં રાજહઠ હોવાથી રાજપુત્ર કોઇ રીતે સમજ્યોજ નહિ, અને તે પુતળીના અનુસાર રૂપવાળી સ્ત્રીને પરણવાનો આગ્રહ ચાલુ રાખ્યો. સૂર્યોદય થયો ત્યારે પણ રાજપુત્રે પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો, અને તે સ્થળ છોડીને ચાલવાની સ્પષ્ટ ના પાડી. તે વખતે રાજપુત્રના પુન્યયોગથી એક ચાર જ્ઞાન ધારણ કરવાવાળા મુનિમહારાજ

મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. આદીશ્વર ભગવાનની મૂર્તિને નમસ્કાર કરીને તેઓ બહારના મંડપમાં બીરાજ્યા, એટલે બંને મિત્રોએ તે મુનિમહારાજને વંદના કરી, અને વિનયપૂર્વક અંજળી જોડીને તેઓ તેમની સન્મુખ બેઠા. મુનિમહારાજે પણ અવસરોચિત તેમને દેશના આપી, દેશના પૂર્ણ થયા પછી રત્નસાર મંત્રીપુત્રે મુનિમહારાજને ફરીવાર પ્રણામ કરીને પૂછ્યું કેઃ-" મહારાજ ! આ મંડપમાં રહેલ આ પુતળી સુત્રકારે મનઃકલ્પિત ઘડેલી છે, કે કોઇ સુંદરીના રૂપને અનુસરીને ઘડેલી છે ? અને કઈ સ્ત્રીના રૂપને અનુસરીને ઘડેલી છે ? તે કૃપા કરી જણાવો. " મુનિમહારાજે આ પ્રશ્ન સાંભળીને કહ્યું કેઃ-" વત્સ ! કર્ણને સુખ આપનાર આ પુતળીનું અદ્દ્ભુત વૃત્તાંત તમે સાંભળો. "

ધન ધાન્યથી ભરપુર, કંચનપુર નામનું એક સુંદર નગર છે, તે સ્થળમાં ચારે વર્ણના લોકો સુખેથી રહેતા હતા, અને કંચન-મણિ તથા ધન્યધનાદિથી ભરપુર હતા. તે નગરમાં વિશ્વકર્માના[1] અવતાર જેવો ગુણ નામનો એક સુતાર રહેતો હતો, અને ગુણશ્રી નામે તેને પત્ની હતી. તેને ધનદેવ, ધનસાર, ગુણદેવ, ગુણાકર અને સાગર નામના કળાના સમુદ્ર જેવા અને ઉત્તમ ગુણોથી અંકિત થયેલા પાંચપુત્રો હતા. આ સર્વે પુત્રોને તે દેશની ને કાળની રીતિ અનુસાર

૧ નવી નવી વસ્તુઓ અને યંત્રો બનાવવામાં કુશળ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે અભ્યાસ કરાવ્યો હતો, અને બધાને પરણાવીને યોગ્ય ઉમરે બધાને જુદા કર્યા હતા.

આ પાંચે બંધુઓમાં નાનોભાઈ સાગર હતો તે મહા વિચક્ષણ અને બુદ્ધિશાળી હતો, અનેક જાતની કળાઓ કેળવી શકે તેવો હતો, સત્ય અને પ્રમાણિકપણાથી શોભતો અનેક ગુણોથી ભરપુર હતો અને હમેશાં જૈન ધર્મમાં રક્ત હતો. તેને મધુર બોલનારી, પતિના ચિત્તનેજ અનુસરનારી સત્યવતી નામની પત્ની હતી. તે સમયે પદ્મપુર નગરમાં **પદ્મરથ** નામે રાજા હતો, તેને પદ્મશ્રી નામે પત્ની-રાણી હતી, અને તેમને **પદ્માવતી** નામે એક પુત્રી હતી. તે પુત્રી અનેક ગુણોથી શોભતી હતી. વિદ્યાવડે સાક્ષાત્ સરસ્વતી જેવી દેખાતી હતી, અને અનેક કળાઓમાં કુશળ હતી, અને યૌવનવય પ્રાપ્ત થતાં અતિ મનોહર આકર્ષક રૂપવાળી તે જણાતી હતી. એક વખતે રાજસભામાં આવેલી તે રૂપવંતી પુત્રીને યૌવનવય પ્રાપ્ત થયેલી દેખીને રાજાને તેને માટે યોગ્યવર પ્રાપ્ત કરવાની ચિંતા થઇ. કુલ, શીલ, વય અને દેહથી આ કન્યા જેવો લાયક હોય તેવા કોઈ ઉત્તમ પુરૂષને આ પોતાની સુતા આપવાનો તે વિચાર કરવા લાગ્યો.

પુત્રીના અનેક ગુણો અને વિદ્યા તથા કળા વિગેરેથી રંજિત થયેલા પદ્મરથ રાજા જુદા જુદા સ્થળના યોગ્ય ઉમ-રના રાજપુત્રોના ચિત્રો આળેખાવીને રાજપુત્રીને દેખાડવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવ્યો આ પ્રમાણે ઘણા રાજકુમારોનાં રૂપો પદ્માવતીને દેખાડ્યા, સેંકડો રાજપુત્રોનાં ગુણો તેની પાસે વર્ણવ્યાં, પરંતુ કોઇનાં રૂપ કે ગુણ રાજપુત્રીને પસંદ આવ્યા નહિ–કોઇના રૂપ કે ગુણોથી રાજપુત્રીનું મન આકર્ષાયું નહિ. આ પ્રમાણે થવાથી પુત્રીની આવી પ્રકૃતિથી રાજા ઘણો દુઃખી થયો, અને આખી રાજસભા અને આખો પરિવાર પણ ચિંતાયુકત થઇ ગયો.

આ અવસરે શાંતિનાથ ભગવાનની યાત્રા કરવા માટે કંચનપુરમાં રહેનાર તે સાગર નામનો સુતારપુત્ર પોતાની પત્ની અને મિત્રાદિના પરિવાર સહિત પદ્મપુર નગરમાં આવ્યો. શાંતિનાથ ભગવાનની વિધિપૂર્વક પૂજા કરીને તે ભાવપૂજામાં અનેક જાતના સ્તોત્રોવડે ભગવાનની સ્તવના કરતો હતો. તે વખતે સખીઓના પરિવારથી પરવરેલ રાજપુત્રી પદ્માવતી પણ તે મંદિરમાં આવી. પુરૂષ ઉપર રાજપુત્રીને દ્વેષ થયો હતો, તેથી તે જિનમંદિરમાંથી સર્વ પુરૂષોને તેની સખીઓએ દૂર કર્યા, અને ત્યાર પછી રાજપુત્રીએ મંદિરમાં પ્રવેશ કર્યો. બધા પુરૂષો રાજભયથી દૂર ચાલ્યા ગયા, પણ તે સાગર કુતૂહળવડે તે રાજપુત્રીને જોવા જિનમંદિરમાં એક સ્થળે સંતાઇ ગયો, અને તેણે રાજપુત્રીને બરોબર નિહાળી તેના અદ્દભૂત મનોહર રૂપથી તે તેના ઉપર મોહિત થયો, તેનું ચિત્ત તેના તરફ આકર્ષાયું અને તેણે વિચાર્યું કેઃ–" આ

તે શું કિન્નરી હશે ? કે નાગકન્યા હશે ? કે વિદ્યાધરી હશે ? આવું સુંદર રૂપ મનુષ્ય સ્ત્રીમાં હોય તે ખરેખર આશ્ચર્ય છે. આવા ઉત્તમ રૂપ અને ગુણવાળી છતાં આ કન્યા કેવી રીતે આવા દોષોથી દૂષિત થઈ પુરૂષ દ્વેષિણી તે કેમ થઇ હશે ? તેના બધા ગુણો નિરર્થક થઇ ગયા છે.

કહ્યું પણ છે કેઃ—

यथा दिनं विना सूर्यं, विना दीपेन मंदिरं ।
यथा कुलं विना पुत्रं, तथा नाथं विना स्त्रियः ॥

" જેવી રીતે સૂર્ય વિના દિવસ, દીપક વિના ઘર અને પુત્ર વિના કુળ શોભતું નથી, તેવી રીતે નાથ–પતિ વગર સ્ત્રી શોભતી નથી. "

આ પ્રમાણે ખાનગીમાં છુપાઇ રહેલ સાગર વિચાર કરતો હતો, તે વખતે શ્રી શાંતિનાથને નમસ્કાર કરીને રાજપુત્રી પોતાના સખીવૃંદની સાથે ગૃહ તરફ ગઈ. પછી શાંતિનાથની ભકિત કરીને, અને યથાશકિત સંઘની પૂજા કરીને સાગર કૃતકૃત્ય થઈને યાત્રા પૂર્ણ કરી પોતાને ગામ પાછો આવ્યો.

આ સાગર બહુ કુશળ સુત્રકાર હતો. તેણે સ્વદેશમાં આવીને કૌતુકથી પદ્માવતીના રૂપના અનુસારજ એક સુંદર કાષ્ટની પુતળી બનાવી, અને આ સ્થળે તેણે તેને સ્થાપન કરી"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે તે પુતળીનો વૃત્તાંત સાંભળીને રાજપુત્રને તે રાજપુત્રી તરફ ફરીથી પણ બહુ મોહ થયો, અને મૂર્છા આવવાથી તે ફરીથી ભૂમિ ઉપર પડી ગયો. શીતોપચારથી તે સચેતન થયો, ત્યારે તેનાં દુઃખથી રત્નસાર પણ બહુજ દુઃખી થયો, અને તેણે મુનિમહારાજને ફરીથી પૂછયું કેઃ–" મહાત્મન્ ! આ મારા મિત્રને આ પુતળી દેખવાથી મૂર્છા આવી ગઇ, અને તે ભૂમિ ઉપર પડી ગયો તેનું શું કારણ તે આપ કૃપા કરીને જણાવો. મને આ બનાવથી બહુ આશ્ચર્ય લાગ્યું છે. એક કાષ્ટની પુતળી દેખીને મૂર્છા આવી જાય તે મહા ચમત્કારી હકીકત છે, તો તેનું કારણ જણાવી મારા મનમાં રહેલ સંદેહ દૂર કરવા કૃપા કરો " આ પ્રમાણેની વિનંતિ સાંભળીને મુનિમહારાજ અમૃત જેવી મીઠી વાણીવડે બોલ્યા કેઃ–" વત્સ ! તારી ઈચ્છા છે તો સાંભળ–પૂર્વભવમાં જે બનાવ તારા મિત્રના સંબંધમાં બન્યો છે તે બરોબર હું તને કહી સંભળાવું છું."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૪ થું.

## ચિત્રસેનનો પૂર્વભવ.

"આ ભરતક્ષેત્રના દ્રવિડદેશમાં ચંપાનગરીની નજીકમાં એક બહુ સુંદર ચંપકવન હતું. તે વનમાં ચંપો, અશોક, પુન્નાગ, લવંગ, અગર, ચંદન, સહકાર વિગેરે અનેક પ્રકારનાં વૃક્ષો ઉગેલાં હતાં, તે વનની અંદર સુંદર મીઠા પાણીથી ભરેલ, આસપાસ પગથીઓથી શોભતું એક સુંદર સરોવર હતું. તે સરોવર કમળનાં પુષ્પ સમૂહથી અલંકૃત હતું, વળી તે સરોવરમાં હંસ, કલહંસ, ચક્રવાક, બગલા, સારસ વિગેરે અનેક જાતનાં પક્ષીઓ આનંદથી ક્રીડા કરતા હતા. એક વખતે કોઇ એક મોટો સાર્થવાહ ફરતો ફરતો તે સરોવરની નજીક આવ્યો, અને પોતાના સાર્થની સાથે ત્યાં તેણે પડાવ નાંખ્યો. તે સુંદર સરોવરમાં સ્નાન કરીને સાથે રહેલ જિનેશ્વરનાં બિંબની યથાવિધિ પૂજા કરીને ભોજનનો સમય થતાં 'જો કોઈ અતિથિ મળી જાય તો તેને જમાડીને જમું' તેવી ઈચ્છાથી દિશાનું અવલોકન કરવા લાગ્યો. સરોવરના તટ ઉપર ઉભા રહીને તે શુભભાવથી આસપાસ જોવા લાગ્યો, તે સમયે તેના મહાપુન્યથી આકર્ષાઇને એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માસક્ષમણુ કરનાર મુનિમહારાજ પારણા નિમિત્તે તે સ્થળે આવ્યા. તેમને દેખીને હર્ષથી ઉભરાઇ જતા હૃદયવડે તે સાર્થવાહે તેમને ભિક્ષા માટે આમંત્રણુ કર્યું અને તે ઉત્તમ મુનિમહારાજને પ્રાસુક અન્ન તેણે ભક્તિપૂર્વક વહોરાવ્યું. તે વખતે એક હંસ-હંસલીનું જોડલું પાસેના વૃક્ષ ઉપર બેઠેલ હતું, તેણે તે સાર્થેશથી અપાતા દાનની મનમાં બહુ અનુમોદના કરી, અને તેવા શુભ ભાવવડે તે બંનેએ મોટું પુન્ય ઉપાર્જન કર્યું. તેજ વનમાં એક મોટું વડનું ઝાડ હતું, તે વૃક્ષ ઉપર તે હંસ-હંસીએ હંસીને પ્રસૂતિસમય નજીક હોવાથી એક માળો બાંધ્યો. અનુક્રમે તે હંસીએ બે બાળકોને જન્મ આપ્યો. પરમ સ્નેહથી યુક્ત તે બંને હંસ હંસી તેમને અહર્નિશ પોષતા હતા. એક વખતે તે વનમાં અંદર અંદર વૃક્ષો ઘસાવાથી સર્વને બાળી નાંખે તેવો, મહા ભયંકર દાવાનળ ઉત્પન્ન થયો. તે દાવાનળના તાપથી આકુળ વ્યાકુળ થઇ જઇને હંસે હંસીને કહ્યું કેઃ–“હું બંને બાળકોની રક્ષા કરૂં છું. તું તાકીદે જઇને પાણી લઇ આવ.” તે સાંભળી હંસીએ કહ્યું કેઃ–“હું બાળકોની રક્ષા કરીશ, તમે જઇને જલદી પાણી લઈ આવો. બાળકના પાલનમાં જેવી માતા સમર્થ હોય છે તેવા પિતા હોતા નથી.” આ પ્રમાણે હંસીનાં વચનો સાંભળીને સ્નેહથી આર્દ્ર થયેલ ચિત્તવાળો હંસ તરતજ સર્વને માટે પાણી લેવા ગયો, અને એક સરોવરમાંથી ચાંચમાં પાણી ભરીને આવતો હતો; પરન્તુ

દાવાનળથી તેને આક્ત્તાં કાંઈક ઢીલ થઈ ત્યારે હંસી અત્યંત તાપથી તૃષિત થયેલ હોવાથી વિચારવા લાગી કે:–"અહો ! હંસ તદ્દન સ્નેહ વગરનો અને બીકણ છે. તે મને તથા બાળકોને મૂકીને ક્યાં ચાલ્યો ગયો ? ખરેખર પુરૂષો બધા નિર્દય અને ક્રૂર હૃદયવાળા હોય છે. તેઓ પોતાનો જીવ બચાવવા સ્નેહ કે સ્નેહીની પણ દરકાર કરતા નથી. તેઓ બહુ સ્વાર્થી હૃદયવાળા હોય છે. હંસ અમને છોડીને ચાલ્યો ગયો તે સામું જોવા પણ આવતો નથી." આવા અશુભ અધ્યવસાય તેને વર્તતા હતા, અને પુરૂષજાતિ ઉપર તેને દ્વેષ થયો હતો, તેવે સમયે દાવાનળનો અગ્નિ તે વટવૃક્ષની નજીક આવી ગયો, અને અપત્ય સ્નેહથી ખેંચાયેલ તે હંસી તથા તેનાં બાળકો અગ્નિમાં બળી ગયા. મુનિ મહારાજને આપેલ દાનની અનુમોદનાથી તે હંસીએ મનુષ્યભવ પ્રાપ્ત કર્યો અને ત્યાંથી મરીને રત્નપુર નગરમાં પદ્મરથ રાજાની પદ્મશ્રીની કુક્ષિમાં તે પુત્રીપણે ઉત્પન્ન થઈ.

હંસ જળને સરોવરમાંથી ગ્રહણ કરીને તે વૃક્ષની પાસે આવ્યો, ત્યારે તેણે બાળકો સહિત હંસીને મૃત્યુ પામેલી દેખી. પત્નીનું મૃત્યુ તેને દુસ્સહ લાગ્યું, બાળકોના સ્નેહથી તેને અત્યંત ખેદ થયો, અને તેજ ક્ષણે સ્નેહથી ખેંચાઇને હૃદયમાં આઘાત થવાથી તે મૃત્યુ પામ્યો, અને તેજ સ્થળે દાવાનળની અગ્નિમાં પડીને બળી ગયો. તે પણ મુનિમહારાજને

૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપાયેલ દાનની અનુમોદનાથી મનુષ્ય થયો, અને શુભ પુન્ય-યોગે તે ચિત્રસેન રાજપુત્ર થયો.

ગતભવમાં સંબંધમાં આવેલ જીવને દેખીને મોહનીય કર્મના પરિણામે પૂર્વના અભ્યાસથી મન તેના તરફ ખેંચાય છે. આ પ્રમાણે હોવાથી ચિત્રસેનનું મન તેની પૂર્વભવની પત્ની તરફ આકર્ષાયું છે. આ પ્રમાણે પૂર્વભવનો વૃત્તાંત સાંભળીને ચિત્ર સેનને તરતજ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ તેણે દીઠો, મુનિએ કહ્યું તદનુસાર સર્વ અનુભવ્યું અને હાથમાં રહેલ આમળાની જેમ સર્વ વૃત્તાંત તેને દૃષ્ટિગોચર થયો. મુનિમહારાજને તેણે પુનઃ પુનઃ પ્રણામ કર્યા અને કહ્યું કેઃ–"અહો ઉપકારી મુનિરાજ ! આપે કહેલ બધી હકીકત ખરોખર સત્ય છે. મારા પૂર્વભવમાં તેજ પ્રમાણે બનેલ છે, આપે આટલી કૃપા કરી તો વિશેષ કૃપા કરીને આપ જણાવો કે તે મારી પ્રિયા મને મળશે કે નહિ ? અને મળશે તો કેવી રીતે મળશે ?" મુનિમહારાજે કહ્યું કે–" હાલ તો તે તેના પિતાને ઘેર રહે છે, પણ તે પુરૂષદ્વેષિણી થઇ ગઇ છે. કોઇ પણ પુરૂષનું નામ સુદ્ધાં તેને રૂચતું નથી." પુરૂષદ્વેષિણી થવાનું ચિત્રસેને કારણ પૂછ્યું, તેના ઉત્તરમાં મુનિએ કહ્યું કે–"પૂર્વભવનો વૃત્તાંતજ આ બાબતમાં કારણભૂત છે. જ્યારે હંસીના ભવમાં તે દાવાનળથી બળીમરી ત્યારે તેણે વિચાર્યું હતું કે અહો ! હંસ કેવો સ્વાર્થી !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશા અને બાળક ઉપરના સ્નેહને છોડી દઇને પોતાનો જીવ બચાવવા હંસ સ્વાર્થી થઇને ચાલ્યો ગયો. અહો ! પુરૂષપણાને ધિક્કાર છે !" આ પ્રમાણે પુરૂષો તરફ ગતભવમાં થયેલ દ્વેષને પરિણામે તે આ ભવમાં પુરૂષદ્વેષિણી થઇ છે. તેના આવા વર્તનથી તેના માતાપિતાને અત્યંત સંતાપ થાય છે, પણ તેઓનો તેમાં કાંઇ ઉપાય ચાલતો નથી. તમારો મેં કહેલ પૂર્વભવનો આ વૃત્તાંત એક પટ ઉપર આળેખીને તેને દેખાડશો, એટલે તેનો પુરૂષ ઉપરનો દ્વેષ નાશ પામી જશે અને તે તમને અવશ્ય પરણશે." આ પ્રમાણે કર્ણને મધુર લાગે તેવી અમૃત જેવી મુનિમહારાજની વાણી સાંભળી તેમને વારંવાર પ્રણામ કરી તે બન્ને મિત્રો ત્યાંથી આગળ ચાલ્યા.

## પ્રકરણ ૫ મું.

### પદ્માવતી સાથે લગ્ન.

આગળ ચાલતાં રાજપુત્રે મંત્રીપુત્રને કહ્યું કે-" મિત્ર વર્ય ! તે સ્ત્રી પ્રાપ્ત કરવાનો ઉપાય હવે તું તાકીદે કર. જેમ બને તેમ તાકીદે તે રાજપુત્રી મને મળે તેવો ઉદ્યમ હવે તારે કરવો પડશે." રત્નસારે તે સાંભળીને કહ્યું કે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"પહેલા આપણે રત્નપુર નગરીએ જઇએ, તે સ્થળે બધું સારૂં થઈ રહેશે, ઈપ્સિત વસ્તુનો સંયોગ બની જશે." આ પ્રમાણે નિર્ણય કરીને અનેક સ્થળનાં જુદાં જુદાં કૌતુકો જોતાં તેઓ તે નગરી તરફ ચાલ્યા. અનુક્રમે પ્રયાણ કરતાં તેઓ રત્નપુરની નજીક આવી પહોંચ્યાં, અને નગરની બહાર રહેલ વાવ, કુવા, સરોવર, ઉપવન તથા આરામગૃહો જોતાં જોતાં તેઓ આગળ વધ્યા. છેવટે તેઓ તે નગરના દરવાજા નજીક આવી પહોંચ્યા. તે વખતે સંધ્યા-સમય થતાં ધનંજય યક્ષના મંદિર પાસે તેઓ આવ્યા, અને એક ખુણામાં વિસામો લેવા અને રાત્રી પસાર કરવા તેઓ બેઠા. જે દિવસે તેઓ તે મંદિરમાં રહ્યા તે કાળી-ચૌદશની રાત્રી હતી, તેથી રાત્રે તે મંદિરમાં ભૂત, વેતાલ, રાક્ષસ કિન્નરો વિગેરે ઘણા એકઠા થયા. આ પ્રમાણે પ્રત્યેક માસની અંધારી ચતુર્દશીએ તેઓ એકઠા થતા હતા, અને ગીત તથા વાદ્ય સહિત નૃત્ય કરીને તેઓ આનંદ મેળવતા હતા. જ્યારે મૃદંગનો અવાજ થયો ત્યારે કુમાર ચિત્રસેન નિદ્રામાંથી જાગી ગયો અને પોતાના હૃદયમાં અતિશય વિસ્મય પામતો તે કુતૂહલ તથા નૃત્યાદિ જોવા લાગ્યો. કોઈ સુંદર વીણા વગાડતું હતું, અને કોઈ સુંદર નાચ કરતું હતું. આ કૌતુક જોવાથી કુમારનું ચિત્ત બહુ આકર્ષાયું, અને સાહસપૂર્વક હૃદયમાં ધૈર્ય ધારણ કરીને હાથમાં તરવાર લઇને તે તેઓની સભાની મધ્યમાં ગયો. તેને દેખીને બધા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવો વિસ્મયપૂર્વક તેના તરફ જોવા લાગ્યા, અને 'મનોહર આકૃતિવાળો આ કોણ છે?' તેમ પરસ્પર તેઓ પૂછવા લાગ્યા. તે વખતે ધનંજય યક્ષે કહ્યું કે-"મંદિરમાં રહેલ આ મારો અતિથિ છે, તેથી તેનું આતિથ્ય કરવું તે આપણી ફરજ છે. આગંતુકનું આતિથ્ય કરવું તે સત્પુરૂષની ફરજ છે." યક્ષનાં આવાં વચનો સાંભળીને સમય જાણનાર કુમાર તરતજ અંજળી જોડી સર્વને પ્રણામ કરી સુંદર મિષ્ટ વચનોવડે બોલ્યો કે—

अद्य मे सफलं जन्म, अद्य मे सफला क्रिया ।
अद्य मे सफला वाचो, यज्जातं तव दर्शनम् ॥

'આજે તમારા સર્વનું મને દર્શન થયું તેથી આજે મારો જન્મ સફળ થયો, મારી બધી ક્રિયા સફળ થઈ, અને મારી વાણી પણ આજે સફળ થઈ. આ પ્રમાણેના વિનયપૂર્વક ઉચ્ચારેલાં તેના શબ્દોથી યક્ષ બહુ ખુશી થયો અને તેના તરફ જોઈને તે બોલ્યો કેઃ-"મારાં વચનના પ્રભાવથી તું હમેશાં યુદ્ધમાં વિજય પામીશ, કોઇ સ્થળે તારો પરાભવ થશે નહિ." આ પ્રમાણે ઉત્તમ વર યક્ષ પાસેથી મેળવીને કુમાર જે સ્થળે તેનો મિત્ર સુતો હતો ત્યાં પાછો આવ્યો, અને મિત્રને જગાડીને બધી હકીકત કહી સંભળાવી. સન્મિત્રથી કાંઇપણ ગુપ્ત રાખવાનું હોતુંજ નથી. પ્રાતઃકાળ થતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંને મિત્રો સરોવરને કિનારે પ્રાતઃકાર્યો કરીને નગરમાં દાખલ થયા અને બજારમાં આવ્યા.

આ સમયે રાજાનો ગામમાં પટહ વાગતો હતો. પટહ-દ્વારા રાજા ઉદ્‌ઘોષણા કરાવતો હતો કેઃ–"મારી પુરૂષદ્વેષીણી પુત્રીને જે કોઈ સાજી કરશે–તેનો પુરૂષદ્વેષ જે કોઈ મટાડશે તેને મારૂં અર્ધું રાજ્ય અને મારી પુત્રી વિવાહમાં આપીશ." આ પ્રમાણેનો પટહોદ્‌ઘોષણા સાંભળીને જ્ઞાની મુનિમહારાજનાં વચનો સંભારીને કુમાર એક ઉત્તમ ચિત્રકારની પાસે ગયો અને જેવું ચરિત્ર તેણે મુનિમહારાજ પાસેથી સાંભળ્યું હતુ તેજ ચરિત્ર બતાવનારૂં એક સુંદર ચિત્ર તેણે તૈયાર કરાવ્યું. 'જ્યારે પુન્યનો ઉદય થાય છે ત્યારે માણસને અવશ્ય ઈચ્છિતની પ્રાપ્તિ થાય છે.'

રત્નસાર તે ચિત્રપટ્ટને હાથમાં લઈને ભમવા લાગ્યો અને ગીતનાદપૂર્વક તે લોકોને રંજન કરવા લાગ્યો. આ ચિત્ર અતિ મનોહર હતું, તેની વાત તથા તે સાથે ગવાતા ગાયનની હકીકત આખા નગરમાં ફેલાઇ ગઈ. અનુક્રમે તે હકીકત પદ્માવતીના કર્ણદ્વાર સુધી પહોંચી અને તે ચિત્રપટ્ટ જોવાની તેને અત્યંત ઉત્કંઠા થઇ. તેણે તે ચિત્રપટ્ટને પોતાના આવાસમાં મંગાવ્યો અને તેને જોતાંજ તે કુમાર ઉપર એકદમ અનુરાગવાળી થઇ ગઈ. તેણે તે ચિત્રપટ્ટમાં ઉત્તમ વન, અનેક કમળોથી શોભતું મનોહર સરોવર, તેની નજીક રહેલ વટવૃક્ષ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હંસ–હંસીનું યુગલ, હંસીને થયેલ અપત્ય પ્રાપ્તિ, વનમાં લાગેલ દાવાનળ, હંસી તથા તેનાં બાળકોને લાગેલ તૃષા, તેમને છોડીને હંસનું પાણી માટે ગમન, પાંખમાં પાણી લઈને આવતો હંસ, વિગેરે બધી હકીકત તેણે લક્ષ્યપૂર્વક તે ચિત્રપટ્ટમાં જોઈ. વળી બાળકો સહિત દાવાનળમાં હંસીનું થયેલ મૃત્યુ તથા હંસનું ત્યાં પુનરાગમન થતાં પત્ની તથા બાળકોને મૃત્યુ પામેલ જોઇને હંસને થયેલ અત્યંત સંતાપ પણ તેણે જોયો. વળી વિયોગ દુઃખથી દુઃખિત થયેલ હંસને દાવાનળમાં ઝંપાપાત કરતો જોઈને તેને અત્યંત આશ્ચર્ય અને ખેદ થયો. આ પ્રમાણેનું સુંદર ચિત્રપટ્ટ લક્ષ્યપૂર્વક જોતાં અને તેનો ઉહાપોહ કરતાં તે રાજપુત્રીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને તરતજ તે પૃથ્વીતળ ઉપર પડી ગઈ; તેને મૂર્છા આવી ગઇ. શીતોપચારથી સખીઓએ તેને સચેતન કરી ત્યારે તે વિચારવા લાગી કેઃ–“અહો ! હંસનું મારા કારણેજ મૃત્યુ થયું. મારો વિયોગ ન સહન થવાથી તેણે દાવાનળમાં ઝંપાપાત કરી મૃત્યુનું શરણ સ્વીકાર્યું. અહો ! મેં વિચાર્યા વગરજ તે સમયે પુરૂષજાતિ ઉપર દ્વેષ કર્યો, અને તેને પરિણામે આ ભવમાં હું પુરૂષદ્વેષીણી થઈ. આ ચિત્ર ખરેખર તે હંસના જીવેજ મને જાગ્રત કરવા બનાવેલ જણાય છે. આ પ્રમાણે તે સખીઓ સાથે વાતચિત કરતી હતી તે વખતે મિત્રને સાથે લઇને ચિત્રસેન કોઈ સ્થળે ચાલ્યો ગયો. ગવાક્ષમાંથી નીચે જોતાં જ્યારે તેણે ચિત્રવાહક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા તેની સાથે રહેલ કુમારને દેખ્યો નહિ, ત્યારે તે એકદમ બોલી ઉઠી કેઃ–“ અહો ! આ નીચે ઉભા રહેલ મારૂં મન ચોરી જનાર અને મારા ચિત્તને આકર્ષનાર તે મારા પ્રિયતમ ક્યાં ચાલ્યા ગયા ? અરે સખીઓ ! તેને તાકીદે અહીં લાવો, તેની તપાસ કરો અને જે સ્થળેથી તે મળે ત્યાંથી તેને જલદી અહીં મારી સમક્ષ લાવો. ” આ પ્રમાણે તે વિલાપ કરવા લાગી, અને પ્રિયતમના ચાલ્યા જવાથી અત્યંત દુઃખિત થઈને તે શોક કરતી હતી, તે વખતે સખીઓએ મધુર વાકયોવડે તેને આશ્વાસન આપ્યું અને શાંત કરી.

ત્યાર પછી પુત્રીને યોગ્ય વરની પ્રાપ્તિ થાય તે માટે પદ્મરથ રાજાએ સ્વયંવર મંડપ રચાવ્યો અને અનેક સ્થળનાં રાજાઓ અને કુમારોને સ્વયંવરમાં નોતર્યા. અનેક રાજાઓ અને કુમારો ઉત્તમ અલંકાર અને વસ્ત્રાદિ ધારણ કરીને પદ્માવતીના સ્વયંવરમાં તેને પરણવાની હોંશથી ઉતાવળા ઉતાવળા પદ્મપુર નગરમાં આવ્યા, તેઓ દરેકને ઉદ્યાનાદિકમાં જુદે જુદે સ્થળે ઉતારા આપ્યા, તેમનું યથોચિત આતિથ્ય કરવાનો બંદોબસ્ત કર્યો, અને અનેક પ્રકારનાં આશ્ચર્ય તથા કુતુહળાદિ જોતા તેઓ સ્વસૈન્ય સહિત આનંદથી નગરમાં ભ્રમણ કરવા લાગ્યા. સ્વયંવરને માટે એક સુંદર મંડપ તૈયાર કરાવવામાં આવ્યો. અનેક પ્રકારની પુતળીઓ તથા ધ્વજા–પતાકાદિકથી તે મંડપને શોભાવવામાં આવ્યો અને જુદી જુદી જાતનાં ચિત્રામણો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરાવી તે મંડપને શોભાવવામાં આવ્યો. આવેલ રાજાઓ અને રાજકુમારો મંડપની મનોહર શોભા જોઈને બહુ રાજી થયા–આનંદ પામ્યા. પદ્મરથ રાજાએ સ્વયંવરમંડપની અંદર સુંદર સિંહાસનની હાર ગોઠવી અને કર્પુર, અગર, કસ્તુરી વિગેરેના વાસથી સુગંધિત થયેલ તે મંડપને જુદી જુદી જાતના પુષ્પ, હાર તથા તોરણોથી અલંકૃત કર્યો. સ્વયંવર માટે આવેલ બધા કુમારો નિયત કરેલ સમયે તે મંડપમાં આવ્યા. તેઓના અલંકાર અને વસ્ત્ર તથા તેમણે ધારણ કરેલ શસ્ત્ર વિગેરેથી તેઓ અદ્દભુત શોભા ધારણ કરતા હતા. જ્યારે તે કુમારો યથોચિત આસન ઉપર ગોઠવાઈ ગયા ત્યારે તે મંડપમાં જુદા જુદા અનેક પ્રકારના નૃત્ય થવા લાગ્યા, ગાયનો ગવાવા લાગ્યા અને મંડપમાં આવનારાઓનું મન આકર્ષાય તેવા વાજિત્રો વાગવા લાગ્યા. બધા કુમારો યોગ્ય આસને ગોઠવાઈ ગયા એટલે પદ્મરથ રાજા ઉભા થયા, અને સર્વને ઉદ્દેશીને તેણે કહ્યું કેઃ–" આ મારા હાથમાં રહેલ કુળક્રમથી આવેલ અમારૂં વજ્રસાર ધનુષ્ય છે. તે ધનુષ્યને ઉપાડીને તેની મધ્યમાં જે કોઈ કુમાર બાણને આરોપશે તેને મારી પુત્રી સ્વયંવરમાં આપવામાં આવશે–મારી પુત્રી સાથે તેનો વિવાહ કરવામાં આવશે." આ પ્રમાણેનાં રાજાનાં વચનો સાંભળીને તે કુમારો ગર્વ સહિત અંદર અંદર બોલવા લાગ્યા કેઃ–"અહો ! આમાં તે શું મોટું પરાક્રમ કરવાનું છે? ધનુર્વિદ્યા તો આપણી કુળ ક્રમાગત વિદ્યા છે. આ કાર્ય કરવું તે આપણે માટે જરા પણ દુષ્કર નથી."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સમયે સર્વ અવયવો ઉપર ઉત્તમ અલંકારો તથા વસ્ત્રાદિ ધારણ કરીને સખીઓના સમુદાય સાથે રાજપુત્રી પદ્માવતી સ્વયંવર મંડપમાં આવી. સોનાની લાકડી હાથમાં રાખીને પ્રતિહારી તેની આગળ ચાલતી હતી અને તાજા વિકસેલા પુષ્પોની સુંદર વરમાળા તેણે હાથમાં ધારણ કરી હતી. સર્વ દાસીનો પરિવાર તેની સાથે જુદી જુદી ક્રિયા કરતો હતો. કોઇ તેને મનોહર તાંબુળ આપતી હતી, તો કોઇ સુગંધી પંખાવડે તેને પવન ઢાળતી હતી. કોઈ તેના ઉપર છત્ર ધારણ કરતી હતી, તો કોઈ ચામર વીંજતી હતી. સખીઓના પરિવારથી પરવરેલી પદ્માવતી જ્યારે મંડપમાં આવી ત્યારે જેવી રીતે ચંદ્રમા આખા પૃથ્વી મંડળ ઉપર કાંતિ ફેલાવે છે, તેવી રીતે તેની કાંતિવડે આખો મંડપ શોભાયમાન થઇ ગયો. મંડપમાં રહેલ ધનુષ્યને દેખીને રાજકન્યા વિચારવા લાગી કે:–" અરે ! મારો મન માન્યો પ્રિયપતિ આ ધનુષ્ય ઉપર બાણ કેવી રીતે ચઢાવશે ? " આ પ્રમાણે ચિંતાથી આકુળવ્યાકુળ થયેલી તે મંડપના મધ્ય ભાગમાં આવી, ત્યારે તેની સખીએ સુવર્ણની લાકડીના અવાજથી સર્વને બોલતા બંધ કર્યા. સર્વે કુમારો પોતાના આસનમાં સાવધાન થઇને બેઠા, તેમને ઉદ્દેશીને વેત્રિણીએ કહ્યું કે:–"તમે બધા શૂરા અને ગંભીર છો, અને કન્યાને વરવાની ઇચ્છાથી અત્રે આવેલ છો, તો રાજાજ્ઞા પ્રમાણે તમે ધનુષ્ય ઉપર બાણ ચઢાવો અને ધનુષ્યને ઉંચું કરો." તેનાં આવાં વચનો સાંભ-

ળીને તરતજ લાટ દેશનો રાજા રાજપુત્રીને વરવાની ઇચ્છાથી આસન ઉપરથી ઉઠેલો થયો, અને પોતાનું ઉત્તરીય વસ્ત્ર સરખું કરીને તે ધનુષ્ય પાસે આવ્યો. આનંદથી આકુળ વ્યાકુળ થતો તે ધનુષ્યને ઉંચું કરવાની ઇચ્છાથી જ્યારે તે ધનુષ્ય પાસે આવ્યો, ત્યારે જાણે કે તે જન્માંધ હોય તેમ તેણે તે ધનુષ્ય દેખ્યુંજ નહિ. તેના હસ્તમાં તે ધનુષ્ય આવ્યુંજ નહિ, અને ફોકટ તે આમ તેમ ફાંફાં મારવા લાગ્યો. તે દેખીને આખી સભા હાસ્ય કરવા લાગી અને અન્ય કુમારો પરસ્પર તાળીઓ દેવા લાગ્યા. લજ્જાથી નીચું મુખ કરી પોતાના આસન પાસે પાછો આવી તે શરમાતો શરમાતો નીચે બેસી ગયો.

ત્યાર પછી બાહુના બળથી ગર્વને ધારણ કરતો કર્ણાટકનો રાજા કન્યાને વરવાની ઇચ્છાથી હાથમાં ધનુષ્ય ઉપાડવા તૈયાર થયો અને ધનુષ્યની નજીક ગયો. તે વખતે તે ધનુષ્યની આસપાસ વિકરાળ સર્પને દેખીને ભયથી આકુળવ્યાકુળ થઇ જઇને તે પોતાની બેઠક તરફ પાછો દોડી ગયો અને આખો મંડપ તેને દેખીને હસવા લાગ્યો. ત્યાર પછી પરાક્રમી કાશ્મીરનો રાજા મનમાં અહંકાર રાખતો અને મૂછ ઉપર હાથ ફેરવતો તે ધનુષ્ય પાસે ગયો, ત્યારે તેણે દેવાધિષ્ઠિત તે ધનુષ્યને ચોતરફ અગ્નિથી વીટાયેલ દેખ્યું, જેથી ધનુષ્યનો સ્પર્શ પણ કર્યાવગર તે પોતાના આસન તરફ પાછો વળી ગયો.

આ પ્રમાણે ઘણા રાજાઓ અને કુમારો તે ધનુષ્યની નજીક ગયા, પણ જુદા જુદા કારણોથી તે દેવાધિષ્ઠિત ધનુષ્યને કોઇ પણ ઉપાડી શક્યું નહિ–તેને કોઈ સ્પર્શ પણ કરી શક્યા નહિ. આ પ્રમાણે થવાથી પદ્મરથ રાજા વિચારમાં પડી ગયા કે– ‘મારી પ્રતિજ્ઞા કોણ પુરી કરશે ? આ મંડપમાંથી કોઇ પુરી કરી શકશે કે નહિ ?’ કુમારીને વિચાર થવા લાગ્યો કેઃ– “અહો ! આ કુમારોમાંથી કોઇ પિતાશ્રીની પ્રતિજ્ઞા પૂર્ણ કરતું નથી. વળી આ મંડપમાં મારો ધારેલ પ્રિયતમ કોઈ સ્થળે દેખાતો નથી, તેથી આ મંડપનો આડંબર બધો નકામો જશે તેમ લાગે છે.” આ પ્રમાણે તે વિચારતી હતી તેવે સમયે ગુપ્ત વેષમાં તેણે પોતાના પ્રિયતમને મિત્રની સાથે દેખ્યો, તરતજ તેના રોમરાય વિકસ્વર થયા અને મનમાં તેને અતિશય હર્ષ થયો. આ બધું કુતૂહળ જોતો ચિત્રસેન મનમાં આનંદ પામતો મિત્રને કહેવા લાગ્યો કેઃ– “મિત્રવર્ય ! તારી સહાયથી હું બાણનું ધનુષ્ય ઉપર અવશ્ય આરોપણ કરીશ અને ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.” આ પ્રમાણે કહીને ચિત્રસેન ધનુષ્યની નજીક ગયો અને જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરી તથા પંચપરમેષ્ઠીને સંભારીને ધનંજય યક્ષનું તેણે સ્મરણ કર્યું. પછી તરતજ તે ધનુષ્ય તેણે ઉપાડયું, દેવોએ તે યોગ્ય પતિ હોવાથી ધનુષ્ય ઉપાડવા દીધું, તેણે શરસંધાન કર્યું, અને આખી સભા જાણે કે ચિત્રમાં ચિતરેલ હોય તેમ શરસંધાન કરતાં તેને જોઈ રહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાનો મનોરથ પૂર્ણ થવાથી રાજપુત્રી બહુ હર્ષિત થઈ, અને કામબાણથી પીડાયેલી તે તરતજ ઉતાવળે પગલે કુમારની નજીક ગઇ અને તેના કંઠમાં વરમાળા આરોપી.

આ અજ્ઞાત પુરૂષના કંઠમાં વરમાળા આરોપવાથી બધા રાજકુમારો કોપાયમાન થઈ ગયા અને શસ્ત્રો ગ્રહણ કરીને તે કુમારને મારવા દોડ્યા. તેઓ બોલવા લાગ્યા કે–"અરે અધમ ! નીચઅજ્ઞાત કુળવાળા ! દુરાત્મન્ ! તું આ કન્યા કેવી રીતે લઈ જઇશ ! અમે ઉત્તમ કુળવાળા અત્રે હાજર છતાં તારાથી આ રાજકન્યા કેવી રીતે લઇ જવાશે ? આ પ્રમાણે બોલતાં તેઓ તેની સાથે લડવા તૈયાર થઈ ગયા. વિનયગુણથી પ્રાપ્ત થયેલ યક્ષના વરથી કુમાર પણ શીઘ્ર તેની સામે લડવા તૈયાર થયો. તેઓની વચ્ચે દારૂણ યુદ્ધ થયું, તે યુદ્ધમાં એકાકી ચિત્રસેને ઘણા મૃગલાઓને જેમ એકજ સિંહ હઠાવી દે તેમ સર્વને હઠાવી દઇ તે સર્વને તેણે જીતી લીધા. પદ્મરથ રાજા પણ તે સર્વને નિવારવા લાગ્યા, તેવે સમયે એક ભાટ કુમારની બિરૂદાવળી બોલ્યો કે–" અહો ! વસંતપુરના રાજા વીરસેનના પુત્ર કળા તથા વિદ્યાને પાર પામેલ આ ચિત્રસેન કુમાર ઘણું જીવો." આ પ્રમાણેની બિરૂદાવળી સાંભળીને પદ્મરથ રાજાએ સર્વને કહ્યું કે–" અરે ! જરા સબુર કરો, સબુર કરો, આ ભાટની વાણી સાંભળો." રાજપુત્રની કુલોત્પત્તિ વિગેરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળીને બધા રાજાઓ તરતજ શાંત થઇ ગયા અને સર્વે બોલ્યા કે-" અહો ! આવું શૌર્ય અને આવી ગંભીરતા ક્ષત્રિય કુળ વગર અન્ય કોઇ સ્થળે દેખાયજ નહિ." પછી બધા રાજકુમારો તેના તરફ પ્રીતિયુક્ત મનવાળા થયા અને મસ્તક નમાવીને સર્વેએ તેની ક્ષમા માગી. પછી આનંદથી ભરપૂર મનવાળા પદ્મરથ રાજાએ બહુ ઉલ્લાસથી ચિત્રસેન અને પદ્માવતીનો પાણીગ્રહણ મહોત્સવ કર્યો. કરમોચનમાં ઉત્તમ હાથી, ઘોડા, રથ, વસ્ત્ર, અલંકાર તથા ઘણાં ગામો તેણે કુમારને દીધાં.

પૂર્વભવના અભ્યાસથી તથા જાતિસ્મરણ જ્ઞાનથી જણાયેલ પૂર્વના સંબંધથી પતિ-પત્ની બહુ હર્ષિત થયાં, અને આનંદથી દિવસો પસાર કરવા લાગ્યા. પદ્મરથ રાજાએ આવેલ રાજાઓ તથા રાજપુત્રોનો યોગ્ય રીતે સત્કાર કરી તેમને વિસર્જન કર્યાં, અને યાચકોને ઇચ્છિત દાન આપ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬ ઠું.

## યક્ષે વર્ણવેલ ભાવી આપત્તિઓ.

પદ્માવતી સાથે આનંદથી સુખભોગ ભોગવતાં કેટલોક કાળ વ્યતીત થયો, ત્યારપછી એક વખત રાત્રે સુતાં સુતાં ચિત્રસેનને વિચાર થયો કે-“ શ્વસુરગૃહમાં સજ્જનોએ ઘણા વખત સુધી રહેવું વ્યાજબી નથી. વધારે વખત રહેવાથી શરમનું કારણ બને છે અને લોકોમાં હાંસીપાત્ર થવાય છે, ઉત્તમ મનુષ્યો સ્વગુણથી, મધ્યમ મનુષ્યો બાપના ગુણોથી, અને અધમ પુરૂષો માતુલ પક્ષના ગુણોથી વખણાય છે, પણ અધમાધમ પુરૂષોજ શ્વસુરના ગુણોથી વિખ્યાત થાય છે.” પ્રાતઃકાળ થતાં મિત્ર રત્નસારને તેણે આ હકીકત કહી અને શ્વસુરગૃહ છોડવાની ઈચ્છા પ્રદર્શિત કરી. રત્નસાર તરતજ રાજા પાસે ગયો અને સ્વનગર તરફ જવાની ઇચ્છા દર્શાવી ત્યાંથી ચાલવાની રજા માગી. તેણે કહ્યું કે-“ માબાપ પાસેથી નીકળ્યાને અમને બહુ વખત થયો છે, હવે અમારી બંનેની ઇચ્છા તેમને અને સ્વજનને મળવાની થઇ છે, તો કૃપા કરીને આપ રજા આપો.” આ પ્રમાણેના રત્નસારનાં વચનો સાંભળીને પદ્મરથ રાજાએ તેમના પ્રયાણની સર્વ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સામગ્રીઓ તૈયાર કરાવી. પદ્માવતીને સુખાસનમાં બેસાડી સ્નેહપરાયણા માતા તેને વારંવાર નિહાળવા લાગી અને તેણે શિખામણ આપી કે–

श्वश्रूश्वशुर शुश्रूषा, करणीया निरंतरम् ।
भर्त्ता देव इवाराध्यः स्त्रीणां भर्त्ता हि देवता ॥

" સાસુ સસરાની નિરંતર સેવા કરજે, ભરતારને દેવની જેમ આરાધજે, ભરથાર તે સ્રીનો ખરો દેવતાજ છે."

માતાની આપેલ આ શિખામણ હૃદયમાં ધારણ કરીને પદ્માવતીએ વારંવાર સર્વને પ્રણામ કર્યા અને રજા લીધી. સૈન્ય સહિત તેઓએ પ્રયાણ કર્યું, અને અનેક વન, નગર, ગામ તથા અરણ્યાદિક ઉલ્લંઘન કરતાં તેઓ અનુક્રમે એક ગહન વનમાં આવી પહોંચ્યા. તે વનમાં એક બહુ મોટું વડવૃક્ષ તેઓએ જોયું. તેની શાખા, પ્રશાખા અને પાંદડાંનો વિસ્તાર બહુ વધી ગયો હતો અને છત્રીનો આકાર તેણે ધારણ કર્યો હતો. તે વૃક્ષની નીચે સૈન્યે પડાવ નાખ્યો, અને તેની શીતળ છાયામાં સર્વે વિશ્રામ લેતા બેઠા. અનુક્રમે, રાત્રી પડી અને સર્વે સૈનિકો સુખપૂર્વક નિદ્રા લેવા લાગ્યા, રાજકુમાર પણ માર્ગના શ્રમથી શ્રમિત થયેલ પત્ની સહિત નિદ્રાધિન થયો. હસ્તમાં ખડ્ગ રાખીને મંત્રીપુત્ર રાજપુત્રની રક્ષા કરવા માટે સાવધાન થઇને બેઠો, અને આસપાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિરીક્ષણ કરવા લાગ્યો. તે વૃક્ષનો અધિષ્ઠાતા ગોમુખ યક્ષ હતો, તેનો તે વૃક્ષ ઉપર વાસ હતો, અને દેવી ચક્રેશ્વરી તેની સાથે રહેતા હતા. તે યક્ષ અને યક્ષિણીએ કુમારને દીઠો, તે વખતે યક્ષિણીએ પોતાના પતિને પૂછયું કે-" આ રાજપુત્રને તેનો બાપ રાજ્ય આપશે કે નહિ ? " ત્યારે જ્ઞાનનો ઉપયોગ મૂકી ભાવી હકીકત જાણી યક્ષે કહ્યું કે-" અહો ! આ કુમાર તો આપણો સ્વધર્મી બંધુ છે, તેથી તેના ઉપર ઉપકાર થાય તેવાં મારાં વચન સાંભળ. આ રાજપુત્ર દેશાંતર ગયા પછી ત્યાં તેની માતા મૃત્યુ પામી છે, અને રાજા બીજી રાણી પરણ્યો છે, અને તે તેને તદ્દન વશ બની ગયેલ છે. આ બીજી રાણીનું 'વિમળા' એવું નામ છે; તેને એક ગુણવાન્ ગુણસેન નામે પુત્ર થયેલ છે. હૃદયમાં મલીન ભાવ ધારણ કરતી તે રાણીએ પોતાના પુત્રને રાજ્ય અપાવવા ઘણા ઉપાયો યોજી રાખ્યા છે, અને રાજાને પણ ઠગ્યો છે. પિતૃસ્નેહથી ખેંચાયેલ આ કુમાર જ્યારે તે નગરે પહોંચશે, ત્યારે તુરંગમ (ઘોડા)ના ઉપાયથી રાજા તેને મારશે. કોઇ મહા પુન્યના યોગથી તે આ ઉપાયથી બચી જશે અને ગામમાં પેસશે, પણ ત્યાં યંત્રના પ્રયોગવડે ગામમાં પેસતાંજ ગામનો દરવાજો તરતજ આ રાજપુત્રની ઉપર પડશે. કદાચ દૈવયોગથી આ સંકટમાંથી પણ તે બચી જાય, તો વિમળા રાણી જરૂર આને ભોજનમાં વિષ આપશે. હે વ્હાલી પ્રીયા ! આ નરરત્નને મારવા માટે આ ત્રણ ઉપાયો તે દુષ્ટ રાણીએ વિચારી રાખ્યા છે. વળી આ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમાર ઉપર એક ચોથી કુદરતી આપત્તિ આવવાની છે. તે અમુક વખત પસાર થયા પછી તેના નગરમાં જ્યારે પલંગ ઉપર પત્ની સહિત શયન કરશે ત્યારે મહા ભયંકર સર્પ તેને દંશ દેશે. આ ચારે ભયમાંથી જો તે બચી જાય તો તે ખરેખર મોટો સાર્વભૌમ નૃપતિ થશે. આ વૃત્તાંત જો કોઇ સાંભળતું હશે તો તે તેનું રક્ષણ કરી શકશે, પણ જો તે હકીકત અન્યને કહેશે તો તે તરતજ પથ્થર થઇ ભૂમિ ઉપર પડશે." આ પ્રમાણેની યક્ષની મહા આશ્ચર્ય તથા વિસ્મય ઉત્પન્ન કરે તેવી વાર્તા સાંભળીને મિત્રવત્સલ રત્નસાર મૌન રહ્યો, કાંઇ પણ તે બોલ્યો નહિ. પ્રાતઃકાળ થતાં સર્વ સૈન્ય અને રાજપુત્ર પ્રાતઃકૃત્ય કરી ત્યાંથી આગળ ચાલ્યા. અવિરત અહર્નિશ પ્રયાણ કરતાં તેઓ થોડા વખતમાં પોતાના નગરની પાસે આવી પહોંચ્યા.


## તમારી લાઇબ્રેરીના શણગારભૂત.

**શ્રી કચ્છ ગિરનારની મહાયાત્રા**—પૃષ્ઠ ૪૦૦, ૩૦ ચિત્રો સાથે પાકું રેશમી પુંઠું. દાનવીર શેઠ નગીનદાસ કરમચંદે પાટણથી કાઢેલ કચ્છના મહાન્ સંઘનો સંપૂર્ણ અપૂર્વ ઇતિહાસ, સંઘની સામગ્રી, સંઘની ભવ્યતા, કચ્છ અને બીજા ગામોનો ઇતિહાસ જાણવા તેમજ તે તે તીર્થ અને દેહરાસરોનાં દર્શનનો લાભ લેવા આ **પુસ્તક મંગાવવા વિલંબ નહિ કરતા.** કિં. રૂા. ૨-૮-૦ હતી; પરંતુ સાધારણ વર્ગ લાભ લઇ શકે તે માટે રૂા. ૨) રાખવામાં આવી છે.


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## ચિત્રસેન ઉપર આપત્તિ.

વસંતપુર નગરમાં તેમના આગમનની ખબર પડતાંજ વીરસેન રાજા તેમને મળવા તેમની સામે આવ્યા. પિતાને સામા આવેલ દેખીને ચિત્રસેન તરતજ અશ્વ ઉપરથી ઉતરી ગયો, અને પિતાને પાયવંદન કર્યાં. પિતાનો લાંબે સમયે મેળાપ થવાથી સ્નેહવત્સલ કુમારના નયનોમાંથી હર્ષનાં અશ્રુ ઝરવા લાગ્યા. પિતાએ તો કૃત્રિમ સ્નેહથી કુશળ સમાચાર પૂછયા, અને એક દુષ્ટ અશ્વ તેને બેસવા માટે આપ્યો. મંત્રીપુત્ર તો બધી હકીકત જાણતો હતો. તેણે ગુપ્ત રીતે નગરમાંથી પ્રથમથી સમાચાર મેળવી રાખ્યા હતા, તેથી કોઇ ન જાણે તેમ તેણે રાજા આપવાના હતા તેવોજ બીજો અશ્વ મંગાવી રાખ્યો હતો, તેથી તે અશ્વ તેણે બદલી નાંખીને કુમારને બેસવા આપ્યો. ધામધુમથી કુમારનું સામૈયું કર્યું, અને ભાટ–ચારણો બિરૂદાવળી બોલવા લાગ્યા, જુદી જુદી જાતનાં વાજીંત્રો વગડાવવામાં આવ્યા, અને 'જય જય' શબ્દથી લોકો કુમારને વધાવવા લાગ્યા. આખા પરિવારને સાથે લઇને આગળ ચાલતાં તેઓ નગર પ્રવેશના દરવાજા પાસે આવ્યા. દરવાજા નજીક કુમારનો અશ્વ ગયો, કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરતજ મંત્રીપુત્રે કુમાર જે અશ્વ ઉપર બેઠેલ હતો તે અશ્વના મોઢા ઉપર એક જોરથી ચાબુક મારી, એટલે અશ્વ એકદમ પાછો હઠ્યો, અને તે ક્ષણેજ દરવાજો તુટી પડ્યો. કેટલાક નગરના લોકો તેની નીચે દબાઈ પણ ગયા. લોકોમાં હાહારવ થઈ ગયો, અનેક જાતની કુશંકાઓ લોકો કરવા લાગ્યા, રાજા વિલખો થઈ ગયો, અને મૃત્યુના ભયમાંથી કુમારનું મિત્રે રક્ષણ કર્યું. રાજાના હૃદયમાં બહુ આશ્ચર્ય થયું, ખેદ પણ થયો, છતાં તે બધું મનમાં સમાવી દઇને કુમારને તે રાજ મહેલમાં લઈ ગયો. કુમારે તે ક્ષણે થયેલ ક્રોધ છોડી દીધો, અને વિનયપૂર્વક રાજાની સાથે મહેલમાં આવ્યો. અપરમાતા વિમળાદેવીને મળવા તરતજ કુમાર અંતઃપુરમાં ગયો, અને વિનયથી તેને પ્રણામ કર્યા. તેના તથા પુત્રાદિક સર્વના કુશળ સમાચાર પૂછી વિનયથી ફરીવાર નમસ્કાર કરી કુમાર પોતાના મંદિરે આવ્યો.

દુષ્ટ ચિત્તવાળી હૃદયમાં ઈર્ષ્યા ધારણ કરતી અપરમાતા તો કુમારનો બચાવ થવાથી અને સલામત મહેલમાં આવવાથી, દુર્ધ્યાન કરવા લાગી, અને વિષમય મોદક ખવરાવીને હવે હું તેને મારી નાખું તેમ વિચારવા લાગી. આ પ્રમાણે વિચાર કરીને વિષમિશ્રિત મોદકો તેણે તૈયાર કરાવ્યા, અને મિત્ર સહિત કુમારને જમવા માટે નોતર્યો. રત્નસાર તો જે બનવાનું હતું તે જાણતોજ હતો, તેણે તેવાજ રૂપરંગવાળા નવા મોદકો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર કરાવ્યા, અને પોતાના ઉત્તરીય વસ્ત્રમાં ગોપવીને સાથે લઇ ગયો. બધી જાતની સામગ્રી તૈયાર કરાવી વિવિધ પ્રકારની રસવતી બનાવીને તે દુષ્ટ આશયવાળી સ્ત્રીએ રત્નસાર અને ચિત્રસેનને જમવા બેસાડ્યા. ભોજનનો સમય થતાં રાજા વીરસેન પણ પરિવાર સહિત ત્યાં જમવા આવ્યો, અને સાથે જમવા બેઠો. રાણીએ મનમાં જે દુષ્ટ આશય ધારી રાખ્યો હતો, તેની રાજાને મુદ્દલ ખબર નહોતી. તે તો સ્નેહભાવથી પુત્રની સાથે જમવા બેઠો. વિશાળ થાળ અને કચોળામાં સ્વાદિષ્ટ અને મનોહર વિવિધ રસવતી પીરસવામાં આવી. વીરસેન રાજાની પાસે જુદા જુદા સુગંધી દ્રવ્યોથી મિશ્રિત મોદકોનો થાળ મૂકવામાં આવ્યો, અને ચિત્રસેન તથા રત્નસારની પાસે વિષમિશ્રિત મોદકોનો થાળ મૂકવામાં આવ્યો. ચતુર રત્નસેને હસ્તની લાઘવ વિદ્યાવડે તે લાડુઓને સ્થાને પોતે સાથે લાવેલ મોદકો પીરસી દીધા, અને વિષમિશ્રિત મોદકો ગોપવી દીધા. કુમારને કોઈપણ બનાવની ખબર નહોતી. વિમાતા, પિતા, અન્ય પરિવાર તથા મિત્ર સાથે આનંદથી વાતચિત કરતો તે તો જમવા લાગ્યો. ભોજન પછી સુંદર સુગંધી તાંબુળ ખાઈને આનંદથી તેઓ બેઠા, અને વિમાતાએ કુત્રિમ સ્નેહપૂર્વક વસ્ત્ર તથા આભૂષણ વિગેરેથી કુમારનો બહુ સત્કાર કર્યો. પછી મિત્રસહિત કુમાર પોતાના મહેલમાં પાછો આવ્યો. વિમળારાણીએ પુત્રવધૂનો પણ ભોજનાદિથી સારી રીતે સત્કાર કર્યો, અને તેને આનંદ પમાડી તેને મહેલ મોકલી.

કહ્યું છે કેઃ-

दैवानुकूल्यतः पुंसां, तथा पुण्यानुभावतः ।
भवेद्विषं हि पीयूषं, भवेन्माल्यं भुजंगमः ॥

" પ્રાણીઓને દૈવની અનુકૂળતાથી તથા પુન્યના ઉદયથી ઝેર હોય તે અમૃત થઇ જાય છે, અને સર્પ હોય તે ફુલની માળા થઇ જાય છે. "

# પ્રકરણ ૮ મું.

## રાજા વીરસેનને વૈરાગ્ય.

વીરસેન રાજાને રાત્રે સુતાં સુતાં વિચાર થયો કે-" અહો ! આવા ભાગ્યશાળી કુમારનું મેં મરણ ઇચ્છયું ! તેનું મરણ થાય તેવો મેં પ્રયત્ન કર્યો ! અહો ! મારા આ પુરૂષાર્થને ધિક્કાર છે ! મારી આવી દુષ્ટ બુદ્ધિને ધિક્કાર છે ! મારા દુષ્ટ મનોરથને ધિક્કાર છે ! આવા સુપુત્રનું મરણ ચિંતવનાર મને અનેકશઃ ધિક્કાર છે ! " આ પ્રમાણે પશ્ચાત્તાપથી સંતપ્ત થયેલો તે રાજા સંસાર ઉપર ઉદ્વિગ્ન ચિત્તવાળો થયો, અને અનિત્ય ભાવના ભાવતા વૈરાગ્યના પરિણામવાળા તે રાજાએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સદ્ધ્યાનમાં આખી રાત્રી પસાર કરી. તેના ભાગ્યોદયથી બીજે દિવસે સવારે ચરમ તીર્થંકર પૃથ્વીતળને વિહારથી પાવન કરતાં તેજ સ્થળે સમવસર્યા. સુવર્ણ, રૂપું અને માણિક્યના કાંગરાઓથી વિરાજિત ત્રણ ગઢવાળું ઉત્તમ સમવસરણ દેવતાઓએ તરતજ તૈયાર કર્યું; અને અશોક વૃક્ષની નીચે પૂર્વ દિશા સન્મુખ પ્રભુ વિરાજમાન થતાં બાકીની ત્રણે દિશાએ પ્રભુનાં ત્રણ રૂપ વિકુર્વી દેવોએ સ્થાપન કર્યાં. હિંસક પ્રાણીઓ સ્વકીય વૈર ભૂલી જઇને હર્ષથી તે સમવસરણમાં એકઠા થયા, અને પ્રભુની દેશના સાંભળવા લાગ્યા. કહ્યું છે કે–"મૃગ અને સિંહ, બળદ અને વાઘ, મોર અને સર્પ, માર્જાર અને મુષક વિગેરે જન્મના વૈરી પણ શ્રી જિનેશ્વરને અને જિનેશ્વરના સમવસરણને દેખીને જન્મ વૈર ભૂલી જઈ શાંત ચિત્તથી પ્રભુની દેશના સાથે બેસીને સાંભળે છે." ચરમ તીર્થંકરનું આગમન સાંભળીને પરિવાર સહિત રાજા વીરસેન તરતજ તેમને વંદન કરવા ઉદ્યાનમાં આવ્યો અને ભૂમિતળ સુધી મસ્તક નમાવી જગત્પૂજ્યને નમસ્કાર કરી યોગ્ય સ્થળે દેશના સાંભળવા બેઠો. ભવસંસારથી તારનારી, કરૂણાના રસને ઝરતી, અમૃતમય દેશના ભવ્ય જીવોના ઉપગાર માટે જિનેંદ્ર ભગવાને દેવા માંડી. તેમણે સંસારનું અનિત્યપણું દર્શાવતાં કહ્યું કેઃ–

अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितं मृत्युः, कर्तव्यो धर्मसंग्रहः ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"આ શરીર તથા અવયવ સર્વે અનિત્ય છે, સંસારનાં વૈભવ એકે શાશ્વતા નથી, હમેશાં મૃત્યુ નજીક ઉભેલજ છે, તેથી ધર્મનો સંગ્રહ કરવો તેજ મનુષ્યભવ પામ્યાનો સાર છે."

જૈનધર્મને આરાધીને અનેક મનુષ્યો આ ભવમાં અને પરભવમાં સુખનાં ભાજન થયા છે, અને અંતે 'મંગળ કળશ' શ્રેષ્ઠીપુત્રની જેમ સિદ્ધિ સુખને પામ્યા છે. શ્રોતાવર્ગે 'મંગળ કળશ કોણ થયો અને જૈન ધર્મ તેણે કેવી રીતે આરાધ્યો?' તેમ પૂછવાથી તીર્થંકર ભગવંતે તેની કથા નીચે પ્રમાણે વિસ્તારથી કહી બતાવી:-

# પ્રકરણ ૯ મું.

## મંગળ કળશની કથા.

ઉજ્જયિની નામની મોટી નગરીમાં **વૈરસિંહ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રાણથી પણ વધારે વહાલી **સોમચંદ્રા** નામે રાણી હતી. તેજ નગરીમાં **ધનદત્ત** નામનો એક મોટો શ્રેષ્ઠી રહેતો હતો. તે અતિ વિનયવાળો, સત્યશીલ, દયાપરાયણ, દેવ-ગુરૂની પૂજા કરવામાં તત્પર તથા પરોપકાર

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રસિક હતો. તેને **સત્યભામા** નામે સ્ત્રી હતી. તે ઉત્તમ શિયળવાળી અને તેના પતિ ઉપર અત્યંત પ્રેમ રાખનારી હતી, તેને કાંઇ પણ સંતતી ન હોવાથી તે હમેશાં ચિંતા-પરાયણ રહેતી હતી. તેનો પતિ પણ તે શોકથી મુંઝાયેલ રહ્યા કરતો. એક વખતે પુત્રની ચિંતાથી પતિને ઉદાસ દેખીને તેણીએ પૂછયું–" કાંત ! આમ દુઃખી કેમ દેખાઓ છો ?" શ્રેષ્ઠિએ સત્ય હકીકત કહી, તે સાંભળી તેણે ફરીથી કહ્યું કે–" પ્રાણનાથ ! આવી ચિંતાથી શું ફાયદો ? આવી ચિંતાથી સર્યું ! આ લોકમાં ને પરલોકમાં મનુષ્યને વાંછિત ફળ આપનાર ધર્મ જ છે, તેથી તે ધર્મ વિશેષે કરીને સેવવો. કે જેથી ઇચ્છિત પદાર્થ સ્વયં આવી મળે." તે સાંભળી શ્રેષ્ઠિએ કહ્યું કે–" આપણે ધર્મા-રાધન કેવી રીતે કરવું કે જેથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય ?" ત્યારે પત્નીએ કહ્યું કે–" સ્વામિન્ ! દેવાધિદેવ શ્રી જિનેશ્વરની ભાવથી પૂજા કરો, સદ્‌ગુરૂની ભક્તિ કરો, સુપાત્રને યોગ્ય દાન આપો અને સિદ્ધાંતનાં પુસ્તકો લખાવો. આ પ્રમાણે ધર્મ-ધ્યાન કરતાં પુત્ર થશે તો સારૂં છે અને હે નાથ ! કદાચ પુત્ર નહિ થાય, તોપણ તે કરણીથી પરલોકમાં નિર્મળ અખંડિત સુખ અવશ્ય મળશે." આ પ્રમાણે સાંભળીને હર્ષ પામતાં શ્રેષ્ઠિએ કહ્યું કે–" પ્રિયે ! તેં બહુ સારૂં કહ્યું. સારી રીતે આરાધેલો ધર્મ, ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષની તુલ્યતાને પામે છે." આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી દેવપૂજા માટે પુષ્પો લાવવા શ્રેષ્ઠિએ માળીને બોલાવ્યો અને તેને ઘણું દ્રવ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપી પુષ્પો મંગાવ્યાં. ત્યારપછી દરરોજ પ્રાતઃકાળે ઉઠીને શેઠ પોતે વાડીમાં જઇ તાજાં પુષ્પો લાવી પોતાના ઘરમાં રહેલી જિનપ્રતિમાનું પૂજન કરી નગરના મધ્યમાં રહેલ જિનચૈત્યમાં જતા હતા. ત્યાં દ્વારમાં પેસતા નૈષેધિકી કહેવા વિગેરે દશત્રિકોને યોગ્ય રીતે બરાબર જાળવી પ્રાંતે ઉત્કૃષ્ટ ભકિતથી ચૈત્યવંદન કરતા હતા. પછી સાધુઓને વાંદીને વિધિપૂર્વક પ્રત્યાખ્યાન કરી ઉત્તમ મુનિઓને તથા અન્ય પાત્રોને દાન આપતા હતા. આ પ્રમાણે દિવસે અને રાત્રીએ શુભ ભાવથી સર્વ સુખદાયી ધર્મકૃત્યો આચરવાથી તે શ્રેષ્ઠિ ઉપર શાસનની અધિષ્ઠાતા દેવી સંતુષ્ટ થઇ અને પ્રત્યક્ષ થઇને તેણે તેને પુત્રપ્રાપ્તિનું વરદાન આપ્યું. તે વરદાનથી શ્રેષ્ઠિ બહુ હર્ષ પામ્યો. પછી પુન્યના પ્રભાવથી અને દેવીના વરદાનથી તેજ રાત્રીએ શેઠાણીએ પુત્રનો ગર્ભ ધારણ કર્યો, અને સ્વપ્નમાં મંગળ સહિત સુવર્ણનો પૂર્ણ કળશ જોયો. તેને દેખીને તે જાગી અને પુત્રપ્રાપ્તિનું તે સુચિન્હ જાણી હર્ષ પામી. અનુક્રમે સમય પૂર્ણ થયે શુભ સમયે તેણીએ પુત્ર પ્રસવ્યો. તે વખતે શ્રેષ્ઠિએ મહોત્સવ કર્યો અને દીનહીન જનોને સુવર્ણ, રત્ન વિગેરેનું દાન દઈ સમગ્ર સ્વજનોને એકઠા કરી તેમની સમક્ષ સ્વપ્નને અનુસારે પુત્રનું **મંગળકળશ** નામ પાડ્યું. તે અનુક્રમે વૃદ્ધિ પામતો અને વિદ્યાભ્યાસ કરતો આઠ વર્ષનો થયો.

એક દિવસે મંગળકળશે તેના પિતાને પૂછ્યું કે—

"પિતાજી ! તમે હમેશાં સવારે ઉઠીને કઈ દિશાએ જાઓ છો ?" તેના પિતાએ કહ્યું કે-"હું પ્રાતઃકાળે હમેશાં દેવપૂજા માટે પુષ્પો વિણવા ઉદ્યાનમાં જાઉં છું." તે સાંભળી પુત્રે કહ્યું-"હું હમેશાં હવે તમારી સાથે પુષ્પો લેવા આવીશ." પિતાએ પ્રથમ ના પાડી, પણ આગ્રહથી તે હમેશાં સાથે જવા લાગ્યો. માળીએ શ્રેષ્ઠિપુત્ર જાણી સારાં ફળો આપીને તેને રાજી કર્યો. આ પ્રમાણે પુષ્પો લેવા તે હમેશાં જતો હતો. થોડા દિવસ પછી એક દિવસ તે એકલોજ વાડીએ પુષ્પો લેવા ગયો, અને માળી પાસેથી સુંદર પુષ્પો લઈ ઘેર આવ્યો. પછી તેણે પિતાને કહ્યું કે-"હવેથી હું જ દરરોજ પુષ્પો લેવા જઇશ, આપ ધર્મધ્યાનમાં નિરંતર તત્પર રહેશો." શેઠે તેનું વચન કબુલ રાખ્યું. ત્યારપછી તેજ હમેશાં પુષ્પો લાવવા લાગ્યો, અને શ્રેષ્ઠિ સુખેથી દેવપૂજા કરવા લાગ્યા. તે વખતે એક અદ્‌ભૂત વિચિત્ર બનાવ બન્યો કે જેનાથી મંગળકળશના જીવનમાં વિચિત્ર ફેરફાર થયો.

આજ ભરતક્ષેત્રમાં ચંપા નામની એક મોટી નગરી હતી, તેમાં **સુરસુંદર** નામનો રાજા રાજ્ય કરતો હતો અને **ગુણાવળી** નામે તેને રાણી હતી. અનુક્રમે તે બન્નેના સંયોગથી શુભ સ્વપ્નસૂચિત એક પુત્રી તેમને થઇ અને ત્રૈલોક્યસુંદરી એવું તેનું નામ પાડયું. અનુક્રમે વૃદ્ધિ પામતી તે યુવાવસ્થાને પામી, ત્યારે તે બહુ લાવણ્યવાળી અને મનોહર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપવાળી થઈ. એક વખત તેને જોઈને રાજા હૃદયમાં તેને માટે વરની ચિંતા કરવા લાગ્યો. ત્યારે રાણીએ તેમને કહ્યું કેઃ–"હે સ્વામિન્ ! આ બાળિકા અમારા જીવિતવ્યનો આધાર છે. તેના વગર અમારાથી જીવાય તેમ નથી. માટે આનો વિવાહ આજ નગરમાં કરવો છે, બીજે સ્થળે કરવો નથી. આપણી નગરીમાં આપણા મંત્રી સુબુદ્ધિના પુત્રને આપણી પુત્રી પરણાવવી યોગ્ય છે." આ પ્રમાણે રાણીનાં વચન સાંભળીને રાજાએ મનમાં વિચાર્યું કેઃ–"અહો ! વિવાહાદિકમાં સ્ત્રીઓની ઈચ્છાજ મુખ્ય છે." રાજાએ ત્યારપછી સુબુદ્ધિ મંત્રીને બોલાવીને કહ્યું કેઃ–"હે મંત્રીશ્વર ! મેં મારી પુત્રી તમારા લાયક પુત્રને આપી છે, હવે તેનો વિવાહ મહોત્સવ કરવો યોગ્ય છે." તે સાંભળી મંત્રીએ કહ્યું કે–"હે સ્વામિન્ ! આવું અયોગ્ય કેમ બોલો છો ? આપની પુત્રી કોઈ રાજપુત્રને આપવી યોગ્ય છે, મારા પુત્રને આપવી યોગ્ય નથી. જેનાં કુળ શીલ વિગેરે સરખાં હોય તેનોજ પરસ્પર વિવાહ યોગ્ય છે, એક પુષ્ટ અને બીજો અપુષ્ટ હોય તેનો સંબંધ યોગ્ય નથી." આવાં મંત્રીનાં વચન સાંભળી રાજાએ કહ્યું કે–"હે મંત્રી ! આ બાબતમાં તારે ફરીથી બોલવા જેવું નથી. મેં રાણી સાથે વિચાર કરી તે પ્રમાણે કરવાનો નિર્ણય કર્યો છે, તેથી તે કાર્ય તેજ પ્રમાણે થશે." આવાં રાજાનાં વચન સાંભળી અન્ય અધિકારીઓએ કહ્યું કે–"હે મંત્રી ! આપણે રાજાનું વચન માન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવું જ જોઈએ." આવું સાંભળી ઈચ્છા નહિ છતાં પણ મંત્રીએ રાજાનાં વચનો પ્રમાણ કર્યાં.

આ બનાવ બન્યા પછી મંત્રી ઘેર ગયો, અને ચિંતામગ્ન થઈ લમણે હાથ દઈ બેઠો, અને ચિત્તમાં વિચારવા લાગ્યો કે–અરે ! એક તરફ વાઘ અને એક તરફ નદી એવો દુસ્તર ન્યાય મારે માટે થયો છે; કારણકે રાજપુત્રી રૂપમાં દેવાંગના તુલ્ય છે, અને મારો પુત્ર કોઢના રોગથી પરાભવ પામેલો છે. બાળપણથીજ તે કુષ્ટી છે, પણ મેં તે વાત ગુપ્ત રાખેલ છે, તો બન્નેનો સંબંધ મારા પુત્રની આવી સ્થિતિ જાણતાં છતાં હું કેવી રીતે કરૂં ? " આ પ્રમાણે ચિંતા કરતાં તેને વિચાર થયો કે–"મારી કુળદેવી બહુ પ્રભાવવાળી છે. તેની હું આરાધના કરૂં, તેની કૃપાથી સર્વ વાંછિતની સિદ્ધિ થશે. " આ પ્રમાણે વિચાર કરીને મંત્રીએ વિધિપૂર્વક કુળદેવીની આરાંધના કરી. તે પ્રત્યક્ષ થઈને બોલી કે–"હે મંત્રી ! તેં મારૂં ધ્યાન શા માટે કર્યું છે ? " મંત્રીએ કહ્યું કે–" હે માતા ! તમે જ્ઞાનથી બધું જાણો છો, છતાં વૃત્તાંત કહું છું તે સાંભળો. મારો પુત્ર દુષ્ટ કુષ્ટના વ્યાધિથી પરાભવ પામેલો છે, તેથી તમે એવો ઉપાય દેખાડો કે જેથી તે વ્યાધિ રહિત થાય. " દેવીએ કહ્યું કે–" પૂર્વે કરેલા કર્મના યોગથી જે વ્યાધિ તેને થયો છે તે દૂર કરવા હું સમર્થ નથી, માટે તારી આ પ્રાર્થના વ્યર્થ છે. " તે સાંભળી મંત્રીએ ફરીથી કહ્યું કે–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો તે પ્રમાણે ન બની શકે તો તેની જેવી આકૃતિનો અને વ્યાધિ રહિત બીજા કોઇ પુરૂષને કોઇ પણ ઠેકાણેથી મને લાવી આપો, કે જેથી રાજપુત્રી સાથે તેને ભાડે પરણાવી પછી મારા પુત્રને તે કન્યા સોપું. અને તે ભાડુતી પુરૂષનું જેમ ઠીક પડશે તેમ કરીશ." દેવીએ કહ્યું કે:–" મંત્રી! એવી કોઈ સુંદર આકૃતિવાળા બાળકને લાવીને આ નગરીના દરવાજામાં ઘોડાઓનું રક્ષણ કરનારા રાજપુરૂષો પાસે હું મૂકીશ, તેને તારે ગ્રહણ કરવો. પછી તેને માટે જેમ યોગ્ય લાગે તેમ કરજે." આ પ્રમાણે કહી દેવી અદૃશ્ય થઇ ગઈ. મંત્રી પણ હર્ષ પામી ભોજનાદિ કાર્યથી પરવારી વિવાહની તૈયારીઓ કરવા લાગ્યો. વળી મંત્રીએ અશ્વપાળ પુરૂષોને બોલાવીને કહ્યું કે:–" કોઇ બાળક કોઈ સ્થળેથી આવીને તમારી પાસે બેસે તેને તમારે તરત મારી પાસે લઇ આવવો અને મને સોંપી જવો." અશ્વપાળકે તેની તે આજ્ઞા માન્ય કરી.

ત્યારપછી કુળદેવીએ જ્ઞાનથી જાણ્યું કે તે રાજપુત્રીનો ભાવી વર મંગળકળશ થવાનો છે, તેથી તે ઉજ્જયિની ગઈ, અને મંગળકળશ પુષ્પો લઇને આવતો હતો, તે વખતે તે સાંભળે તેમ આકાશમાં રહીને તે બોલી કે:–જે બાળક પુષ્પો લઇને જાય છે, તે ભાડાએ કરીને રાજકન્યાને પરણશે." તે સાંભળી મંગળકળશે વિસ્મય પામી 'આ શું?' એમ વિચારતાં મનમાં નિશ્ચય કર્યો કે–"અહો જે વાણી મેં કાલે

સાંભળી હતી, તેજ વાણી આકાશમાં આજે પણ સંભળાય છે. કાલે તો હું પિતાને કહેવું ભૂલી ગયો, પરંતુ આજે તો આ હકીકત અવશ્ય કહીશ.” એમ વિચારતો તે માર્ગમાં ચાલ્યો જતો હતો, તેવામાં મોટા વાયુના ઝપાટામાં તે ઉડ્યો અને ચંપાનગરીની પાસેના વનમાં તે નીચે ઉતરી શકયો ત્યારેજ પવન શાંત થયો. એકાએક ત્યાં આવવાથી તે ભયભીત થયો. પછી તૃષાતુર થવાથી અને થાક લાગવાથી એક નિર્મળ સરોવર દેખીને તે ત્યાં ગયો, અને જળપાન કરી સ્વસ્થ થયો. પછી તે નગરની દિશા તરફ ચાલ્યો, અને ટાઢ લાગવાથી ગામની ભાગોળે અશ્વપાળે અગ્નિ પ્રગટ કરી હતી ત્યાં ટાઢ ઉડાડવા તે બેઠો. તે તાપતો હતો, ત્યારે તેને જોઇને 'આ રંક બાળક કોણ છે ? કયાંથી આવ્યો છે ?' આ પ્રમાણે અશ્વપાળો પરસ્પર વાતો કરવા લાગ્યા. અશ્વપાળના ઉપરીએ તે વાતો સાંભળી, એટલે મંત્રીએ કહેલ ગુપ્ત સકેત સંભારી તેણે તે બાળકને પોતાની પાસે બોલાવી તેને શીતના ઉપદ્રવથી રહિત કર્યો, અને પ્રાતઃકાળે તેને તે મંત્રી પાસે લઈ ગયો. તેને જોઇ મંત્રી બહુ હર્ષ પામ્યો, તેને ગુપ્ત સ્થાનમાં રાખ્યો, અને સ્નાન, ભોજનાદિથી તેને સત્કારીને સંતોષ પમાડ્યો. આવું આતિથ્ય જોઇને મંગળ કળશે વિચાર્યું કે—“ આ આટલો બધો મારો સત્કાર કેમ કરતા હશે ? વળી મને આ લોકો આ પ્રમાણે ગુપ્ત કેમ રાખતા હશે ? ” આવો વિચાર કરીને તેણે મંત્રીને પૂછ્યું કે—“મારો પરદેશીનો આટલો બધો

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

સત્કાર કેમ કરો છો ? આ નગરી કઈ છે ? આ દેશ કયો છે ? મારૂં શું કામ છે ? આ બધી સત્ય હકીકત મને કહો, મને તમારા વર્તનથી બહુ આશ્ચર્ય થાય છે." તે સાંભળી અમાત્યે કહ્યું કે-" આ ચંપા નામની નગરી છે, અનંગ નામનો દેશ છે. અહીં સુરસુંદર નામનો રાજા છે. તેનો હું સુબુદ્ધિ નામનો મુખ્ય પ્રધાન છું. મારાં એક મોટા કાર્ય માટે તને અહીં લાવવામાં આવ્યો છે." ત્યારે તેણે પૂછ્યું કેઃ-" એવું તમારૂં મોટું શું કાર્ય છે?" મંત્રી બોલ્યો કેઃ-" સાંભળ, રાજાએ તેની ત્રૈલોકયસુંદરી નામની કન્યા મારા પુત્રને આગ્રહથી આપી છે, પરંતુ મારો પુત્ર કોઢના વ્યાધિથી પરાભવ પામેલો છે, તે કારણથી હે ભદ્ર! તારે મારા પુત્રને બદલે તે કન્યા સાથે પાણિ-ગ્રહણ કરીને તે કન્યા મારા પુત્રને સોંપવારૂપ કાર્ય કરવાનું છે. આ મહાન્ કાર્ય માટે મેં તને અહીં મંગાવ્યો છે." આવાં મંત્રીનાં વચન સાંભળીને મંગળકળશ બોલ્યો કેઃ-" અરે મંત્રીશ્વર ! તમે આટલું મોટું અકૃત્ય શામાટે કરો છો ? તે અત્યંત રૂપવાળી રાજપુત્રી કયાં અને તમારો કુષ્ટી પુત્ર કયાં ? હું તો આવું કઠોર કાર્ય કદાપિ નહિ કરૂં. ભોળા માણસને કુવામાં ઉતારી દોરડું કોણ કાપે ?" આ સાંભળી મંત્રી બોલ્યો કે-" રે દુષ્ટ ! જો આ કાર્ય નહિ તું કરે, તો હું તને મારા હાથથીજ મારી નાંખીશ." આ પ્રમાણે કહી તે સુબુદ્ધિ મંત્રીએ હાથમાં ખડ્ગ લઈ મારી નાખવાનો તેને ભય બતાવ્યો તો પણ તે મહાકુલિન હોવાથી મંત્રીનું ધારેલ અકૃત્ય કાર્ય કરવાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે સ્વીકાર્યું નહિ. પછી અન્ય માણસોએ સમજાવવાથી તથા મંત્રીએ પણ મીઠા શબ્દોથી સમજણ પાડવાથી તેણે છેવટે વિચાર કર્યો કેઃ—" ખરેખર આમજ થવાનું હશે, નહિ તો પવનમાં ઉડીને ઉજ્જયિનીથી હું અહીં કેમ આવું ? વળી આકાશવાણીમાં પણ તેવાજ શબ્દો સંભળાયા હતા, તેથી મારે આ વાત સ્વીકારવી તેજ યોગ્ય છે; કારણકે જે થવાનું હોય છે તે થાયજ છે." આવો વિચાર કરી તેણે છેવટે મંત્રીને કહ્યું કે–" જો આ નિંદ્ય કાર્ય મારે પરાણે પણ કરવું પડે તેમજ હોય તો છેવટ મારે એક માગણી કરવાની છે તે તમારે અવશ્ય સ્વીકારવી પડશે."

તે સાંભળી મંત્રીએ કહ્યું કે–" તારે જે કાંઇ કહેવાનું હોય તે ખુશીથી કહે." તેણે કહ્યું કે–" રાજા કન્યાદાનાદિકમાં જે કાંઈ વસ્તુ અને આપે તે સર્વની માલેકી મારીજ સમજવી અને તે બધી ઉજ્જયિનીના માર્ગપર પ્રાતઃકાળમાં તૈયાર રાખવી." તેનું આ વચન મંત્રીએ સ્વીકાર્યું. પછી લગ્ન સમય આવતાં વસ્ત્ર તથા અલંકાર વિગેરેથી તેને શણગારી હસ્તી ઉપર બેસાડી રાજાએ તૈયાર કરાવેલ લગ્નમંડપમાં લઇ ગયા. રાજા તેનું રૂપ જોઇ બહુ આનંદ પામ્યો. ત્રૈલોકયસુંદરી પણ કામદેવ જેવા સુરૂપવાળા પતિને દેખી આનંદ પામી, અને શુભ મુહૂર્તે તેમનાં લગ્ન થયાં, ચાર મંગળ વરતાણાં. તેમાં પહેલે મંગળે રાજાએ વરને ઘણાં સુંદર વસ્ત્રો આપ્યાં, બીજે મંગળે આભૂષણો આપ્યાં, ત્રીજે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંગળે મણિ અને સુવર્ણ વિગેરે આપ્યું, અને ચોથે મંગળે રથ વિગેરે વાહનો આપ્યાં. આ રીતે તે દંપતીનો વિવાહઉત્સવ આનંદપૂર્વક પૂર્ણ થયો. વિવાહની ક્રિયા પૂર્ણ થયા છતાં જ્યારે જમાઇએ વધૂનો હાથ ન મૂકયો, ત્યારે રાજાએ પૂછયું કે-" હે વત્સ ! હજુ વધારે તમારે શું જોઇએ છીએ ?" તે સાંભળી જમાઇએ પાંચ જાતિવંત અશ્વોની માગણી કરી, તેથી રાજાએ તરતજ હર્ષપૂર્વક તેવા પાંચ ઉત્તમ અશ્વો આપ્યા. ત્યારપછી વાજિંત્રોના નાદ, સુંદરીઓનાં ધવળગીત અને ભાટ ચારણોના જયજય શબ્દપૂર્વક વધૂસહિત મંગળકળશ મંત્રીને ઘેર ગયો. રાત્રીનો સમય થતાં મંત્રીના માણસો છાનું છાનું બોલવા લાગ્યા કે-" હવે કોઈ પણ ઉપાયથી આને અહીંથી શીઘ્ર કાઢી મૂકવો જોઈએ." તે સાંભળીને તેમજ આકાર અને ચેષ્ટા વિગેરેથી ભરથારનું ચળચિત્ત દેખીને ત્રૈલોકયસુંદરી તેની પાસેજ રહી, તેની પાસેથી જરા પણ દૂર ખસી નહિ. ત્યાર પછી થોડીવારે મંગળકળશ દેહચિંતા માટે ઉભો થયો; ત્યારે રાજપુત્રી જળનું પાત્ર લઇ તેની સાથેજ ગઇ. પછી મંગળકળશ ઘરમાં પાછો આવ્યો, પણ તેને ચિંતા થવા લાગી. તે વખતે એકાંતમાં ત્રૈલોક્યસુંદરી વિહ્વળ ચિત્ત દેખીને પતિને પૂછવા લાગી કે-" વ્હાલા પ્રાણનાથ ! આપને શું ક્ષુધા બાધ કરે છે ?" તેણે હા કહી, તેથી તેણીએ દાસી પાસે ઉત્તમ મોદક મંગાવ્યા તે મોદકો ખાઈ પાણી પીતાં તે બોલ્યો કે-" અહો ! આવા સિંહ કેશરીઆ મોદક ખાધા

પછી તેની ઉપર જો ઉજ્જયિની નગરીનું જળ હોય તો બહુ તૃપ્તિ થાય, અન્યથા ન થાય. ” આવાં પતિનાં વચન સાંભળી વ્યાકુળ થઇ તે વિચારવા લાગી કે-“ અહો ! આ આવું અઘટિત કેમ બોલતા હશે ? ઉજ્જયિનીના જળની મીઠાશ તેઓ કેવી રીતે જાણતા હશે ! અથવા તો એમનું મોસાળ ત્યાં હશે, તે બાલ્યાવસ્થામાં જોયેલ હોવાથી તેનું સ્વરૂપ જાણતા હશે. ” આવો વિચાર કર્યા પછી અનેક સુગંધી વસ્તુઓ મિશ્રિત એક તાંબુળ પોતાના હસ્તવડે બનાવી તેણે ભરથારને મુખવાસ માટે આપ્યું. થોડીવારે મંત્રીએ મંગળકળશ પાસે માણસ મોકલી સમય જણાવ્યો, ત્યારે મંગળકળશે ત્રૈલોકયસુંદરીને કહ્યું કે-“ હે પ્રિયા ! ફરીથી પણ મારે દેહચિંતા માટે જવાની ઇચ્છા છે, ઉદરમાં ઘણી બાધા થાય છે, પણ તારે પાણીનું પાત્ર લઇને જલદી આવવા જરૂર નથી, થોડીવાર રહીને આવજે. ” એમ કહી તે મંત્રીના ઘરમાંથી બહાર નીકળી ગયો. તેણે મંત્રીને પૂછયું કે-“ રાજાએ આપેલ અશ્વ વિગેરે વસ્તુઓ કયાં છે ? ” મંત્રીએ કહ્યું કે-“ તે સર્વ ઉજ્જયિનીના માર્ગમાંજ છે. ” તે સાંભળી તે તે માર્ગ તરફ ચાલ્યો અને તે વસ્તુઓમાંથી ઉત્તમ વસ્તુઓ રથમાં નાખી બાકીની ત્યાં છોડી દઈ રથને અશ્વો જોડી તે ઉજ્જયિની તરફ ચાલ્યો. રસ્તામાં આવતા માર્ગના ગામોના નામો પૂછતો અને અખંડ પ્રયાણ કરતો મંગળકળશ અનુક્રમે તેની નગરીએ સુખપૂર્વક પહોંચી ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંગળકળશ પવનના ઝપાટાથી ગુમ થઇ ગયા પછી ઉજ્જયિનીમાં તેના માતા પિતાએ તેની ઘણી શોધ કરી હતી; પરંતુ કોઇ સ્થળે તેની શુદ્ધિ ન મળવાથી અત્યંત વિલાપ કરી કેટલેક દિવસે તેઓ શોકરહિત થયાં હતાં. આ સમયે એક દિવસે મંગળકળશની માતાએ મંગળકળશને પોતાના ઘર તરફ રથમાં બેસીને આવતો દેખ્યો, પણ તેને ન ઓળખવાથી તે એકદમ બોલી ઉઠી કેઃ–"અરે રાજપુત્ર ! તું અમારા ઘરમાં રથ કેમ લાવે છે? ચાલુ માર્ગ પડતો મૂકીને શું તારે આ નવો માર્ગ કરવો છે?" આ પ્રમાણે નિષેધ કરતાં પણ તે અટકયો નહિ, ત્યારે તેણે ગભરાઇને મોટે સ્વરે શ્રેષ્ઠીને ઘરમાંથી બોલાવ્યા. શ્રેષ્ઠી ઘર બહાર આવ્યા, તેવામાં તો મંગળકળશ રથમાંથી નીચે ઉતરી પિતાના પગમાં પડ્યો. તે વખતે તેને ઓળખીને હર્ષ સહિત પિતાએ પુત્રને ગાઢ આલિંગન કર્યું. પછી હર્ષનાં અશ્રુ પાડતાં માતા–પિતાએ પ્રથમ તેના કુળશ સમાચાર પૂછી પછી બીજી સર્વ હકીકત પૂછી, અને આવી અપૂર્વ સંપત્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ તે પણ પૂછયું. પછી તેણે માતા પિતા પાસે બનેલ સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી તેમણે મનમાં વિચાર્યું કેઃ–"અહો ! આ પુત્રનું ભાગ્ય અને સૌભાગ્ય ઘણું મોટું છે." ત્યાર પછી ઘરની આસપાસ ગઢ બંધાવી શ્રેષ્ઠીએ અશ્વોને ગૃહમાં ગુપ્ત રીતે રાખ્યા, અને પુત્ર આવ્યાનો વધામણી ઉત્સવ કર્યો.

એકદા મંગળકળશે પિતાને કહ્યું કે:-" પિતાજી ! હજુ મારે કળાઓનો અભ્યાસ બાકી છે, તે પૂર્ણ કરવો છે." એટલે શ્રેષ્ઠીએ પોતાના ઘરની પાસે રહેતા એક કળાચાર્યની પાસે તેનો કળાભ્યાસ આગળ શરૂ કરાવ્યો. ચંપાનગરીમાં મંગળ-કળશના ગયા પછી મંત્રીએ પોતાના પુત્રને રાત્રીને સમયે મંગળકળશનો વેશ પહેરાવી વાસગૃહમાં રાજપુત્રી પાસે મોકલ્યો. તે આવીને શય્યા ઉપર બેઠો. તેને દેખીને ત્રૈલોકય-સુંદરી મનમાં વિચાર કરવા લાગી કે:-" આ દુષ્ટ કોણ મારી પાસે આવ્યો ? " પછી તે મંત્રીપુત્ર તેનો સ્પર્શ કરવા તેની નજીક ગયો, એટલે ત્રૈલોકયસુંદરી શય્યામાંથી ઉતરીને જલદી બહારના ભાગમાં જ્યાં પોતાની દાસીઓ સુતી હતી ત્યાં આવી. તેને ત્યાં આવેલી જોઈ દાસીઓએ પૂછયું કે:- " અરે સ્વામિની ! તમે આકુળવ્યાકુળ કેમ દેખાઓ છો ?" તે સાંભળી તે બોલી કે:-" દેવતુલ્ય રૂપવાળો મારો પતિ કોઈ ઠેકાણે જતો રહ્યો જણાય છે. " તેઓ બોલી કે-"હમણાજ તમારા પતિ શયનગૃહમાં આવ્યાને ? તેણીએ કહ્યું કે:- " તે મારા પરણેલ પતિ નથી, તે તો કોઈ કોઢીઓ આવ્યો છે. " આમ કહીને તે સુંદરી દાસીઓની સાથે સુઈ રહી રાત્રી ત્યાં નિર્ગમન કરી. પ્રાતઃકાળે ત્રૈલોકયસુંદરી પિતાને ઘેર ગઈ.

પ્રભાત સમયે કુબુદ્ધિથી પ્રેરાયેલ સુબુદ્ધિમંત્રી રાજા પાસે ગયો. તે વખતે તેનું મુખ ચિંતાથી શ્યામ દેખાતું હતું,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે જોઇ રાજાએ તેને પૂછયું કે:-"અરે મંત્રી ! આજે હર્ષને સ્થાને તમારા મુખ ઉપર વિષાદ કેમ દેખાય છે ?" મંત્રી બોલ્યો-" હે રાજન્ ! મારા અશુભ કર્મને લીધે હર્ષને સ્થાને મને શોક પ્રાપ્ત થયો છે." રાજાએ પૂછયું:-" શું થયું છે તે જલદી કહો." તે બોલ્યો:-" હે સ્વામિન્ ! મનમાં હર્ષથી પૂર્ણ થયેલો પ્રાણી જે કાર્યનું ચિંતવન કરે છે તે કાર્યને મહા શત્રુરૂપ થયેલો વિધાતા અન્યથા પ્રકારેજ કરે છે." આવો ઉત્તર મળવાથી રાજાએ ફરીથી દુઃખનું કારણ પૂછયું. ત્યારે તે મંત્રી દીર્ઘ નિઃશ્વાસ નાંખીને બોલ્યો કે:-" હે સ્વામિન્ ! હું દૈવવડે ઠગાયો છું, મારો પુત્ર જેવો હતો તેવો ગઇ રાત્રેજ આપે નજરે જોયો છે, તેના ઉપર કોઇની ખોટી નજર ન પડે તેથી આજ સુધી તેને બહાર કાઢ્યોજ નહોતો. ગઈ કાલેજ બહાર કાઢ્યો ત્યારે તે રાત્રીના પ્રસંગે આપની પુત્રીના સ્પર્શથી કોઢીઓ થઇ ગયો છે. શું કહેવું અને કોની પાસે પોકાર કરવો ?" આ હકીકત સાંભળી રાજા પણ દુઃખી થયો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે:-" અરે ! ખરેખર મારી પુત્રી શુભ લક્ષણ રહિત હોવી જોઇએ કે જેના શરીરના સ્પર્શમાત્રથી મંત્રીનો આવો સુરૂપવાન્ પુત્ર કુષ્ટી થઇ ગયો. જો કે જગતમાં સર્વે પ્રાણીઓ પોતપોતાનાં કર્મનાં ફળને જ ભોગવે છે; પરંતુ બીજો પ્રાણી તેનું નિમિત્તમાત્ર પણ થાય છે. કોઇ પણ પુરૂષના સુખદુઃખને ઉત્પન્ન કરવા કે તેને દૂર કરવા કોઇ પણ પ્રાણી શક્તિમાન નથી, પરંતુ પૂર્વે

કરેલું કર્મજ ભોગવાય છે, એટલે કે તેજ સુખ દુઃખ આપનાર થાય છે. " આ પ્રમાણે વિચાર કરી રાજાએ મંત્રીને કહ્યું કેઃ–" હે મંત્રી! મેંજ તમારા પુત્રને કષ્ટમાં નાખ્યો છે. જો મેં તમારા પુત્ર સાથે મારી પુત્રીનો આગ્રહથી વિવાહ કર્યો ન હોત તો તે કુષ્ટ રોગથી પરાભવ ન પામત." તે સાંભળી મંત્રી બોલ્યો કેઃ–" તમે તો હિતકારક કાર્ય કર્યું; તેમાં આપનો શું દોષ? ખરો મારા કર્મનોજ દોષ છે. " આમ કહીને મંત્રી પોતાને ઘેર ગયો. આ પ્રમાણે આળ આવવાથી ત્રૈલોકયસુંદરી રાજા અને સર્વ પરિવારને પરમ પ્રિય હતી તે અપ્રિય થઇ પડી. તેની સાથે કોઈ વાત કરતું નહિ, તેનો સ્પર્શ કરવા કોઇ ઈચ્છતું નહિ, અને તેણીને દૃષ્ટિથી જોવા પણ કોઇને મન થતું નહિ. તેને રાજાએ એક ગુપ્તગૃહમાં રાખી. ત્યાં રહીને તેણે વિચાર કર્યો કેઃ–" મેં પૂર્વે એવું શું દુષ્કર્મ કર્યું હશે કે જેને લીધે મારો પરણનાર પતિ નાશીને અન્ય સ્થળે જતો રહ્યો? અને ઉલટું લોકોમાં આવું અયોગ્ય કલંક પ્રાપ્ત થયું? હવે હું શું કરૂં? કયાં જાઉં? કોની સાથે વાત કરૂં? હું અત્યારે મહા કષ્ટમાં પડી છું!! " આ પ્રમાણે ચિંતવન કરતાં તેને એકદા વિચાર આવ્યો કે–"ખરેખર મને પરણનાર પતિ ઉજ્જયિનીજ ગયા હશે, કેમકે મોદક ખાધા પછી તેણે કહ્યું હતું કેઃ–' જો આ મોદક ઉપર ઉજ્જયિનીનું પાણી હોય તો આ મોદક ઘણાં સારાં લાગે.' આ નિશાનીથી મારા પરણનાર પતિ ત્યાં ગયા હોય તેવો સંભવ

રહે છે; માટે જો કોઈ પણ ઉપાયથી હું ત્યાં જાઉં, તો તેને શોધી કાઢીને સુખી થાઉં. ” આ પ્રમાણે વિચાર કરી તેણે તેની માતાને કહ્યું કે:–“ માતાજી ! તમે હવે એવું કાંઈક કરો કે જેથી મારા પિતા મારૂં વચન એક વખત સાંભળે.” આ પ્રમાણે વારંવાર કહ્યા છતાં તેની માતાએ તે સ્વીકાર્યું નહિ, તેથી એકદા તે સુંદરીએ સિંહ નામના સામંતને બોલાવી પોતાનો અભિપ્રાય જણાવ્યો. તે વખતે સિંહસામંતે તેનો આદિથી અંત સુધી સર્વ વૃત્તાંત સાંભળીને હૃદયમાં વિચાર કરી તેણીને કહ્યું કે:–“ બ્હેન ! તું ઉતાવળી થઈશ નહિ, વખત આવશે ત્યારે હું રાજાને સર્વ હકીકત સમજાવી તારી ઇચ્છા પૂર્ણ થાય તેમ કરીશ. ” આવું વચન સાંભળી તે રાજપુત્રી સંતોષ પામી.

એકદા સમય જોઇ સિંહસામંતે યુક્તિપૂર્વક રાજાને જણાવ્યું કે:–“ હે રાજન્ ! આપની પુત્રી બિચારી મોટા કષ્ટમાં પડી છે, તેણીનું સન્માન કરવું તો દૂર રહ્યું, પરંતુ તેનાં વચન સાંભળવા જેટલો તો તેના ઉપર પ્રસાદ કરવો જોઈએ. ” તે સાંભળી રાજાનાં નેત્રો અશ્રુથી ભરાઇ ગયાં, અને તેણે સિંહસામંતને કહ્યું કે:–“ હે સામંત ! આ મારી પુત્રીએ પૂર્વભવમાં કોઇને ખોટું આળ આપવાનું દુષ્કર્મ કર્યું હશે, તેના પ્રભાવથી આ ભવમાં તે કલંકવાળી થઈ છે અને આપણને પણ ઈષ્ટ છતાં અનિષ્ટ થઇ છે; પરંતુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે જે કાંઇ કહેવા ઇચ્છતી હોય તે સુખેથી મારી પાસે આવીને કહે." આ પ્રમાણે રાજાની આજ્ઞા મળવાથી તે સામંતે ત્રૈલોકયસુંદરીને કહ્યું કે–" હે પુત્રી ! પિતાજી પાસે આવીને તારે જે કહેવું હોય તે સુખેથી કહે." આ પ્રમાણે આજ્ઞા મળવાથી રાજપુત્રી તેના પિતા પાસે આવી બોલી કેઃ–" હે પિતાજી ! મને કુમારને યોગ્ય વેશ આપો." તે સાંભળી રાજાએ સિંહસામંતને કહ્યું કેઃ–" અરે સામંત ! આ પુત્રી આવું સંબંધ વગરનું શું બોલે છે ?" સામંતે કહ્યું કેઃ–" મહારાજ ! તેણે યોગ્ય કહ્યું છે. પહેલા પણ એવો ક્રમ હતો કે રાજપુત્રી મોટા કારણને લીધે પુત્રનો વેશ ધારણ કરતી હતી. આમાં કાંઇ પણ અયુકત નથી. તેમાં તમે સંશય ન કરો, તેને ખુશીથી પુરૂષ વેષ આપો." આ પ્રમાણે સાંભળી સિંહસામંતનું વચન યુક્તિયુકત માનીને રાજાએ પુત્રીને પુરૂષવેશ આપ્યો, અને દેશાટન માટે જવાની મંજુરી આપી. તેની સાથે થોડા સૈન્ય સહિત જવાનો સિંહસામંતને હુકમ કર્યો. પછી ત્રૈલોક્યસુંદરીએ કહ્યું કેઃ–" જો આપની આજ્ઞા હોય તો અમુક કારણવશાત્ મારે હાલ ઉજ્જયિની તરફ જવાની ઈચ્છા છે." રાજાએ મંજુરી આપી અને કહ્યું કેઃ–" મારા વંશને દૂષણ ન લાગે તેવી રીતે સર્વત્ર વર્તજે." એમ કહીને તેને ઇચ્છાનુસાર જવાની આજ્ઞા આપી.

ત્યાર પછી પુરૂષના વેશને ધારણ કરનારી સુંદરી સૈન્ય સહિત સિંહસામંતની સાથે અખંડ પ્રયાણ કરતી ઉજ્જયિની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરીએ પહોંચી. તે વખતે તે નગરીના રાજાએ " આ ચંપાપુરીનો રાજપુત્ર આવે છે. " તેમ સાંભળીને બન્નેને પરસ્પર પ્રીતિ હોવાથી તેનો યોગ્ય સત્કાર કર્યો, અને આગતાસ્વાગતા પૂર્વક તેનો નગરીમાં પ્રવેશ કરાવી તેને પોતાના મહેલમાં લઈ ગયો. પછી રાજાએ તેને આગમનનું કારણ પૂછયું, ત્યારે તેણીએ કહ્યું કેઃ-" પૃથ્વીમાં પ્રસિદ્ધ અને અનેક આશ્ચર્યોથી ભરેલી આ આપની નગરીને કૌતુકથી જોવા માટે હું અહીં આવેલ છું. " રાજાએ કહ્યું કે-" હે રાજપુત્ર ! તમારે અહીં મારે ઘેરજ રહેવું. મારામાં અને તમારા પિતામાં જરા પણ અંતર જાણવો નહિ. " તે સાંભળી રાજપુત્રી સિંહસામંત તથા સૈન્ય સહિત રાજાએ આપેલ રાજમહેલમાં રહેવા લાગી. પછી તેણીએ પોતાના સેવકોને તે નગરીમાં સુંદર સ્વાદીષ્ટ જળાશય કયા કયા છે તેની શોધ કરવા હુકમ કર્યો, ત્યારે તેઓએ તપાસ કરીને કહ્યું કે-" આ ગામમાં સ્વાદિષ્ટ જળાશય પૂર્વ દિશામાં છે. " તે સાંભળી તે સુંદરીએ રાજાની આજ્ઞા લઇને તે દિશામાં એક મહેલ ભાડે લઈને તે સ્થળે વાસ કર્યો.

એક દિવસ તે પોતાના મકાનની બારીમાં બેઠી હતી, તેવામાં તે સ્થળેથી પાણી પીવાને જતા તેના પિતાએ કન્યાદાનમાં આપેલા અશ્વોને જોઇને તેણીએ મનમાં વિચાર્યું કે-" અહો ! આ અશ્વો તો મારા પિતાનાજ છે. " આવો વિચાર કરી તેણીએ તે અશ્વોની પાછળ પોતાના સેવકો

મોકલ્યા અને તેઓને કહ્યું કેઃ-" આ અશ્વો પાછા ફરતાં જ્યાં જઈને ઉભા રહે, ત્યાં તમારે જવું અને જે સ્થળે તેમને રાખવામાં આવે તે સ્થળનું નામ, ઠામ વિગેરે સર્વ ચોકસ રીતે જાણીને પાછા આવવું." સેવકોએ તે પ્રમાણે કર્યું, અને તે સ્થાન તથા નામ વિગેરે જાણીને રાજપુત્રીને બધી હકીકત નિવેદન કરી. પછી તપાસ કરતાં મંગળકળશને અભ્યાસ કરતો જાણીને ત્રૈલોકયસુંદરીએ સિંહસામંતને કહ્યું કે-" કોઈ પણ ઉપાયવડે આપણા અશ્વોને પાછા ગ્રહણ કરીએ તો ઠીક." સિંહ બોલ્યો કેઃ-" તેના માલેકની અધ્યાપનશાળા અહીં પાસેજ છે, તેના વિદ્યાર્થીઓને ભોજન માટે નિમંત્રણ કરીએ. પછી શું કરવું તે સહજ સમજાશે." સુંદરીએ તેમ કરવાની હા કહી, એટલે ભોજનને લગતી સર્વ સામગ્રી તૈયાર કરી તેણે ઉપાધ્યાયને આમંત્રણ આપ્યું. સમય થયો ત્યારે અધ્યાપક સર્વ વિદ્યાર્થીઓ સહિત જમવા આવ્યો. તેમના મધ્યમાં પોતાના પતિને જોઈને ત્રૈલોકયસુંદરીએ તરતજ તેને ઓળખ્યો અને અત્યંત હર્ષ પામી. પછી હર્ષને લીધે તેણીએ પોતાનું આસન અને થાળ વિગેરે મંગળકળશ માટે મોકલી તેની વિશેષ ભક્તિ કરી. સર્વને ભોજન કરાવી વસ્ત્રો આપ્યાં, અને મંગળકળશને તેણે પોતાનાંજ શરીરનાં બે સુંદર વસ્ત્રો આપ્યાં. પછી તેણીએ કળાચાર્યને કહ્યું કેઃ-" આ સર્વ વિદ્યાર્થીઓમાંથી જેને સુંદર કથા કહેતાં આવડતી હોય તે મારી પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક કથા કહે. " આ સાંભળી સર્વ છાત્રોએ મંગળકળશની વિશેષ ભકિત થતી જોઇને ઇર્ષ્યાથી કહ્યું કે:-" આ સર્વમાં મંગળકળશજ વધારે પ્રવીણ છે, તે એક કથા કહેશે. " આ પ્રમાણે સર્વ છાત્રોના કહેવાથી પંડિતે મંગળકળશનેજ કથા કહેવાની આજ્ઞા આપી, એટલે અધ્યાપકની આજ્ઞાથી તે બોલ્યો કે:-" કલ્પિત કથાનક કહું કે અનુભવેલું કહું. ?" તે સાંભળી રાજપુત્રીએ કહ્યું કે:-"કલ્પિત કથાથી સર્યું, અનુભવેલુંજ કહો. " તેનાં શબ્દો સાંભળી મંગળકળશને વિચાર થયો કે:-" ચંપાપુરીમાં હું જે રાજપુત્રીને ભાડે પરણ્યો હતો, તેજ આ ત્રૈલોકયસુંદરી જણાય છે. તે કોઇ પણ કારણથી પુરૂષવેશે અહીં આવેલ જણાય છે. " આ પ્રમાણે વિચાર કરીને તે સ્વાનુભવ પ્રમાણેનું વૃત્તાંત કહેવા લાગ્યો. શરૂઆતનું, મધ્યનું અને છેવટનું પોતાનું ચરિત્ર તેણે સુબુદ્ધિમંત્રીએ પોતાના ઘરમાંથી તેને કાઢી મૂકયો સુધીનું કહી સંભળાવ્યું.

તે સાંભળી રાજકુમારીએ કૃત્રિમ કોપ કરીને કહ્યું કે– "અરે ! આવું જૂઠું બોલનારને પકડી લ્યો." તેના સેવકો તેને પકડવા લાગ્યા, એટલે તેણે તેઓને અટકાવી તેને ગૃહના અંદરના ભાગમાં લઈ ગઇ. ત્યાં તેને આસનપર બેસાડી તેણીએ સિંહસામંતને કહ્યું કે-" હું જેની સાથે પરણી છું તેજ આ મારા સ્વામી છે, માટે હવે શું કરવું યોગ્ય છે ? " ત્યારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે બોલ્યો કે-" જો આજ તમારો ભરથાર હોય તો તમારે તેને અંગીકાર કરવો." રાજપુત્રી ફરીથી બોલી કે-" હે સામંત ! જો તમારા મનમાં હજુ પણ સંશય હોય તો આને ઘેર જઈ મારા પિતાએ આપેલ વસ્તુઓ વિગેરે જોઇને વિશેષ ખાત્રી કરો. " આ પ્રમાણે તેણીએ સિંહસામંતને કહ્યું; ત્યારે તે તેને ઘેર ગયો અને ખાત્રી કરી. પછી મંગળકળશના પિતાને બોલાવી તેને સર્વ હકીકત કહી પાછો રાજપુત્રી પાસે આવ્યો. સિંહસામંતની સલાહથી તેણી સ્ત્રીવેશ ધારણ કરી મંગળકળશને ઘેર ગઇ અને તેની સ્ત્રી થઇને રહી. ઉજ્જયિનીના રાજાએ તે વાત જાણી, એટલે શ્રેષ્ઠીને બોલાવી તેણે સર્વ વૃત્તાંત સાંભળ્યો અને મનમાં અત્યંત આશ્ચર્ય પામ્યો. પછી રાજાની આજ્ઞાથી તેજ મકાનમાં મંગળકળશ રાજપુત્રી સાથે આનંદથી વિલાસ કરવા લાગ્યો. ત્રૈલોક્યસુંદરીએ સિંહસામંતને સૈન્ય સહિત ચંપાપુરી પાછો મોકલ્યો, અને તેની સાથે રાજાએ તેને આપેલ પુરૂષવેશ પણ પાછો મોકલ્યો. સિંહસામંતે ચંપાપુરીમાં આવી સર્વ વૃત્તાંત રાજાને જણાવ્યો; તે સાંભળી રાજા હર્ષ પામીને બોલ્યો કે-" અહો ! મારી પુત્રીની કળાકુશળતા તો જુઓ ! અને આ મંત્રીની પાપબુદ્ધિ પણ જુઓ ! આવી મારી નિર્દોષ પુત્રીને તેણે સદોષ તથા કલંકિત કરી. " પછી રાજાએ સિંહસામંતને ફરીથી ઉજ્જયિની મોકલ્યો, અને જમાઇ સહિત પોતાની પુત્રીને તેડાવી તેમનો સારી રીતે સત્કાર કર્યો. ત્યારપછી પેલા દુષ્ટ મંત્રીને વિડંબના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પમાડીને તેનું સર્વસ્વ લુંટી લીધું, અને તેને મારી નાખવાનો હુકમ કર્યો. તે વખતે મંગળકળશે રાજાની અત્યંત પ્રાર્થના કરીને તેને મુકાવ્યો. તેને છોડી દેતાં રાજાએ કહ્યું કે-" હે પાપીષ્ટ ! તને હું મારા જમાઈના આગ્રહથી મૂકી દઉં છું, પરંતુ તું હવે મારા આ રાજ્યમાંથી ચાલ્યો જા." મંત્રી પણ રાજાના હુકમથી તે દેશ છોડી ચાલ્યો ગયો. રાજાને કાંઈ પુત્ર ન હોવાથી મંગળકળશને પુત્રને સ્થાને રાજાએ સ્થાપન કર્યો અને તેના માતાપિતાને ત્યાંજ તેડાવી લીધા. પછી સર્વની સંમતિથી રાજાએ મંગળકળશનો રાજ્યાભિષેક કર્યો, અને તેણે યશોભદ્રસૂરિની પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

સુરસુંદર રાજાએ દીક્ષા લીધી તેમ જાણીને તથા તેના રાજ્ય ઉપર કોઇ વણિક આવેલ છે તેમ સાંભળી ઇર્ષ્યાને લીધે સીમાડાના રાજાઓ તેનું રાજ્ય લઇ લેવાની બુદ્ધિથી સૈન્ય સહિત ત્યાં આવ્યા, તે વખતે મંગળકળશે પોતાના પુન્યના પ્રભાવથી રણસંગ્રામમાં તે સર્વને લીલામાત્રમાં જીતી લીધા, એટલે તે સર્વ શત્રુઓ મિત્રરૂપે થઇ ગયા. પછી તે સુખેથી રાજ્ય પાળવા લાગ્યો. અનુક્રમે ત્રૈલોકયસુંદરીને પુત્ર પ્રાપ્ત થતાં તેનું યશઃશેખર નામ પાડયું. પુત્રના જન્મની વધામણીમાં મંગળકળશે સવ, જિનચૈત્યોમાં પૂજા, અમારી ઉદ્‌ઘોષણા અને રથયાત્રા વિગેરે ઘણાં શુભ કાર્યો કર્યાં અને ઉચિતદાન દીધાં.

એકદા તે નગરીના ઉદ્યાનમાં શ્રી જયસિંહસૂરિ પધાર્યા.-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સાંભળીને મંગળકુંભ રાજા રાણીસહિત ગુરૂને ઉદ્યાનમાં વાંદવા આવ્યા. ગુરૂને ત્રણ પ્રદક્ષિણા દઇ ભક્તિપૂર્વક વંદના કરીને તેણે પૂછયું કે:-" હે ભગવન્ ! મને વિવાહના સમયમાં વિડંબના પ્રાપ્ત થઈ અને મારી રાણીને માથે કલંક આવ્યું તે શા કર્મથી ? " સૂરિ બોલ્યા કે:-" આજ ભરતક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠ નામે નગર છે. તેમાં એક સોમચંદ્ર નામે કુળપુત્ર હતો. તેને શ્રીદેવી નામે ભાર્યા હતી. તે બંને અરસપરસ પ્રીતિવાળા હતા. સોમચંદ્ર પ્રકૃતિથીજ સદ્ગુણી, સરલ હૃદયવાળો અને સર્વલોકમાં માન્ય હતો. તેની સ્ત્રી પણ તેવાજ ગુણવાળી હતી. તેજ નગરમાં જિનદેવ નામનો એક શ્રાવક રહેતો હતો, તેને સોમચંદ્રની સાથે ગાઢ મૈત્રી હતી. એકદા જિનદેવે તેની પાસે પુષ્કળ ધન હતું છતાં પણ અધિક દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી પરદેશ જવાનો વિચાર કરી સોમચંદ્રને કહ્યું કે:-" હે મિત્ર ! હું ધન ઉપાર્જન કરવા માટે દેશાંતરમાં જાઉં છું, પરંતુ હું તને આપી જાઉં તેટલું મારૂં ધન વિધિ પ્રમાણે સાત ક્ષેત્રમાં વાપરવું. તને પણ તે પુન્યનો છઠ્ઠો ભાગ મળશે. " આ પ્રમાણે કહી દશહજાર સોનામહોરો તેને આપીને તે પરદેશ ગયો. તેના ગયા તછી સોમચંદ્રે શુદ્ધ ચિત્તવડે તેનું ધન વિધિ પ્રમાણે યોગ્ય સ્થાને વાપર્યું, તે ઉપરાંત તેણે તેની સાથે પોતાનું પણ કેટલુંક ધન વાપર્યું, તેથી તેણે ઘણું પુન્ય ઉપાર્જન કર્યું. તેની ભાર્યા પણ તે ધનવ્યયના અનુમોદનથી ઘણા પુન્યવાળી થઈ.

હવે તેજ નગરીમાં શ્રીદેવીને ભદ્રા નામની એક સખી હતી. તે નંદશ્રેષ્ઠીની પુત્રી અને દેવદત્તની ભાર્યા હતી. કેટલેક કાળે કર્મના દોષથી તે દેવદત્ત શ્રેષ્ઠી કુષ્ઠી થયો, તેથી તેની ભાર્યા ભદ્રા અત્યંત ખેદ પામી. એકદા તેણીએ પોતાની સખી શ્રીદેવીને કહ્યું કે:–" હે સખી ! મારો પતિ કોઈ દુષ્ટ કર્મના યોગે કુષ્ઠી થયેલ છે. " તે સાંભળી તેણીએ હાસ્યથી કહ્યું કે–" હે સખી ! ખરેખર તારા અંગના સંગથીજ તારો પતિ કુષ્ઠી થયો જણાય છે, તું જ મહા પાપિણી દેખાય છે, તેથી મારી દૃષ્ટિથી દૂર જા, તારૂં મુખ મને દેખાડીશ નહિ. " આ પ્રમાણેનાં સખીનાં વચનો સાંભળી ભદ્રા મનમાં અત્યંત ખેદ પામી અને ક્ષણવાર તેનું મુખ શ્યામ થઇ ગયું. થોડીવારે શ્રીદેવીએ તેને કહ્યું-કે-" હે સખી ! તું ખેદ કરીશ નહિ. મેં તો ફક્ત તારી મશ્કરી કરી હતી. " તે સાંભળી ભદ્રાના મનનો ખેદ દૂર થયો. સોમચંદ્ર પોતાની ભાર્યા સહિત મુનિના સંગથી જૈનધર્મ અંગીકાર કરી શુદ્ધ રીતે પાળી પ્રાંતે સમાધિ મરણવડે મૃત્યુ પામી સૌધર્મ નામના પેલા દેવલોકમાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. હે રાજન્ ! તે સોમચંદ્રનો જીવ સૌધર્મ દેવલોકમાંથી ચ્યવીને તું મંગળકળશ થયો છે; અને શ્રીદેવીનો જીવ ત્યાંથી ચ્યવી ત્રૈલોકયસુંદરી થઇ છે. હે રાજન્ ! તેં સોમચંદ્રના ભવમાં પરદ્રવ્યથી પુન્ય ઉપાર્જન કર્યું હતું તેના પ્રભાવથી આ જન્મમાં તું ભાડે રાજકન્યાને પરણ્યો, અને ત્રૈલોકયસુંદરીએ શ્રીદેવીના ભવમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાસ્યવડે પણ પોતાની સખીને કલંક આપ્યું હતું, તેના પ્રભાવથી તેણીને આ ભવમાં દૂષણ પ્રાપ્ત થયું."

આ પ્રમાણે ગુરૂમહારાજના મુખથી રાજા અને રાણીએ પોતાના પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળી વૈરાગ્ય પામી પોતાના પુત્રને રાજ્ય સોંપી ગુરૂની સમીપે દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી તે રાજર્ષિ અનુક્રમે સર્વ સિદ્ધાંતના પારગામી થયા. ગુરૂએ તેને આચાર્યપદે સ્થાપન કર્યા અને ત્રૈલોક્યસુંદરી સાધ્વીને પ્રવર્તિનીના પદે સ્થાપન કર્યા. અનુક્રમે તે બંને આયુષ્ય પૂર્ણ કરી શુભ ધ્યાનવડે કાળધર્મ પામીને પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા; ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પામીને ત્રીજે ભવે તે બંને મોક્ષપદને પામશે."

ઇતિ મંગળકળશ કથા.

# પ્રકરણ ૧૦ મું.

## વીરસેન તથા વિમળા રાણીએ લીધેલ દિક્ષા.

અદ્‌ભૂત આશ્ચર્ય ઉત્પન્ન કરનાર **મંગળકળશનું** આ સુંદર કથાનક પૂર્ણ કરીને પ્રભુએ સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવે તેવી અન્ય બોધક વચનોથી ભરેલી દેશના સમાપ્ત કરી. આ દેશના સાંભળીને ઘણા જીવો વૈરાગ્યરસથી ભીંજાયા, અસાર સંસારને છોડી દેવા તત્પર થયા અને ક્ષયોપશમ પ્રમાણે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાગભાવ આદર્યો. વીરસેન રાજાને, ચિંતવેલ પુત્રના મૃત્યુના ઉપાયોથી રાત્રીના સમયેજ વૈરાગ્યરાગ ઉત્પન્ન થયો હતો, તેમાં સાક્ષાત્ તીર્થંકર ભગવાન પધારવાથી અને અમૃત જેવી તેમની દેશનાના શ્રવણથી તેને વિશેષ વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને પાણીમાં જેમ વસ્ત્ર ઉપરનો કાચો રંગ ઉડી જાય તેમ તેની સંસાર ઉપરની વાસના ઉડી ગઇ, અને દીક્ષા લેવા તે તત્પર થઈ ગયા. પ્રભુને થોડો વખત ત્યાં સ્થિરતા કરવા વિનંતિ કરી રાજમંદિરે આવી મંત્રી વિગેરેને પૂછીને તરતજ તેણે ચિત્રસેનને રાજય આપવાની તૈયારી કરાવી, અને રાજયભાર બધો ચિત્રસેન ઉપર નાખ્યો. સર્વે મંત્રી, અન્ય અધિકારી તથા પ્રજાના આગેવાનોને બોલાવીને તેણે કહ્યું કેઃ–" હું મારા પુત્રને મારો બધો ભાર આપું છું. જેવી રીતે તમે સર્વેએ મારી સાથે વર્તન રાખ્યું છે તેવીજ રીતે તેની સાથે વર્તન રાખજો, અને જેવું મને માન આપતા હતા તેવુંજ માન તેને આપજો, અને મારી જેમજ તેની આજ્ઞાનું પાલન કરજો." મોહનો સંગાથ છોડવા તત્પર થયેલ રાજાએ રાણીને કહ્યું કેઃ–" ઘરનું યોગ્ય રીતે પાલન કરજો, ચિત્રસેનને તમારા પુત્રતુલ્યજ ગણજો, અને હું હવે દીક્ષા લેવા જિનેશ્વર પાસે જાઉં છું. " રાજાનાં આવાં વચનો સાંભળીને રાણીએ વિનંતિ કરી કેઃ–" સ્વામિન્ ! હું તમારી વગર એક ક્ષણ પણ રહી શકું તેમ નથી, તમારા વગર સૃષ્ટિ મને તો શૂન્યમયજ લાગે છે. કુળવંતી સ્ત્રીને માટે કહ્યું છે કેઃ—

तावद् राज्यसुखं देव!, तावत् शृंगारभूषणं ।
स्त्रीणां भोगसुखं तावद्–, यावन्नाथो हि सन्निधौ ॥

" જ્યાં સુધી પતિ સાન્નિધ્યમાં હોય ત્યાં સુધીજ કુળવતી સ્ત્રીને રાજ્યસુખ, ધનવૈભવસુખ, શૃંગાર-ભૂષણની શોભા અને ભોગસુખ સારાં લાગે છે."

વીરસેન રાજાએ કહ્યું કેઃ–" તારો પુત્ર હજુ નાનો છે, તેનું પાલનપોષણ કર–તે મોટો થશે ત્યારે તને ઇચ્છિત સુખ આપશે, અને તેનું સુખ જોઈને તું આનંદિત થજે." તે સાંભળી રાણીએ કહ્યું કેઃ–" અહો! કોના પુત્ર ને કોની સંપદા! કેવું સુખ અને કેવો આનંદ! કેવો વૈભવ અને કેવી તૃપ્તિ! સ્ત્રીને ભરથાર વગર આ દુનિયામાં સર્વ વિષ તુલ્યજ છે." આ પ્રમાણે રાણીનો આગ્રહ થવાથી રાજાએ તેને પોતાની સાથે દીક્ષા લેવાની સંમતિ આપી, અને તેના વૈરાગ્ય રંગથી રાજી થયેલા રાજા સર્વ કાર્યથી પરવારી સંસાર ભાર ઓછો કરી તેને સાથે લઇને દીક્ષા લેવા માટે શ્રી વીર-ભગવાનના સમવસરણમાં પ્રભુ પાસે આવ્યા. ચરમ તીર્થંકરને નમસ્કાર કરીને અને જગદ્ગુરૂની શુદ્ધભાવથી સ્તવના કરીને રાજાએ રાણી સહિત વિનયથી મસ્તક નમાવીને ભવસંસાર-મોચિની દીક્ષા ગ્રહણ કરી. ખડ્ગ ધારની ઉપમા જેવા વ્રતને ધારણ કરીને નિરતિચારપણે ચારિત્રને પાળતા ભવ્યજીવોને પ્રતિબોધતા અને સ્વકર્મોની નિર્જરા કરતા પૃથ્વીતળને પાવન કરતા ભગવંતની સાથે તેઓ વિહાર કરવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૧ મું.

## સર્પનો ઉપદ્રવ અને રત્નસારનું પત્થર થઇ જવું.

ચિત્રસેન રાજા પ્રજાનું સારી રીતે રક્ષણ કરવા લાગ્યો, અને રત્નસારને તેણે મંત્રીપદે સ્થાપન કર્યો. તેના સર્વ મંત્રીઓમાં તેને મુખ્ય સ્થાન આપ્યું. અને પોતાના ભુજાબળ તથા શૌર્યથી પૃથ્વી ઉપર વિજય ડંકો વગડાવતો તે સુખેથી રાજ્યની પરિપાલના કરતો હતો. એક વખતે રત્નસાર મંત્રીને વિચાર થયો કેઃ-" પુન્યના યોગથી રાજાનાં ત્રણે વિઘ્નો તો દૂર થયાં, દુનિયામાં પુન્ય અને શુભકૃત્યો જ ખરેખરાં સારભૂત છે. " આ પ્રમાણે વિચારી રત્નસારે ચિત્રસેનને કહ્યું કેઃ- "અહો ! આ દુનિયામાં પુન્યજ રાજ્ય અને સુખ આપનાર કહેલ છે, સર્વ મનોવાંછિત તેનાથીજ પ્રાપ્ત થાય છે, દુષ્ટ દુશ્મનોનો અને સર્વ પ્રકારનાં અરીષ્ટોનો પણ તેનાથીજ નાશ થાય છે, અને ઇચ્છિત કાર્યોની સિદ્ધિ થાય છે; તેથી શ્રી તીર્થંકર ભગવાને કહ્યાં છે તેવાં ઉત્તમ કાર્યો કરીને જેમ બને તેમ વધારે પુન્ય ઉપાર્જવા પ્રયત્ન કરો, કે જેથી તમારાં બધાં ભાવી વિઘ્નોનો નાશ થઈ જાય અને ઈચ્છિત વસ્તુઓ શિઘ્ર આવીને મળે. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બુદ્ધિશાળી મનુષ્યને જે કાંઇ ઉપદેશ મળે તે તેના હૃદયમાં તરતજ વસે છે, તદનુસાર વર્તવા તરતજ તે ઉદ્યુકત થાય છે. તેથી મિત્રનો આવો ઉપદેશ સાંભળીને ચિત્રસેને જિનાલય, જિન ચૈત્યોનો ઉદ્ધાર, દીનોનો ઉદ્ધાર, જીવદયા, પશુ–પક્ષી તથા સર્વ જીવોની પ્રતિપાલના, જિનેશ્વર ભગવંતની પૂજા, યથાશકિત વ્રત–નિયમાદિ ગ્રહણ, વિગેરે પુન્યનાં કાર્યો પદ્માવતીની સાથે શરૂ કર્યાં. આ પ્રમાણે પ્રિયા અને ત્રીજા રત્નસારની સાથે શુભ કાર્યો કરવામાંજ સર્વદા તત્પર તે પુન્યશાળી રાજા આખો દિવસ પરોપકારમાંજ પરાયણ રહેતો હતો. તે ત્રણે બધો વખત એકજ સ્થળે રહેતા હતા, એક સાથેજ જમતા હતાં અને શયન પણ સાથેજ કરતા હતા. રત્નસાર મિત્રના ગુણોથી આકર્ષાઇને તેની ભક્તિમાંજ સર્વદા તત્પર રહેતો હતો. આ પ્રમાણે આનંદથી એકઠાં રહેતાં, ધર્મકાર્યો આચરતાં, સાંસારિક સુખો ભોગવતાં તથા રાજકાર્યો સુખેથી કરતાં કેટલોક કાળ વ્યતીત થઇ ગયો.

એક વખતે રાત્રીના સમયમાં સુખનિદ્રાવડે સર્વે સુતા હતા, અને રત્નસાર જાગ્રત અવસ્થામાં તેમની રક્ષા કરતો હતો તે વખતે પર્યંકની બાજુમાં એક મોટો સર્પ તેણે દેખ્યો. યક્ષનાં વચનને સંભારતો તે તરતજ બેઠો થયો, હાથમાં તેણે ખડ્ગ લીધું અને એકજ ઘાથી તેણે તે ભયંકર સર્પના બે કટકા કરી નાંખ્યા. તેના શરીરમાંથી ઉડેલ વિષમિશ્રિત લોહીનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ટીપું પદ્માવતીની જંઘા ઉપર પડયું અને તેને ઝેર ચઢશે તેવી ભીતિથી વસ્ત્રના છેડાવડે રત્નસારે તે લોહીના ટીપાને લુછી નાખ્યું. આ સમયે અચાનક દૈવયોગથી રાજા જાગ્રત થયો, અને "આ તું શું અકાર્ય કરે છે ?" તેમ તેણે મંત્રીને પૂછયું. રાજાને જાગ્રત થયેલ દેખીને રત્નસાર કંપાયમાન થઇ ગયો, અને તેને વિચાર થયો કેઃ-"આ તો એક બાજુ નદી અને એક બાજુ વાઘ એવો ન્યાય થયો છે. હું ખરેખર સંકટમાં આવી પડ્યો છું. જો હું સત્ય બોલીશ તો હું પત્થર થઇ જઇશ, અને જો ખોટું બોલીશ તો રાજાને મારે માટે ખોટો ખ્યાલ આવશે. મારા વિરૂદ્ધનો વિચાર તેને થશે. અરે ! સત્ય કહ્યું છે કે-રાજા કોઈ વખત કોઇના થતાજ નથી, તે ઉપકારને ગણતા નથી, કરેલ સેવા કે બતાવેલ શૌર્યને ભૂલી જાય છે, તેઓ ખરેખરા દુર્જન જેવાજ છે.' આ પ્રમાણે વિચાર કરીને તે ઉત્તમ મંત્રીએ રાજાને કહ્યું કે-" સ્વામી પાસે તેને હિતકર હોય તેવું અને સત્ય વચનજ બુદ્ધિશાળીએ બોલવું. મિત્ર પાસે સત્ય, સ્ત્રી પાસે પ્રિય લાગે તેવું, શત્રુ પાસ ખોટું કે મધુર લાગે તેવું, અને સ્વામી પાસે અનુકૂળ અને સત્ય વચનજ બોલવું. સ્વામિન્ ! જો બનેલી બધી સત્ય હકીકત આપની પાસે નિવેદન કરીશ, તો હું તરતજ પાષાણરૂપ થઇ જઇશ; માટે હવે તે બાબતમાં શું કરવું તે માટે આપનો નિશ્ચય જણાવો તદનુસાર વર્તીશ." આ સાંભળીને રાજાએ કહ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે–" તુ જે કાંઈ સત્ય હકીકત હોય તે નિવેદન કર. વચન માત્ર બોલવાથી કોઈ પાષાણમય થઇ જતું નથી. તેવા ઢોંગ કરવાથી કાંઇ ફાયદો નથી." આવાં રાજાનાં અયુક્ત વચનો સાંભળીને મનમાં ખેદ પામતા રત્નસારે સાહસ તથા ધીરજને ધારણ કરીને યક્ષ પાસેથી જે હકીકત સાંભળી હતી તે કહી બતાવી. તેણે કહ્યું કે–"પદ્માવતી સાથે આપનાં લગ્ન થઈ ગયા પછી પદ્મપુરીથી આ તરફ આવવા આપણે નીકળ્યા ત્યારે જંગલમાં એક મોટા વડવૃક્ષની નીચે આપણે વિસામો લીધો હતો તે આપને યાદ હશે. તે વખતે રાત્રે જાગતાં યક્ષ પાસેથી આપની ઉપર આવવાના ભાવી ચાર સંકટોની મેં વાત સાંભળી હતી. પ્રથમ જે અશ્વ આપને નગરમાં પ્રવેશવા આપ્યો હતો તેનાથીજ આપને વિઘ્ન હતું, પણ મને તે હકીકતની ખબર પડવાથી તે ઘોડાને મેં બદલી નાખ્યો." આટલી હકીકત કહેતાં રત્નસાર જાનુ સુધી પથ્થરમય બની ગયો, આટલું દેખતાં પણ રાજાએ તેનો હઠાગ્રહ છોડ્યો નહિ, અને આગળ હકીકત કહેવા દુરાગ્રહ કર્યો. આવો દુરાગ્રહ થવાથી મંત્રીએ દરવાજા પાસે આવેલ કૃત્રિમ દરવાજાની સંચા સાથેની ગોઠવણનો બનાવ વર્ણવી બતાવ્યો. આ વર્ણવતાં તે કટી પર્યંત પાષાણમય બની ગયો, તોપણ ત્યારપછી શું બન્યું તે કહેવાનો આગ્રહ રાજાએ ચાલુજ રાખ્યો, ત્યારે વિમળા રાણીએ આપેલ વિષમય મોદકો અને લઘુલાઘવી કળાથી તેમાં તેણે કરેલ ફેરફારનો ત્રીજો બનાવ તેણે વર્ણવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બતાવ્યો, અને તે વર્ણવતાંજ તે કંઠ સુધી પાષાણુમય બની ગયો. તે રાત્રીએ બનેલ પછીનો બનાવ વર્ણવવા હજુ રાજાએ હઠ પકડી રાખી, અને તેણે તે વર્ણવતાં કહ્યું કે– "જ્યારે તમે અને રાણી પલ્યંકમાં સુખનિદ્રામાં સુતા હતા, ત્યારે પલંગની બાજુમાં સાંકળ ઉપરથી એક ભયંકર દૃષ્ટિ-વિષ સર્પ ઉતરતો મેં દીઠો. તેથી મેં તે દુષ્ટ સર્પને મારી નાખ્યો, પણ તેમ કરતાં રાણીના સાથળ ઉપર વિષમિશ્રિત લોહીનું એક બિંદુ પડી જવાથી વિષ ચઢવાની બીતિથી મેં તે ટીપું વસ્ત્રના છેડાવડે લુછી નાખ્યું. સ્વામિન્ ! આપને ભવિષ્યમાં આવવાની આ ચાર આપત્તિઓનું વૃત્તાંત યક્ષ પાસેથી મેં સાંભળ્યું હતું. તે સર્વ આપત્તિઓ પુન્યના યોગથી વિસરાળ થઇ ગઇ છે, અને હવે આપને ભાવી કોઇ આપત્તિ આવનાર નથી." આટલું બોલતાં તો રત્નસારનું આખું શરીર પાષાણુમય થઇ ગયું અને નિશ્ચેષ્ટ થઇને તે ભૂમિ ઉપર પડ્યો. દેવની વાણી કદિ પણ ખોટી થતી નથી.

---

**પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય**–દરેક બ્હેનોએ આ પુસ્તક ખાસ વાંચવા જેવું છે; કારણકે તેમાં ધૈર્યતા, વીરતા અને સહનશીલતાનાં ગુણો સહેજે પ્રગટી નિકળે તેવી ઘટના યોજવામાં આવી છે. કિંમત રૂા. ૧-૮-૦ શીલીકમાં જુજ નકલ છે.

# પ્રકરણ ૧૨ મું.

## રાજાનો વિલાપ અને રત્નસારને પાષાણમય મટાડવા કરેલા પ્રયત્નો.

મિત્ર ઉપર આવેલ આ સંકટ દેખીને રાજા તો એકદમ ગભરાઇ ગયો—મુંઝાઇ ગયો. પોતાનાં દુરાગ્રહનો ખેદ કરવા લાગ્યો, અને મિત્રનાં ગુણો વારંવાર સંભારતો મૂર્છા ખાઇને ભૂમિ ઉપર પડી ગયો. શીતોપચારથી જ્યારે તે શુદ્ધિમાં આવ્યો, ત્યારે તે અતિશય રૂદન કરવા લાગ્યો કેઃ—" અરે મિત્ર! મને અહીં છોડી દઇને તું કયાં ચાલ્યો ગયો? મારી આપત્તિઓને દૂર કરનાર, કૃતજ્ઞ પુરૂષોમાં શિરોમણિ એવા હે મિત્ર! તારી વિના હવે મારાથી જીવી શકાશે નહિ. આવો દુષ્પ્રાપ્ય મિત્રરત્ન હારી જનાર મને ધિક્કાર છે! તેની સત્ય હકીકત લક્ષ્યમાં ન લેનાર મારી જેવા મૂઢને વારંવાર ધિક્કાર છે! અહો! ભવિતવ્યતા પ્રમાણેજ મનુષ્યને બુદ્ધિ થાય છે. અહો! દુષ્ટ બુદ્ધિવાળા મેં મારા પરોપકારી મિત્રને નકામો સંકટમાં નાખ્યો. અરે! મિત્ર વગર આ મારૂં રાજ્ય નકામું છે, મારો દેશ ફોકટનો છે, સુખ તથા વૈભવ અર્થ વગરના છે, તેમજ મારૂં ધન, ધાન્ય અને મારૂં જીવિત પણ નિષ્ફળજ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેના વિયોગથી હવે હું કોઇ પણ રીતે પ્રાણ ધારણ કરી શકું તેમ નથી, તેથી હવે હું પણ મારા પ્રાણનો અવશ્ય ત્યાગ કરીશ; કારણ કે ઇષ્ટ બંધુઓનો-ઇષ્ટ વસ્તુનો વિયોગ થાય ત્યારે પ્રાણત્યાગ કરવો તેજ હિતાવહ છે. તેની વગર જીવી શકાતું જ નથી." આ પ્રમાણે કલ્પાંત કરતાં ચિત્રસેન રાજાએ પોતાનો પણ પ્રાણત્યાગ કરવાનો નિર્ણય કર્યો, અને તે બાબતની જ્યારે તે તૈયારી કરાવવા લાગ્યો, ત્યારે પદ્માવતીએ તેનો આશય સમજી જઇને મનમાં વિચાર કર્યો કે:-" અરે ! આ તો મોટા અપવાદનું કાર્ય થશે. રાજા આપઘાત કરે ત્યારે મહા અનર્થ થઈ જાય, તેથી કોઇ ઉપાયવડે હાલ તો આ કાર્યમાં વિલંબ કરાવવો તેજ યોગ્ય છે. પછી આગળ જેમ બનવાનું હશે તેમ બની રહેશે." આ પ્રમાણે વિચાર કરીને તેણે રાજાને કહ્યું કે:-" સ્વામિન્ ! કાયરપણું છોડો, ધૈર્યનું અવલંબન કરો, હિંમત રાખો અને આવે સમયે જે કાંઇ યથોચિત કાર્ય હોય તે કરો. આત્મઘાતનો વિચાર કરવો તે તો કાયર પુરૂષનું કામ છે. આપની જેવા પરાક્રમી અને હિમ્મતવાળા નૃપતિ માટે તો તે તદ્દન અયોગ્ય છે. રત્નસાર મિત્ર ફરીથી જીવિતવ્ય પામે, તેનું પાષાણપણું ચાલ્યું જાય તે માટે ધીરજ રાખીને ઉદ્યમ કરો. તે માટે દાનશાળા કરાવો, અને બહારથી આવતા દરેક અતીથિને તેમાં ઉત્તમ વસ્તુઓનું યથેષ્ટ દાન મળે તેવો પ્રબંધ કરો. આ વાત બહાર ફેલાવાથી લોભથી લોભાઇને રક્ત અંબર ધારણ કરનારા જટાધારીઓ, સંન્યા-

સીઓ, યોગીઓ કાપાલિકો, મંત્ર-તંત્ર વિદ્યામાં નિપુણ અને મરણ તથા જીવનની કળામાં કુશળ અનેક મનુષ્યો તે શાળામાં આવશે. તેઓમાંથી કોઇ ખરેખર આ રત્નસારની પાષાણમયતા દૂર થાય તેવો ઉપાય બતાવશે જેથી આપણો મનોરથ સિદ્ધિ પામશે, અને મિત્રનો વિયોગ દૂર થશે.” આ તેનો ઉપાય સાંભળીને રાજાએ તરતજ દાનશાળા કરાવી, અને તેમાં મોટાં મોટાં દાન આપવા માંડ્યા. તેનાથી ખેંચાઇને ઘણા વિદેશી યોગીઓ તથા સાધુ અને બાવાઓ તે નગરીમાં આવ્યા. આ સર્વને રાજા મિત્રના નિરોગી થવાનો ઉપાય પૂછતો હતો. તેઓ જે જે વિધિ દેખાડતા હતા, તે પ્રમાણે રાજા બધું કરતો હતો, પણ મિત્રનું કષ્ટ ગયું નહિ; ઘણાં ઉપાયો કર્યાં, પણ રત્નસાર પુનઃ ચેતના પામ્યો નહિ, તેથી રાજા રાણી બહુ દુઃખી થયા અને ચિંતામાં દિવસો ગાળવા લાગ્યા. મિત્રના શોકથી આકુળ વ્યાકુળ થયેલ રાજાએ રાજસભામાંથી ગીત, નૃત્ય, વાદન બધું બંધ કર્યું, અને રાજ્યની પણ તેણે ચિંતા છોડી દીધી. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થઈ ગયો, ત્યારે એક વખત રાજાને વિચાર આવ્યો કે: “જે મહાત્મા યક્ષે આ વિઘ્નોની હકીકત કહી હતી, તેનેજ આ મિત્રના નિરોગી થવાનો ઉપાય પૂછીએ, તે જરૂર તે બાબતનો પ્રતીકાર બતાવશે.” આ પ્રમાણે રાત્રે સૂતાં સૂતાં રાજાએ વિચાર કર્યો. રાત્રી પૂર્ણ થઈ અને સૂર્યોદય થયો કે તરતજ રાત્રીએ આવેલ વિચારનો અમલ કરવા રાજા તત્પર થઇગયો, અને જુના મંત્રીને રાજ્યનો ભાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપીને તેણે તે વટવૃક્ષ પાસે જવા પ્રિયાની અનુમતિ લઇને સારે દિવસે શુભ મુહૂર્તે હાથમાં ખડ્ગ ધારણ કરીને પ્રયાણ કર્યું.

અવિચ્છિન્ન પ્રયાણથી ચાલતો તે કેટલેક દિવસે ઈચ્છિત સ્થળે આવ્યો, અને શ્રાંત થઇ જઇને ચિંતાના ભારથી વ્યાપ્ત થયેલ અને મિત્રના શોકથી દુઃખી થયેલ ચિત્રસેન ઝાડની નીચે સુતો. વિયોગ તથા શોકથી આર્ત્ત થયેલ તેને નિદ્રા ન આવી અને જળવગર જેમ માછલું તરફડે તેમ તે વૃક્ષની નીચે સુતો સુતો તરફડતો હતો. આવી સ્થિતિમાં વૃક્ષ ઉપર રહેલ યક્ષિણીએ તેને દીઠો અને તેણે હૃદયમાં દયા આવવાથી યક્ષને પૂછયું કે-"સ્વામિન્! આ નીચે કોણ સુતેલ છે? તે બહુ દુઃખી દેખાય છે, તો એવું શું મહાન્ દુઃખ તેને આવી પડયું છે? કૃપા કરીને આ પુરૂષની હકીકત જણાવો." યક્ષે કહ્યું કે-"પ્રિયે! ઘણા વખત પહેલાં પોતાની પત્ની, સૈન્ય અને મિત્ર વિગેરેને સાથે લઇને જે અહીં આવ્યો હતો, અને આ વૃક્ષની નીચે પરિવાર સહિત રાત્રી ઉલ્લંઘવા જેણે પડાવ નાખ્યો હતો, તે આ રાજપુત્ર છે. આ રાજપુત્ર ગુણોનું ધામ છે. અનેક ઉત્તમ ગુણોથી વિભૂષિત છે, પણ પ્રિય મિત્રના વિયોગથી તે દુઃખી થયો છે-શોકાક્રાંત થયો છે, અને તે ઇષ્ટ મિત્રનો વિયોગ ટાળવા અહીંતહીં ભ્રમણ કરે છે." આ સાંભળીને યક્ષિણીએ પૂછયું કે-"સ્વામિન્! તેને મિત્રનો વિયોગ કેવીરીતે થયો?" તે સાંભળીને યક્ષે કહ્યું કે-"પ્રિયે! તેનું કારણ સાંભળ. તે વખતે મેં તને કહ્યું હતું કે આ રાજકુમાર

ઉપર ચાર વિઘ્નો આવવાના છે, અને તે વિઘ્નો કેવીરીતે આવશે તે પણ કહ્યું હતું. તેના મિત્રે આ હકીકત બરાબર સાંભળીને બુદ્ધિનો ઉપયોગ ચલાવી તે વિઘ્નો દૂર કર્યા, અને આ રાજાને વિઘ્નરહિત કર્યો. મેં વળી કહ્યું હતું કે આ હકીકત જે સાંભળનાર કોઈને કહેશે તો તે પથ્થર રૂપ થઈ જશે. આ હકીકત આ રાજપુત્રના દુરાગ્રહથી તેના મિત્રે તેને વિગતથી કહી સંભળાવી અને તે કહેતાંજ તે પાષાણમય થઈ ગયો. તેના વિયોગ દુઃખથી દુઃખી થયેલા આ રાજાએ તેને માટે ઘણા ઉપાયો કર્યા, પણ હજુ તેનો કાંઇ પ્રતીકાર તેને મળ્યો નથી. સ્નેહ દુઃખરૂપી વૃક્ષનું મૂળ છે, અને સ્નેહ અનેક પ્રકારનાં અનર્થોના કારણભૂત થાય છે." આ હકીકત સાંભળીને આ દુઃખી મનુષ્ય ઉપર દયા આવવાથી દયાળુ ચિત્તવાળી યક્ષિણીએ યક્ષને પૂછ્યું કે–"સ્વામિન્ ! આનો કાંઈ પ્રતીકાર છે કે નહિ ?" તેનો આ પ્રશ્ન સાંભળીને યક્ષે કહ્યું કે–"આ જે કુરૂપતા તેના મિત્રને થઇ છે તેનો ઉપાય કહું છું તે સાંભળ. જો કોઈ ચારિત્રશાળી શિયલસંપન્ન શુદ્ધ સદાચારવાળી સ્ત્રી તેના પુત્ર સહિત તે પાષાણનો સ્પર્શ કરે તો તે તરતજ અસલરૂપ પામી જશે." આ પ્રમાણેની બધી વાર્તા સાંભળીને અને પ્રતીકાર જાણીને ચિત્રસેનને હૃદયમાં બહુ આનંદ થયો અને સુખનિદ્રાપૂર્વક રાત્રીએ સૂઈ ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૩ મું.

## પદ્માવતીનાં શિયળ ગુણની કસોટી અને રત્નસારના વિઘ્નનો નાશ.

યક્ષનાં વચનથી હૃદયમાં સંતુષ્ટ થયેલ ચિત્રસેન પ્રાતઃકાળે વહેલો જાગ્રત થઇ નમસ્કારાદિનું સ્મરણ કરી પ્રાતઃકૃત્ય કરીને પોતાના નગર તરફ ચાલ્યો. અવિલંબ પ્રયાણ કરતો તે કેટલેક દિવસે વસંતપુર નગરમાં આવ્યો. તેને આવેલ દેખીને આખી પ્રજા બહુ આનંદિત થઇ અને પદ્માવતી પતિને દેખીને પ્રેમથી પરવશ થયેલી અતિશય હર્ષિત થઈ. તે અવસરે રાણીને પ્રસુતિનો સમય નજીક આવતો હતો, તેથી “ પુન્યના પ્રભાવથી મારાં વાંછિતની સત્વર સિદ્ધિ થશે. ” તેમ વિચારતો રાજા આનંદથી ઉભરાતા હૃદયવડે દિવસો નિર્ગમવા લાગ્યો. સદાચારનાં કાર્યોમાં તે વિશેષ તત્પર રહેવા લાગ્યો, દાનાદિ વિશેષ કરવા લાગ્યો, ધર્મકાર્યોમાં વિશેષ લક્ષ્ય આપવા લાગ્યો. અને પ્રિયા સાથે આનંદ કરતો રાજ્યભાર સુખેથી નિર્વહવા લાગ્યો.

અવસર થતાં સારે દિવસે શુભ મુહૂર્તે તથા ગ્રહાદિનો શુભ સંચાર હતો તેવે વખતે જેવીરીતે પૂર્વ દિશામાંથી દિનકર પ્રગટે છે તેવીરીતે નૃપપ્રિયાએ સુપુત્રને જન્મ આપ્યો. પુત્રનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જન્મ થતાં રાજા અને પ્રજા બહુ આનંદ પામ્યા, સર્વે વધામણી આપવા લાગ્યા, રાજાએ નગરમાં મોટો મહોત્સવ કર્યો, અને તીર્થંકર પરમાત્માની અનેક સુગંધી પદાર્થોના ઉપયોગ પૂર્વક મોટી જિનપૂજા રચાવી. વળી દીન પુરૂષોનો ઉદ્ધાર કર્યો, ઋણી પુરૂષોનાં ઋણ દઈ દીધાં, બંદીખાના છોડી દીધાં, લોકોને કરમુક્ત કર્યાં, યાચકોને ઇચ્છિત વસ્તુઓ આપી, અને શુભ વસ્ત્રો અને અલંકારો આપીને સ્વજનોને સંતોષ્યા. ધર્મપરાયણ તે રાજાએ અનુક્રમે છઠે દિવસે જાગરણ કરીને યાચકોને ફરીથી મનોવાંછિત દાન આપ્યું. બારમે દિવસે રાજાએ સર્વ જ્ઞાતિબંધુઓને ભોજન કરાવ્યું, અને પુત્રનું ગર્ભમાં સંક્રમણ થવા પછી પોતાના કુટુંબમાં ધર્મની ઘણી વૃદ્ધિ થઈ હતી, તેથી તેવા ઉત્તમ ગુણનિષ્પન્ન પુત્રનું **ધર્મસેન** નામ પાડયું. ત્યારપછી સ્વજનોથી પરવરેલ રાજા પદ્માવતીને સાથે લઇને વાજતે ગાજતે દાનશાળાએ ગયો. યક્ષનાં વચનો સંભારીને શિલારૂપ થઇ ગયેલ રત્નસારને વિધિપૂર્વક આનંદથી સ્નાન કરાવ્યું, અને પદ્માવતીને તે પાષાણમય રત્નસારને પુત્રને ખોળામાં રાખીને સ્પર્શ કરવા તેણે સૂચના કરી. પદ્માવતીએ ધર્મસેનને પોતાના ખોળામાં બેસાડીને અને હૃદયમાં પંચ પરમેષ્ઠી મહામંગળકારી નવકાર મંત્રનું સ્મરણ કરીને આ પ્રમાણે કહ્યું કે–"અરે લોકપાળો ! ગ્રહો ! સૂર્ય ! ચંદ્ર ! નક્ષત્રો ! ક્ષેત્રપાલો ! નજીક રહેલ સર્વે વૈમાનિક દેવો ! નગરજનો ! જ્ઞાતિબંધુઓ ! તમે બધા ધ્યાનપૂર્વક સાંભળો. જો મન, વચન

અને કાયાથી મારૂં શિયળ નિર્મળ હોય, જો રાજા સિવાય અન્યની મેં કદિપણ ચિંતવના કરી ન હોય, તો મારા હસ્તના સ્પર્શથી મંત્રીરાજ તરત સાજા થાઓ, તેમની પાષાણમયતા દૂર થાઓ." આ પ્રમાણે સર્વને સંબોધીને તેણે તે પથ્થરને હાથવડે સ્પર્શ કર્યો, એટલે યક્ષનાં વચનાનુસાર જેવીરીતે સુતેલ માણુસ નિદ્રામાંથી જાગે તેવીરીતે રત્નસાર પાષાણમયતા તજી દઇ આળસ મરડીને બેઠો થયો. રાજા તો તેને સચેતન થયેલ જોઇને અતિશય હર્ષિત થયો, હર્ષાશ્રુથી ઉભરાઈ ગયો, એકદમ દોડીજઈને તેને ભેટી પડ્યો, અને તેણે પોતાનાં અશ્રુથી તેને ન્હવરાવી દીધો. રત્નસારે પણ સર્વને નમસ્કાર કરી યથોચિત વિનયપૂર્વક સર્વ સાથે મેળાપ કર્યો. પુત્રજન્મથી હજુ તાજોજ આનંદ થયો હતો, તેમાં મિત્રના ઉદ્ધારથી અતિશય વધારો થયો. ઘી અને સાકરના સંયોગ જેવો ઉત્તમ યોગ બનવાથી સર્વે અતિશય આનંદ પામ્યા. પછી ચિત્રસેન-રાજા રત્નસારની સાથે આનંદ કરતાં સુખેથી રાજ્ય પાળવા લાગ્યો. હમેશાં ધર્મ અને કર્મમાં પરાયણ થઇ તેઓ આનંદમાં દિવસો પસાર કરતા હતા. તે શિષ્ટ પુરૂષોનું રક્ષણ કરવામાં, દુષ્ટ પુરૂષોનું દમન કરવામાં અને દાનાદિ શુભકાર્યો કરવામાં હમેશાં તત્પર રહેતા હતા. ધર્મકાર્યમાં પરાયણ રાજા, મંત્રી અને પદ્માવતી સાથે વિશેષ વિશેષ ધર્મક્રિયા કરતાં આનંદ અને સુખ ભોગવતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૪ મું.

## ચિત્રસેનનું શૌર્ય, ઉદારતા તથા પરાક્રમો.

એક વખતે મંત્રીસહિત સભામાં બેઠેલ તે રાજાની પાસે એક વિદેશી માણસ આવ્યો અને કહ્યું કે-"મહારાજ! સિંહપુરનો રાજા સિંહશેખર ગર્વથી ઉદ્ધત થઇ ગયો છે અને અમારા સીમાડાનો તેના સૈન્યવડે નાશ કરે છે અને લોકોને રંજાડે છે. વળી તે આપણો દંડ આપતો નથી, આપણા માણસોની સેવા કરતો નથી અને મુસાફરોનો સામાન તથા ધનમાલ વિગેરે લુંટી લે છે; માટે તે બાબતમાં તાકીદે બંદોબસ્ત કરવાની જરૂર છે." આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને ચિત્રસેન રાજા કોપથી એકદમ ઉભો થઇ ગયો, મ્યાનમાંથી તરવાર બહાર કાઢી અને યુદ્ધનું રણવાદિત્ર વગડાવ્યું. ભેરીનો અવાજ સાંભળીને યોદ્ધાઓ પોતાનાં શસ્ત્રો લઇને એકદમ તૈયાર થઇ ગયા અને તેઓ યમની જેવા આકારવાળા ભયાનક દેખાવા લાગ્યા. પછી ચારે પ્રકારના સૈન્યથી પરવરેલ ચિત્રસેન રાજા વાજીત્રના નાદથી પ્રેરાયલ પોતાના નગરથી તરત બહાર નીકળ્યો. મહા પરાક્રમી તે રાજા પ્રયાણ કરતો અનુક્રમે દંડકારણ્યમાં આવ્યો, અને એક છાયાવાળા સ્થળમાં પડાવ નાખ્યો. રાત્રીને સમયે સર્વ યોદ્ધાઓ નિદ્રા લેતા હતા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વખતે અકસ્માત્ રાજાએ દૂર કોઇના રૂદનનો સ્વર સાંભળ્યો અને તેણે વિચાર કર્યો કેઃ-" આવી નિર્જન અટવીમાં આ કોના રૂદનનો સ્વર સંભળાતો હશે ? ખરેખર કોઇ દુઃખી મનુષ્યનું રૂદન સંભળાય છે, તેથી તેને સહાય કરવી તે મારો ધર્મ છે." આવો વિચાર કરી હાથમાં ખડ્ગ લઈને જે દિશામાંથી સ્વર આવતો હતો તે દિશા તરફ તે ચાલ્યો. થોડે દૂર તે ગયો તે વખતે એક વૃક્ષની નીચેના ભાગમાં તેણે એક પુરૂષને દીઠો. તે પુરૂષને સાંકળવડે બાંધવામાં આવ્યો હતો અને પગમાં લોઢાની બેડીઓ નાખી હતી. તેને દેખીને રાજાએ વિચાર્યું કેઃ-" અહો ! આ કોઇ રાંક દુઃખી માણસ જણાય છે." પછી ચિત્રસેન રાજાએ તે પુરૂષ તરફ જોઇને પૂછયું કેઃ-" તું કોણુ છો ? અને આવી અવસ્થા તને શી રીતે પ્રાપ્ત થઇ છે ?" તેણે કહ્યું કેઃ-" હું મહાપીડાથી પીડાયેલ છું. હે પુરૂષોત્તમ ! હું કહું તે મારી વાર્તા સાંભળો, પણ પહેલાં મને આ બંધનમાંથી મુક્ત કરો અને મારી પીડા દૂર કરો, કે જેથી મારૂં પૂર્વ વૃત્તાંત વિસ્તારથી હું તમને કહી સંભળાવું." ઉપકારશિરોમણિ ચિત્રસેન રાજાએ તરતજ તેને બંધન મુક્ત કર્યો.

તેનાં બંધન દૂર થતાંજ તે બોલ્યો કેઃ-" વૈતાઢ્ય પર્વત ઉપર આવેલ વિદ્યાધરના નગરોની ઉત્તર શ્રેણિમાં હેમપુર નામે એક નગર છે. તે નગરીમાં વિદ્યાધરોમાં શિરોમણિ અને દાનાદિ ગુણોથી સંયુક્ત **હેમરથ** નામનો એક રાજા છે. તેને

સુવર્ણની માળા જેવી શોભતી **હેમમાલા** નામની પત્ની છે, તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલ હું **હેમમાળી** નામનો તેમનો પુત્ર છું. મારી હેમચૂલા નામની પત્ની સાથે સંસારઉચિત સુખો ભોગવતો હું મારા આવાસમાં આનંદથી કાળ નિર્ગમન કરતો હતો. આ પ્રમાણે કેટલોક સમય ગયા પછી સંસારનો નિસ્તાર કરનારી તીર્થયાત્રા કરવાની અમારી ઇચ્છા થઈ, તેથી મારી પ્રિયપત્નીની સાથે એક વિમાનમાં બેસીને તીર્થયાત્રાએ જતાં જ્યારે અહીં સુધી અમે આવ્યા ત્યારે મારી પ્રિયામાં લુબ્ધ થયેલ મનવાળો રત્નચૂડ નામનો એક વિદ્યાધર તેના સૈનિકો સહિત દોડતો આવ્યો, અને તે દુષ્ટાત્મા ખેચર મને બાંધીને આ વૃક્ષ સાથે જકડી લઇને તે મારી પત્નીને ઉપાડીને તેની નગરી તરફ ચાલ્યો ગયો છે." આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને ચિત્રસેન રાજાએ વ્રણસંરોહીણી ઔષધિથી તેને તરત સાજો કર્યો. તેણે ભૂપતિને નમન કર્યું, અને વિનંતિ કરી કેઃ-" જેવી રીતે મને આ દુઃખથી તમે મુક્ત કર્યો, તેવી રીતે મારી પ્રિયાને પણ તમે લાવી આપી મારા ઉપર વિશેષ ઉપકાર કરો. " કહ્યું છે કેઃ-

वृक्षो यथा फलं पुष्पं, परोपकृतिहेतवे ।
तथा सत्पुरुषः प्राणान, धत्ते हि परहेतवे ॥

" જેવી રીતે વૃક્ષને ફળ તથા પુષ્પો વિગેરે પરોપકારના હેતુ માટેજ હોય છે, તેવી રીતે સત્પુરૂષો પોતાના પ્રાણ પણ પરના ઉપકાર માટેજ ધારણ કરે છે. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે સાંભળીને પરોપકારપરાયણ તે કુમાર તરતજ તેની સાથે તેના વિમાનમાં બેઠો. તેની સાથે કેટલેક દૂર ગયાં તે વખતે ચિત્રસેને એક વૃક્ષની નીચે બેઠેલા રત્નચૂડને તેઓએ જોયો. તેને દેખીને તરતજ ચિત્રસેને હાક મારી કેઃ-" અરે દુષ્ટ ! અરે પરદારાલંપટ ! અરે હરામખોર ! હવે તું કયાં જઈશ ? હવે હું તને મારીજ નાખીશ. " આ પ્રમાણે ચિત્રસેનને બોલતો સાંભળીને રત્નચૂડની સાથેના સર્વ વિદ્યાધરો એકદમ નાશી ગયા, અને રત્નચૂડ એકાકી ઉભો રહ્યો. તરતજ ચિત્રસેને તેને સંગ્રામ માટે બોલાવ્યો, તેઓ વચ્ચે દારૂણ યુદ્ધ થયું, અને ઘણા પ્રકારની લડાઇ પછી ચિત્રસેને તેનો સંપૂર્ણ પરાભવ કર્યો. રત્નચૂડ હારી ગયો. મૃત્યુના ભયથી તે રત્નચૂડ મુખમાં તૃણ લઇને તેના પગમાં પડ્યો, અને વિનંતિ કરી કેઃ-" સ્વામિન્ ! કાંતિપુરના રાજાનો હું, રત્નચૂડ નામે પુત્ર છું, વિદ્યાની સાધના કરવા હું ગંધમાદન ઉપર ગયો હતો. ત્યાં વિદ્યા સાધીને મિત્રવર્ગથી પરવરેલ હું પર્વત સૃષ્ટિ ઉપરનાં આશ્ચર્યો જોવા ગગનમાર્ગે જતો હતો. તે વખતે પ્રિયા સહિત જતાં આ હેમમાળીને અમે દેખ્યો. તેની પત્નીનું સુંદર રૂપ જોઇને મેં મારા મિત્રોને કહ્યું કેઃ-"ચાલો, જુઓ, હું મારી વિદ્યાની પરીક્ષા કરૂં છું, તમે બધા કૌતુક જુઓ. " આમ કહીને મેં તે સ્રી ઉપર મારી વિદ્યા મૂકી. તે વિદ્યાના બળવડે તે વિહ્વળ થઈ ગઈ–કામાતુર વદનવાળી થઇ ગઇ, અને વારંવાર હસવા લાગી. મારા મિત્રો આ દેખીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહુજ વિસ્મય પામ્યા. પોતાની પત્નીને આવી રીતે હસતી દેખીને હેમમાળી બહુજ કુપિત થયો, અને કઠોર વચનોવડે મને ગાળો દેવા લાગ્યો, ત્યારે કોપથી મેં તેને સાંકળવડે બાંધી લીધો અને તેની પ્રિયાને લઈને આ વનમાં હું આવ્યો. મેં તે સ્ત્રીને 'તું કોણ છો? કોની કન્યા છો?' વિગેરે વૃત્તાંત પૂછવાથી મને માલુમ પડયું કે તે મારા ગોત્રનીજ કન્યા છે. આ સમયે તમારો ઉગ્ર અવાજ સાંભળીને મારા મિત્રો ભયથી સિંહના નાદથી જેમ મૃગો નાશી જાય તેમ બધા નાશી ગયા. મેં તો ગુરૂમહારાજની પાસે ઘણા વખતથી પરસ્ત્રી-ત્યાગનો નિયમ લીધેલ છે, તેથી હે બંધુ! આ સ્ત્રી મારે તો સર્વથા ભગિનીતુલ્યજ છે." રત્નચૂડનાં આ વચનો સાંભળીને વિશુદ્ધ બુદ્ધિવાળા રત્નચૂડની ચિત્રસેને બહુ પ્રશંસા કરી. કહ્યું છે કે:-

उपकारपरा धन्या, धन्या दानपरा नराः ।
परकार्यकरा धन्या, धन्याः शीलधरास्तथा ॥

"ઉપકારપરાયણ પુરૂષોને ધન્ય છે, તેમજ દાનમાં તત્પર રહેનારને ધન્ય છે; પારકાનાં કાર્યો કરનારને ધન્ય છે, તેમજ ઉત્તમ શિયળ પાળનારને પણ ધન્ય છે."

હેમમાળીએ પછી ચિત્રસેનને બહુ બહુ પ્રણામ કરીને વિનયપૂર્વક કહ્યું કે-"હે સ્વામિન્! તમે મને આજે જીવિ-તદાન આપ્યું છે, અને ડુબી જતા હેમરથના કુળનો તમે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદ્ધાર કર્યાં છે; માટે હે સ્વામિન્ ! હું તમને જે વિદ્યાઓ આપું તે કૃપા કરીને આપ ગ્રહણ કરો, અને મને કાંઈક અંશે અનૃણી કરો.” આ પ્રમાણે સાંભળીને ચિત્રસેને તે કબુલ કર્યું. કોઈની પ્રાર્થનાનો સજ્જન પુરૂષો કદી ભંગ કરતા નથી. પછી તે વિદ્યાધરે હર્ષથી ઉભરાતા મનવડે તેને બે દુર્લભ વિદ્યાઓ આપી. જે સ્થળે જવું હોય ત્યાં જેની ઉપર બેસીને જઈ શકાય તેવો એક પર્યંક (પલંગ) અને ગમે તેવા શત્રુને જીતવાને સમર્થ એવો શત્રુંજય નામનો એક દંડ હેમમાળીએ રત્નસેનને આપ્યો. પછી રત્નચૂડે પણ મસ્તક નમાવીને રૂપપરાવર્તિની ગુટિકા આનંદથી આપી. આ પ્રમાણે પર્યંક, દંડ અને ગુટિકા ગ્રહણ કરીને ચિત્રસેન સર્વે વિદ્યાધરો સાથે પરસ્પર પ્રેમ બતાવતો આનંદ કરવા લાગ્યો. પ્રભાત સમય થતાં તે બંને વિદ્યાધરો તે કુમારને નમસ્કાર કરીને પોતપોતાની નગરી તરફ ગયા. ચિત્રસેન સૈન્યમાં પલ્યંકાદિ લઈને પાછો આવ્યો, અને પોતાની સેના સહિત આગળ પ્રયાણ કર્યું.

થોડે દૂર પ્રયાણ કર્યું તેવામાં જેને માટે આ પ્રયાસ કર્યો હતો તે સિંહપુરના સ્વામીનો દૂત ચિત્રસેન પાસે આવ્યો, અને તેણે કહ્યું કેઃ–“ હે સ્વામિન્ ! મારી દ્વારા મારા સ્વામીએ કહેવરાવ્યું છે કે જો તમે સુખને ઈચ્છતા હો તો મારી સીમમાં આવશો નહિ. ” આ પ્રમાણેનાં દૂતનાં વચનો સાંભળીને કોપ પામેલા રાજાએ કહ્યું કેઃ–“ દૂત ! તું અત્રેથી ચાલ્યો જા, તું અવધ્ય હોવાથી તને જીવતો જવા દઉં છું.”

આમ કહીને તે દૂતને કાઢી મૂકયો. તેણે પોતાના સ્વામી પાસે આવીને ચિત્રસેનના કોપની અને સૈન્યની મોટી તૈયારીઓની વાત કરી. દૂતનાં વચનો સાંભળીને કોપથી હોઠ ફફડાવતો તે પણ સિંહની જેમ ચિત્રસેનની સામે ચાલ્યો.

બંનેના સૈન્યનો માર્ગમાં ભેટો થતાં યોદ્ધાઓ અંદર અંદર લડાઇ કરવા લાગ્યા. રથીની સાથે રથી, ઘોડાવાળાની સાથે ઘોડાવાળા, પદાતિની સાથે પદાતિ તેવી રીતે યુદ્ધ કરવા લાગ્યા. સૈનિકોએ અરસપરસ મૂકેલા તીરોથી આકાશ છવાઇ ગયું, અને અકાળે મેઘાચ્છાદિત આકાશ હોય તેવો દેખાવ થઇ ગયો. જેવી રીતે વિંધ્યાટવીમાં હસ્તીઓ ક્રોધાયમાન થઇને માંહોમાંહે લડે છે, તેવી રીતે લોકોને ભય ઉપજાવનાર આ યુદ્ધ ભયંકર થઇ પડયું, લોહીની નીક વહેવા માંડી, અને અનેક યોદ્ધાઓ રણસંગ્રામમાં મરણ પામ્યા. ચિત્રસેન રાજાનું યુદ્ધકૌશલ્ય જોઇને રત્નશેખરના સૈનિકો આશ્ચર્ય પામ્યા. ઘણા સૈનિકો મરાયા છતાં પણ જયારે સિંહપુરીનો સ્વામી સંગ્રામથી પાછો હઠ્યો જ નહિ ત્યારે ચિત્રસેને વિદ્યાધરે આપેલ શત્રુંજય મહાદંડ હસ્તમાં ધારણ કર્યો. પંચપરમેષ્ઠીનું હૃદયમાં ધ્યાન કરીને તથા તે વિદ્યાધરને સંભારીને તેણે ક્રોધાયમાન થઇને શત્રુ ઉપર તે દંડ મૂકયો, જેથી દુશ્મનના બધા સૈનિકોનો નાશ થઇ ગયો, અને ફક્ત રત્નશેખરજ જીવતો રહ્યો. તે તરતજ અશ્વ ઉપરથી નીચે ઉતર્યો, અને એકદમ ચિત્રસેન પાસે આવી વિનયથી તેને મસ્તક નમાવી શરણુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવ્યું. 'ભયવિના કોઇ સ્થળે પ્રીતિ થતી નથી.' બે હાથ જોડી મસ્તક નમાવી તેણે ચિત્રસેનને કહ્યું કે:–" મહારાજ ! મને ક્ષમા કરો, મારી ભૂલ થઈ, આપનું આવું અદ્ભુત પરાક્રમ મેં જાણ્યું નહોતું, હવે અપરાધીનો જે દંડ લેતા હો તે મારો દંડ લઈ મારા ઉપર કૃપા કરો." આવું સાંભળીને તે કૃપાળુ રાજાએ તે દંડને પાછો ખેંચી લીધો. પછી રત્નશેખરને સાથે લઇને ચિત્રસેન તેની નગરીએ ગયો, અને રત્નશેખરને ફરીથી ગાદી ઉપર બેસાડ્યો. તેને સેવક બનાવીને તથા મિત્રની જેમ તેની સાથે વર્તીને તથા તેનો આદર સત્કાર સ્વીકારીને ચિત્રસેન લશ્કર સહિત પોતાના નગર તરફ ચાલ્યો. ચારે પ્રકારના લશ્કર સાથે જુદા જુદા દેશો જોતા અને અનેક દેશના રાજાઓને નમાવતા તેઓ અનુક્રમે અવિચ્છિન્ન પ્રયાણ કરતાં વસંતપુર નગરે આવ્યા. ભરથારનું આવાગમન સાંભળીને પદ્માવતી પરમ સંતોષ પામી. રત્નસાર મંત્રીએ નગરને સુંદર રીતે શણગાર્યું અને આખા પરિવારથી પરવરેલ અને નગરજનોથી ઘેરાયેલ મંત્રી રાજાને લેવા તથા સામૈયું કરવા આનંદથી ઉભરાતા હૃદયવડે તેની સન્મુખ ચાલ્યો. થોડે દૂર મંત્રી વિગેરેનો રાજાની સાથે મેળાપ થયો, અને સર્વેએ રાજાને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. રાજાએ સ્નેહથી સર્વેને ઉઠાડીને આલિંગન કર્યું, કુશળ સમાચાર પૂછ્યા, રત્નસારને ખાસ આદર દીધો અને પોતાના આસન ઉપર બેસાડ્યો. સ્નેહમય વાણીથી રત્નસારનો પ્રથમનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપકાર સંભારતો રાજા તેની પ્રશંસા કરવા લાગ્યો, અને બધાને હર્ષથી રાજાએ બોલાવી આનંદસમાચાર પૂછવા લાગ્યો. પછી સૈન્યસહિત રાજાએ નગર તરફ પ્રયાણ કર્યું, અને ઉદ્યાનાદિની શોભા જોતાં અનુક્રમે નગરના દરવાજા નજીક આવ્યા. તે વખતે ધર્મસેન કુમાર રાજાની સન્મુખ આવ્યો, અને ભૂમિ સુધી મસ્તક નમાવીને રાજાને પ્રણામ કર્યા. રાજાએ તેને પ્રેમથી આલિંગન કર્યું, અને હર્ષાશ્રુવડે તેને વધાવ્યો. પુત્રરત્નને પોતાની પાસે હસ્તી ઉપર બેસાડીને રાજાએ નગરમાં પ્રવેશ કર્યો, સુંદર વાજિત્રો વાગવા લાગ્યા, ભાટ તથા ચારણો જય જય શબ્દ કરવા લાગ્યા, આનંદના સ્વરો સર્વ દિશાએથી સંભળાવા લાગ્યા, પુરૂષો તથા સ્ત્રીઓ સર્વત્ર આનંદથી તેને નિહાળવા લાગ્યા, અને અનુક્રમે રાજા રાજમંદિર પાસે આવ્યા. હસ્તી ઉપરથી ઉતરી સભાસ્થાનમાં બેઠા, કૌતુક મંગળ કર્યા, અને સૈનિકોને વિસર્જન કરી તે અંતઃપુરમાં ગયા. વિજયી રાજા, રાણી અને મંત્રી ત્રણેનો મેળાપ થયો, અને આનંદમંગળ વર્તાયો. ઘણા વખતનો વિરહ ત્રુટ્યો, અને રાણીએ રાજાને વધાવ્યા, દાનાદિ ઉચિત કાર્યો કર્યાં; અને જિનમંદિરોમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરાવ્યો.

આ પ્રમાણે આનંદકાર્ય પૂર્ણ થયા પછી રાજાએ રાજકારભાર સંભાળી લીધો અને ધર્મકાર્યમાં તે ત્રણે જણ વિશેષ પ્રયત્નવાન્ થયા. તેઓ હમેશાં ધર્મદેશના સાંભળવા ગુરૂપાસે જતા હતા, વિશેષ વિશેષ ધર્મપરાયણ થતાં તેઓએ સમકિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગ્રહણ કર્યું, પરિગ્રહનું પરિમાણ કર્યું અને ઘણે પ્રકારે ગુરૂ-મહારાજની સેવા કરવા લાગ્યા, તથા ધર્મ આરાધન કરવા લાગ્યા. પુન્યવંત તે ત્રણે આત્માઓ હમેશાં પુન્યનાં તથા ધર્મપરાયણતાનાં કાર્યોજ કરતાં હતાં, અને નિર્મળ મનથી આનંદ કરતાં રાજ્યને સુખેથી પાળતાં હતાં.

# પ્રકરણ ૧૫ મું.

## પર્યંક ઉપર તીર્થપર્યટન.

એક દિવસ રાજા, રાણી તથા મંત્રી ત્રણે આનંદપૂર્વક વાર્તાગોષ્ઠી કરતા હતા, ત્યારે રાજાએ પોતાને મળેલ સ્વેચ્છાચારી પર્યંકની હકીકત કહી બતાવી. જે સ્થળે કૌતુક જોવા કે યાત્રા કરવા જવું હોય તે સ્થળે ગગનવિહારી તે પર્યંક ઉપર જઇ શકાય તેમ હતું. રાજાની આ હકીકત સાંભળીને રાણી બહુ આનંદ પામી, અને તેણીએ કહ્યું કેઃ—"હે સ્વામિન્ ! જો આપનું વચન સત્ય હોય, આપે કહેલ પલંગ તેવી શક્તિવાળો હોય તો અનેક જુદા જુદા જિનેશ્વરની પ્રતિમાઓથી શોભતા શાશ્વતા મનોહર તીર્થો આ ભૂમિ ઉપર વિદ્યમાન છે, અનેક અતિશયાદિથી તે શોભતા છે, તે સર્વ સ્થળો ખાસ વંદન કરવા લાયક છે, ભાવથી તે સ્થળોને જુહારતાં અનેક ભવમાં ઉપાર્જન કરેલાં પાપોનો નાશ થાય છે, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણી પાસે તે તીર્થોનાં દર્શન કરી શકાય તેવી સામગ્રી હાજર છે, તો પછી તેમાં પ્રમાદ શા માટે કરવો ? છતી સામગ્રીનો લાભ શા માટે ન લેવો ?" રાજાએ કહ્યું કે:–"મેં કહેલ હકીકત સત્ય છે, તેમાં જરાપણ ફેરફાર નથી, મને મળેલ વસ્તુઓમાંથી દંડની તો મેં પરીક્ષા કરી છે, હવે આ પર્યંકની પરીક્ષા કરીએ." પછી પૂજાના સર્વે ઉત્તમ ઉપકરણો તથા સામગ્રી સાથે લઇને તે ત્રણે જુદા જુદા તીર્થોની યાત્રા કરવા જવાની ઇચ્છાથી પલંગ ઉપર બેઠા. તરતજ તેઓની ઇચ્છાનુસાર પલંગ વાયુવેગથી આકાશને રસ્તે ચાલ્યો, અને પ્રથમ તેઓ અષ્ટાપદ પર્વત ઉપર ગયા. તે સ્થળે ભરત ચક્રવર્તીએ કરાવેલ ત્રણ ગાઉ ઉંચું સુવર્ણનું મનોહર ચૈત્ય છે. તેમાં પૂર્વ દિશામાં બે, દક્ષિણ દિશામાં ચાર, પશ્ચિમ દિશામાં દશ અને ઉત્તર દિશામાં આઠ એવી રીતે ચારે દિશામાં મળીને વર્તમાન ચોવીશ ભગવંતની મનોહર પ્રતિમાઓ તેમના વર્ણ તથા તેમના શરીરમાન પ્રમાણે કરાવીને સ્થાપન કરેલી છે, આ સુવર્ણનું ચૈત્ય અનુપમ શોભાવાળું, આકર્ષણીય દેખાવનું તે સ્થળે શોભે છે. ચિત્રસેન રાજા, રાણી તથા મંત્રી સહિત આ ચૈત્યને દેખીને અતિશય હર્ષને પામ્યા, તેમનો આનંદ અને ઉત્સાહ તેમના હૃદયમાં તે સમયે સમાતા નહોતા, તેમના આનંદનું વર્ણન વચનથી થઇ શકે તેવું નથી. અનુક્રમે તે ત્રણે જણાએ વિવિધ દ્રવ્યોથી ચોવીશે તીર્થંકરની પૂજા કરી અને બરાસ, કુસુમ તથા

અન્ય સુગંધી પદાર્થો પ્રતિમાઓ ઉપર ચઢાવ્યા અને ધૂપ તથા મંગળ દીવો કરીને શક્રસ્તવથી પ્રભુની સ્તવના કરીને જિનેશ્વર ભગવાનની પાસે શુભભાવથી સ્તવનાદિ બોલ્યા અને વાદ્ય સહિત ત્યાં નૃત્ય કર્યું, હર્ષથી ઉભરાતા હૃદયવડે જિનેશ્વરની પૂજા કરતાં તેઓએ તે સ્થળે કેટલોક કાળ આનંદપૂર્વક ધર્મધ્યાનમાં મગ્ન થઇ પસાર કર્યો. પછી તે સ્થળેથી પર્યંક ઉપર બેસી આકાશમાર્ગે ઉડતાં તેઓ નંદીશ્વર દ્વીપ તરફ ગયા, અને તે સ્થળે પણ જિનેશ્વરની પૂજા તથા પ્રભાવના વિગેરે ભાવપૂર્વક તેઓએ કર્યા. કર્પુર, અગર, કસ્તુરી, ઘનસાર વિગેરે એકઠા કરી ઘસીને તેઓએ અરિહંત ભગવાનની શુદ્ધભાવથી પૂજા કરી. વળી આરતી ઉતારી, મંગળ દીવો પ્રગટાવીને તેઓએ તે સ્થળે ધ્વજારોપણ કર્યું. આ પ્રમાણે આનંદથી જુદા જુદા સ્થળોની ઇચ્છાનુસાર યાત્રા કરીને તેઓ પાછા વસંતપુર નગરીએ આવ્યા. આ પ્રમાણે તે પર્યંકની પરીક્ષા કરી મનુષ્યજન્મનો લ્હાવો લઈ પાછા પોતાના મહેલમાં આવ્યા, અને જિનભક્તિપરાયણ તેઓ સુખપૂર્વક સમય ગાળવા લાગ્યા. આ પ્રમાણે સર્વે તીર્થોમાં પર્યટન કરી તેઓએ સર્વ સ્થળોની ભક્તિનો ઉત્તમ લાભ લીધો. તેમના પુન્યપ્રભાવથી રાજ્યમાં હમેશાં વૃદ્ધિ થયા કરતી હતી, આમદાની સારી થતી જતી હતી, લોકો સુખી હતા અને રાજ્ય દુષ્કાળ કે વૈરીના પરાભવથી રહિત હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૬ મું.

## કેવળી ભગવંતનું આગમન અને ઉપદેશ.

એક વખતે રાજસભામાં તેઓ બેઠા હતા ત્યારે રાજાની પાસે ઉદ્યાનપાળકે આવીને કહ્યું કેઃ–" સ્વામિન્ ! આપણા સુંદર ઉદ્યાનમાં પાંચ જ્ઞાનથી શોભતા દમસાર નામના કેવળી ભગવંત પધાર્યા છે, અનેક ઉત્તમ મુનિઓથી તેઓ પરવરેલા છે." રાજાએ આ હકીકત સાંભળી આનંદિત થઇ વસ્ત્રાલંકારાદિ તથા ધન વિગેરે તેને વધામણીમાં આપી, સર્વ સામગ્રી તૈયાર કરાવી પ્રધાન અને રાણીની સાથે કેવળી ભગવંતને વાંદવાની ઇચ્છાથી તેઓ ઉદ્યાન તરફ ચાલ્યા. આખા પરિવારની સાથે મુનિમહારાજને વંદના કરી વિનયથી મસ્તક ઉપર અંજળી જોડીને યોગ્યસ્થાને સર્વે બેઠા, એટલે આ દુસ્તર સંસારથી તારનારી–આ સંસારસમુદ્રમાં જહાજ સમાન ઉત્તમ ધર્મદેશના આપવાનો કેવળી ભગવંતે આરંભ કર્યો. ધર્મદેશનામાં તેમણે કહ્યું કેઃ–" જે ઉત્તમ જીવનું ચિત્ત સંસાર ઉપરથી ઉદ્વેગ પામ્યું હોય, સંસારના રખડપાટાથી જે ત્રાસી ગયા હોય, સંસારની ઉપાધિ છોડી શાંત આત્મિક દશાનો અનુભવ મેળવવા જેને સદિચ્છા થઇ હોય અને મોક્ષપ્રાપ્તિમાંજ જેને લગની લાગી હોય તેણે કષાયોને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અવશ્ય તજી દેવા. આ કષાયો કટુક ફળવાળા વિષવૃક્ષ જેવા છે, દુર્ધ્યાન કરાવનાર છે-દુર્ધ્યાન તરફ વિશેષ દોરી જનાર છે, અને તેના અનુભવથી આ ભવમાં દુઃખ મળે છે, અને પ્રાંતે પરભવમાં દુર્ગતિના ભાજન થવાય છે. વળી ઘણા અનર્થોનું તે કારણ છે.” આ પ્રમાણે સાંભળી રાજાએ પૂછયું કે:-“ મહાત્મન્ ! આ કષાયો કોણ છે, તેના નામ તથા ભેદો શું શું છે તથા તેની સ્થિતિ શું છે તે કૃપા કરીને વિસ્તારથી જણાવો.” રાજાના આ પ્રશ્નથી કેવળી ભગવંતે કહ્યું કે:-“ કષાય શબ્દમાં બે શબ્દો જોડાયેલ છે, કષ તથા આય, કષ એટલે સંસારની આય એટલે વૃદ્ધિ કરાવનાર તે કષાય કહેવાય છે. તે કષાયના ચાર ભેદ છે, ક્રોધ, માન, માયા અને લોભ. તે દરેકના પણ તેના સ્વભાવ તથા કાળને અવલંબીને ચાર ભેદ પાડેલા છે, (૧) અનંતાનુબંધી, (૨) અપ્રત્યાખ્યાની, (૩) પ્રત્યાખ્યાની, (૪) સંજ્વલન. તે ચારે કષાયના ભેદોમાં અનંતાનુબંધી ક્રોધ પર્વતની રેખા જેવો દારૂણ, દુઃખદાયી અને અનંત સંસાર રખડાવનાર છે, બીજો અપ્રત્યાખ્યાની ક્રોધ પૃથ્વીની રેખા જેવો છે, ત્રીજો પ્રત્યાખ્યાની ક્રોધ ધૂળની રેખા જેવો છે, અને ચોથો સંજ્વલન ક્રોધ પાણીની રેખા જેવો છે. ક્રોધના ગુણ પ્રમાણે આ ભાગો પાડેલા છે. પર્વતની રેખા જેમ કેમે કરીને ભુંસાતી નથી તેમ અનંતાનુબંધી ક્રોધનો ઉદય થાય ત્યારે તે ઘણી મુશ્કેલીથી પણ શાંત થતો નથી. સારાંશ કે ઘણી મુશ્કેલીથી

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

પણ શાંત ન થાય તે પહેલો ક્રોધ, તે પ્રમાણે થોડું ઓછું દુર્ધ્યાન કરાવનાર અને આત્માઓ ઉપર ઓછી અસર કરનારા તથા ઓછા ઓછા સમયમાં શાંત પડનારા બીજા ત્રીજા અને ચોથા પ્રકારના ક્રોધ છે. આવીજ રીતે માન અનુક્રમે (૧) પથ્થરના સ્તંભ જેવો, (૨) હાડકાના સમૂહના સ્તંભ જેવો, (૩) કાષ્ટના સ્તંભ જેવો તથા (૪) નેતરની સોટી જેવો ઓછી વધતી અસર દેખાડનાર કહેલ છે. માયા કષાય (૧) વાંસનાં મૂળ, (૨) મિંઢાળની સીંગ, (૩) ગાયના મૂત્રની ધારા, તથા (૪) અવલેહ જેવો અનુક્રમે સમજવો, અને ચોથો લોભ કષાય (૧) કૃમિનો રંગ, (૨) કાદવનો રંગ, (૩) અંજનનો રંગ, (૪) હરિદ્ર (હળદર) ના રંગની જેમ વધારે ઓછી આત્મા ઉપર અસર કરનાર છે. તે ચારેની અનુક્રમે સ્થિતિ જન્મ-પર્યંત, એક વરસ, ચાર મહિના અને પંદર દિવસની છે બીજા પણ અંદર અંદરના સંમેલનથી આ કષાયોના અને ભેદો થાય છે. તેની તીવ્રતા પ્રમાણે અનેક પ્રકારનાં દુઃખો આ જીવને તેઓ આપે છે, અને અધિક અધિક આરંભ સમારંભના કરાવનારા અને પરિગ્રહની વૃદ્ધિ કરાવનારા હોવાથી અંતે નીચી ગતિમાં તેઓ લઈ જનારા છે. આ કષાય અલ્પ હોય તો પણ દુઃખ દેનાર છે. લોભ કષાય તો યાવત્ અગી-આરમા ગુણઠાણે પહોંચેલને પણ પાડે છે, અને પહેલા ગુણઠા-ણાની સ્થિતિએ ઘસડી જાય છે, તેથી જેમ બને તેમ આ કષાયો ઘટાડવા અને તેનાથી છુટા થવાય તેવો પ્રયત્ન કરવો. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કષાય સ્વલ્પ પ્રમાણમાં હોય ત્યાંસુધી તે જીવને કેવળજ્ઞાન કે પરમપદની પ્રાપ્તિ કરવા દેતા નથી. આ કષાયો અલ્પ સેવવાથી પણ મહા દુષ્ટ ફળો આપનાર થાય છે. જેવી રીતે મિત્રાનંદ વિગેરેને આજ કષાયો દુઃખ આપનારા થયા હતા. રાજાએ "મિત્રાનંદ વિગેરે કોણ થયા છે ? અને તેમને શું દુઃખ સહન કરવાં પડ્યાં છે ?" તેવો પ્રશ્ન પૂછવાથી દમસાર કેવળીએ મિત્રાનંદ તથા તેના મિત્ર અમરદત્તની કથા કહેવાનો આરંભ કર્યો.

# પ્રકરણ ૧૭ મું.

### કષાયના કટુક વિપાક ઉપર

## મિત્રાનંદ તથા અમરદત્તની કથા.

દેવનગરીના જેવી સમૃદ્ધિવાળી અને અનેક પ્રકારના સુશોભિત આવાસોથી મનોહર આ સૃષ્ટિ ઉપર એક **અમરતિલક** નામની નગરી હતી. તે સ્થળે રહેનારા લોકો બુદ્ધિશાળી અને સદ્‌ગુણી હતા. પર છિદ્રો ઉઘાડવામાં તેઓ મુંગા હતા, પરસ્ત્રી નિરક્ષણમાં અંધ હતા અને અન્યનું ધન ગ્રહણ કરવામાં તેઓ પાંગળા હતા. બુદ્ધિ અને લક્ષ્મીથી અતિશય શોભતો અને મકરધ્વજને પણ રૂપમાં પરાભવ કરે તેવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**મકરધ્વજ** નામનો અતિ બળવાન્ તે નગરીનો રાજા હતો.
તે રાજામાં ઇંદ્રની પ્રભુતા, સૂર્યનો પ્રતાપ અને બૃહસ્પતિની બુદ્ધિ
હતી, તથા તે રાજાની ચંદન જેવી શીતળ વાણી હતી, હાથીના
ગતિ જેવી તેની ગતિ હતી, મેરૂપર્વત જેવું તેનું ધૈર્ય હતું,
સિંહના જેવું તેનું બળ હતું અને અતિ સુંદર તેનું રૂપ હતું.
**મદનસેના** નામે તેને રાણી હતી, અને પદ્મસરોવરના સ્વ-
પ્નથી સૂચિત થયેલ **પદ્મકેશર** નામે તેમને એક પુત્ર હતો.
એક દિવસ રાણી રાજાના વાળ ઓળતી હતી, તે સમયે
રાજાના મસ્તકમાં સફેત વાળ દેખીને રાણીએ કહ્યું કેઃ–" મહા-
રાજ ! અરિનો દૂત આવ્યો. " " કોનો દૂત આવ્યો ? "
તેમ પૂછતાં રાજાએ સંભ્રમથી ચારે દિશાએ અવલોકન કરવા
માંડ્યું, એટલે રાણીએ શ્વેત વાળ દેખાડીને વૃદ્ધાવસ્થાનો
દૂત આવ્યાની હકીકત કહી. કહ્યું છે કેઃ—

अंगं गलितं पलितं मुंडं, दशनविहीनं जातं तुंडं ।
वृद्धो याति गृहीत्वा दंडं, तदपि न मुंचत्याशापिंडं ॥

"શરીર ગળી જાય, મસ્તક આખું સફેત વાળથી છવાઇ
જાય, મોઢું દાંત વગરનું થઇ જાય, ચાલતાં હાથમાં લાકડી
રાખવી પડે, તોપણ આશાની લોલુપતા છૂટી શકતી નથી. "

વળી રાણીએ કહ્યું કેઃ–" આ સફેત વાળરૂપી દૂત
મસ્તક ઉપર આવીને સર્વ લોકોને કહે છે કે-હવે જરા
અને મૃત્યુ નજીક આવતા જાય છે, સમય થોડો છે, માટે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસારની ઉપાધિ છોડો, પાપકર્મોથી વિરામ પામો અને ધર્માચરણ કરો. ધર્મરાજા પળી (સફેત વાળ)નું મિષ કરીને એક દૂત મોકલીને કહેવરાવે છે કે–જરા નજીક આવે છે, માટે ધર્મનું આરાધન કરો, સત્કૃત્યો કરો, સંસારની ઉપાધિ છોડો, કારણકે મૃત્યુ લઇ જશે ત્યારે કરેલાં સુકૃત્યોજ સાથે આવશે, બાકી બધું અહીં માટે કરાવેલ તો અત્રેજ રહેશે. ઉપાધિપૂર્વક પાપાચરણ આદર્યાં હશે તેનાં ફળ તારેજ ભોગવવાં પડશે, માટે હવે ચેતો, ધર્મ કૃત્યો આદરો." આ પ્રમાણેનાં રાણીનાં વચનો સાંભળીને રાજાએ વિચાર્યું કેઃ– "અહો! મારા વડીલોએ તો પળીયા દેખાયા પહેલાંજ સંસારનો ત્યાગ કર્યો હતો અને ધર્મધ્યાનમાં તત્પર બન્યા હતા, અને હું તો હજી સંસારમાંજ છું. વડીલ પુરૂષોની ચાલતી પ્રણાલિકાનો છેદ કરનાર મને ધિક્કાર છે!" આ પ્રમાણે ચિંતામગ્ન તથા વિષણ્ણ વદનવાળા પતિને દેખીને રાણીએ તેમનો માનસિક આશય સમજ્યા વગર જ નમ્રવાણીથી કહ્યું કેઃ– "સ્વામિન્! મારા નાથ! જો વૃદ્ધત્વની આપને લજ્જા આવતી હશે, તેનો આપના મનમાં તિરસ્કાર હશે તો આખા નગરમાં પટહ વગડાવીશ કે જે કોઇ પૃથ્વીનાથને વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલા કહેશે તે અકાલે પણ સ્વર્ગનો અતિથિ થશે, એટલે કે તેનો વધ કરવામાં આવશે; માટે આપે જરાવસ્થાની જરાપણ ચિંતા કરવી નહિ." રાજાએ કહ્યું કેઃ–"રાણી! અરે, આવું અવિવેકવાળું શું બોલો છો? કારણકે જરા તો આપણી જેવાને

આભૂષણરૂપ થાય છે." આવું સાંભળીને રાણીએ પૂછયું કે:– "તો જરા અવસ્થાની અને પળીયાની વાત સાંભળીને તમારૂં વિષણ્ણ મુખ કેમ થઈ ગયું?" એટલે રાજાએ તેને પોતાને થયેલ વિચાર અને વૈરાગ્યનાં કારણુની હકીકત નિવેદન કરી, અને સંસાર ત્યાગ કરવાનો નિશ્ચય જણાવ્યો. રાણીએ રાજાને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ રાજા પોતાના નિશ્ચયમાંથી ડગ્યા નહિ. પછી રાજાએ ઉમરલાયક પુત્રને રાજ્યગાદી ઉપર સ્થાપન કર્યો, અને રાણીની સાથે તેણે તાપસધર્મ સ્વીકાર્યો. રાણી તે વખતે ગૂઢગર્ભા હતી–થોડા વખતથી ગર્ભવતી થયેલી હતી. તે અનુક્રમે ગર્ભ વૃદ્ધિ પામતાં તેનું ઉદર મોટું થયું, અને છેવટે તાપસીઓથી ગર્ભનું પોષણ કરાતી તેણીએ શુભ લક્ષણોથી શોભતા, દેવકુમાર જેવી કાંતિવાળા એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. રાણીને તાપસપણાના તેના શરીરને અનુચિત આહારથી તેના સ્તનમાં દારૂણ વ્યાધિ થયો, અને તેના દુઃખથી દુઃખી થયેલા તાપસોએ વિચાર કર્યો કે:–"બાળક જનની વગર ગૃહસ્થોને પણ પાળવો મુશ્કેલ છે, તેથી કદાચ આ બાળકની માતા મૃત્યુ પામશે તો આ બાળકની પાલના આપણાથી કેવી રીતે થઇ શકશે?" આ સમયે ઉજ્જયિનીનો રહેવાસી એક **દેવધર** નામનો વેપારી વ્યાપારને અર્થે ભમતો ભમતો દૈવયોગથી તે ઉદ્યાનમાં આવ્યો, અને તે તાપસોનો ભક્ત હોવાથી તેમને વંદન કરવા ત્યાં આવ્યો. તે વખતે તાપસોને ઉદ્વિગ્ન ચિત્તવાળા દેખીને તેણે તેનું કારણ પૂછયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુળપતિએ કહ્યું કે:-" આ બાળક અત્રે એક તાપસીએ પ્રસવેલ છે, તે અમારી ચિંતાનું કારણ છે. જો અમારા દુઃખથી તું દુભાતો હો તો, હે શ્રેષ્ઠિન્! આ બાળક અમારી પાસેથી લઇ જા, અને તેની સારી રીતે પાલના કરજે." કુળપતિના કહેવાથી તે વણિકે તે બાળકને ગ્રહણ કર્યો, અને ઉજ્જયિની જઇને **દેવસેના** નામની પોતાની પત્નીને તે અર્પણ કર્યો. તે સમયે તે શ્રેષ્ઠીપત્નીએ એક પુત્રીને જન્મ આપ્યો હતો, તેથી પોતાની પત્નીએ પુત્ર અને પુત્રીના યુગલને જન્મ આપ્યો છે તેમ જણાવી શ્રેષ્ઠીએ તેનો મહોત્સવ કર્યો, અને પુત્રનું **અમરદત્ત** અને પુત્રીનું **સુરસુંદરી** એ પ્રમાણે નામ પાડયું. રાણી મદનસેના પુત્રને કુલીન અને ધનવંત સજ્જન પુરૂષને સોંપાયેલ જોઈ મનમાં સંતોષ પામી, અને અનુક્રમે થયેલ વ્યાધિથી તે મૃત્યુ પામી.

અમરદત્ત અનુક્રમે યુવાવસ્થા પામ્યો, તે વખતે તે ઉજ્જયિની નગરીમાંજ મિત્રશ્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો સાગરશ્રેષ્ઠીનો એક પુત્ર હતો, જેનું નામ **મિત્રાનંદ** હતું, તે મિત્રાનંદ તથા અમરદત્તને ગાઢ મૈત્રી થઇ. એક વખતે વર્ષાઋતુમાં બન્ને મિત્રો ક્ષિપ્રા નદીને કાંઠે વટવૃક્ષની સમીપે મોઈદાંડીએ રમતા હતા, તેમાં અમરદત્તે જે મોઇ ઉડાડી તે દૈવયોગે વટવૃક્ષ ઉપર લટકાવેલા કોઇ ચોરના મડદાના મોઢામાં જઇને પડી. તે જોઈ મિત્રાનંદ હસીને બોલ્યો-" અહો મિત્ર! આ મોટું આશ્ચર્ય તો જો! તારી મોઇ,

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ મૃતકના મુખમાં જઇને પડી છે." તે સાંભળી જાણે ક્રોધાયમાન થયું હોય તેમ કોપ દર્શાવતું તે મૃતક બોલ્યું કેઃ-"અરે મિત્રાનંદ! તું પણ આવીજ રીતે આજ વૃક્ષ ઉપર બંધાઇશ-મૃત્યુ પામીશ અને તારા મુખમાં પણ મોઈ પડશે." આવું તેનું વચન સાંભળી મિત્રાનંદ મૃત્યુથી ભય પામ્યો, રમતમાં મંદ ઉત્સાહવાળો થઇ ગયો અને બોલ્યો કેઃ-"આ મોઈ મૃતકના મુખમાં પડી, તેથી અપવિત્ર થઈ ગઈ છે, માટે હવે તે મોઇથી રમત રમાય નહિ." તે સાંભળી અમરદત્ત બોલ્યો કેઃ-"મારી પાસે બીજી મોઇ છે, ચાલો આપણે તેવડે રમીએ." પણ મિત્રાનંદને રમત રમવાની હોંશ થઇજ નહિ, એટલે તે બંને મિત્રો ઘેર ગયા. બીજે દિવસે મિત્રાનંદને ઉત્સાહ વગરનો અને શ્યામ મુખ-વાળો દેખીને અમરદત્તે પૂછયું કેઃ-"બંધુ! તારૂં મુખ શ્યામ કેમ થઇ ગયું છે? તારા દુઃખનું શું કારણ છે? જે હોય તે ખુલાસાથી કહે." આ પ્રમાણે તેણે અત્યંત આગ્રહથી પૂછયું, ત્યારે મિત્રાનંદે મૃતકે કહેલાં વચનો મિત્રને કહી સંભળાવ્યાં, કેમકે મિત્રથી કાંઇ ગુપ્ત રાખવાનું હોતુંજ નથી. તે સાંભળી અમરદત્તે કહ્યું કેઃ-"હે મિત્ર! મૃતક તો કોઇ દિવસ બોલેજ નહિ, માટે ખરેખર આ વાકયો કોઇ વ્યંતરનાં હોવાનો સંભવ છે, પરંતુ તે વિષે કાંઇ ચોક્કસ કહી શકાય નહિ," પછી ફરીથી અમરદત્તે પૂછયું કેઃ-"મિત્ર! તને આ વચનો સત્ય લાગે છે, અસત્ય લાગે છે કે હાસ્યમાત્ર

જણાય છે ? ” ત્યારે મિત્રાનંદ બોલ્યો કે:-“ મને તો તે વચનો સત્યજ લાગે છે. ” તે સાંભળી અમરદત્તે કહ્યું કે:- “ કદિ તેમ હોય તો પણ પુરૂષે દૈવને અન્યથા કરવા માટે પુરૂષાર્થ કરવો યોગ્ય છે. ” મિત્રાનંદ બોલ્યો કે:-“ જ્યાં દૈવને આધીન વાત હોય ત્યાં પુરૂષાર્થ શું કરે ? ” ત્યારે અમરદત્તે કહ્યું કે:-“ અરે મિત્ર ! શું તેં સાંભળ્યું નથી કે **જ્ઞાનગર્ભ** નામના મંત્રીને નિમિત્તિયાએ કહેલી જીવિતનો અંત કરનારી આપત્તિ પુરૂષાર્થથી નિવૃત્ત થઇ ગઇ હતી. ” મિત્રાનંદે તે જ્ઞાનગર્ભ મંત્રીની હકીકત સંભળાવવાનું કહેવાથી અમરદત્તે તેની કથા આ પ્રમાણે કહી સંભળાવી.

## પ્રકરણ ૧૮ મું.

( મિત્રાનંદ—અમરદત્ત કથાંતર્ગત )

### જ્ઞાનગર્ભ મંત્રીની કથા.

આ ભરતક્ષેત્રમાં ધનધાન્યથી પરિપૂર્ણ ચંપા નામની નગરી હતી, તેમાં **જિત્રશત્રુ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **જ્ઞાનગર્ભ** નામે એક બહુ બુદ્ધિશાળી, રાજ્યની દરેક પ્રકારની ચિંતા કરનાર અને રાજાનું પ્રીતિપાત્ર મંત્રી હતો. તે મંત્રીને **ગુણાવળી** નામે ભાર્યા હતી. તેમને અદ્વિતીય

સ્વરૂપવાળો સુબુદ્ધિ નામનો પુત્ર હતો. એક વખતે જિત-શત્રુ રાજા મંત્રી અને સામંતો સહિત સભામાં બેઠો હતો, તે વખતે અષ્ટાંગ નિમિત્તને જાણનાર એક વિદ્વાન્ નૈમિત્તિક રાજાની રજા મેળવી સભામાં આવ્યો અને રાજાને આશિર્વાદ આપી રાજાએ દેખાડેલ ઉત્તમ આસનપર બેઠો. રાજાએ તેને પૂછ્યું કેઃ-" અરે નિમિત્તજ્ઞ ! તને કેટલું જ્ઞાન છે ? " તે બોલ્યો કેઃ-" હે રાજન્ ! હું મારા નિમિત્ત જ્ઞાનના પ્રભાવ-વથી લાભ અલાભ, જીવિત મરણ, ગમન આગમન અને સુખ દુઃખ વિગેરે સર્વ જાણી શકું છું. " તે સાંભળી રાજાએ કહ્યું કેઃ-" આ મારા પરિવારમાં કોઈની કાંઈ પણ ખાસ આશ્ચર્ય-કારક ઘટના બનવાની હોય અને તે તું જાણતો હો તો કહે." તે સાંભળી નિમિત્તજ્ઞ બોલ્યો કેઃ-" તમારા આ જ્ઞાનગર્ભ મંત્રીને કુટુંબ સહિત મરણાંત કષ્ટ પંદરમે દિવસે પ્રાપ્ત થશે એમ મારૂં નિમિત્તજ્ઞાન મને કહે છે. " તે સાંભળી રાજા અને બધા સભાજનો અત્યંત ખેદ પામ્યા.

પછી દુઃખથી મુંઝાતા મંત્રીએ તે નિમિત્તજ્ઞને સાથે લઇ પોતાને ઘેર જઇ એકાંતમાં તેને પૂછ્યું કેઃ-" હે ભદ્ર ! કઇ રીતે તું મારૂં કષ્ટ જુએ છે ? " તેણે જવાબ આપ્યો કેઃ-" તમારા મોટા પુત્રના નિમિત્તે તમને આપત્તિ થશે એમ મારા જાણવામાં આવ્યું છે. " અને કેવી રીતે આપત્તિ આવશે તે જ્ઞાનાનુસાર તેણે જાણ્યું તે બધું કહી બતાવ્યું. તે સાંભળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંત્રીએ તેનો સત્કાર કરી યોગ્ય દાન આપી તેને વિદાય કર્યો. પછી મંત્રીએ પુત્રને બોલાવીને કહ્યું કેઃ–" હે વત્સ! જો તું મારી આજ્ઞા માને તો આપણા ઉપર આવનારી ભાવી જીવિતનો અંત કરનારી આપત્તિને આપણે તરી જઇએ." તે સાંભળી વિનયથી નમ્ર થઈને પુત્ર બોલ્યો કેઃ–" હે પિતાજી! તમે જે કાંઇ કાર્ય કહેશો તે હું ખુશીથી કરીશ." પછી મંત્રીએ પુરૂષ સમાય તેવડી એક મોટી પેટી મંગાવી, તેની અંદર પંદર દિવસ ચાલે તેટલું પાણી અને ભોજન મૂકી તેમાં પુત્રને સુવાડી તેને આઠ તાળાંઓ વાસી તે પેટી રાજાને આપીને કહ્યું કેઃ–" હે રાજન્! આ મારૂં સર્વસ્વ છે, તેનું આપ યત્નથી રક્ષણ કરશો." તે સાંભળી રાજા બોલ્યો કેઃ–" અરે મંત્રી! આ પેટીમાં જે કાંઈ ધન વિગેરે તમે મૂક્યું હોય તે ઇચ્છા પ્રમાણે ધર્મકાર્યમાં વાપરી નાખો, તમારા વિયોગે પછી હું તે ધનને શું કરીશ?" તે સાંભળી સચિવે કહ્યું કેઃ-" હે સ્વામિન્! સેવકનો એજ ધર્મ છે કે પ્રાણાંતને પ્રસંગે પણ તેણે સ્વામીની વંચના ન કરવી." આ પ્રમાણે તેનો અતિશય આગ્રહ થવાથી રાજાએ તે પેટી એક ગુપ્ત સ્થાનમાં મૂકાવી. ત્યાર પછી મંત્રીએ જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રારંભ્યો, શ્રી સંઘની પૂજા કરી સ્વામી-વાત્સલ્ય કર્યાં, દીનહીન જનોને દાન આપ્યાં અને અમારીની આઘોષણા કરાવી, તથા ઘરમાં હમેશાં શાંતિપાઠ કરવા લાગ્યો, તથા શસ્ત્રધારી અને બખ્તર પહેરેલા સુભટો અને હાથી

ઘોડા વિગેરેને ઘરની ચોતરફ રખાવી ઘરની રક્ષા કરવા લાગ્યો. વળી ગૃહચૈત્યમાં સ્વસ્થતાથી બેસી તે ધર્મધ્યાન કરવા લાગ્યો. એમ કરતાં પંદરમો દિવસ આવ્યો, ત્યારે રાજાના અંતઃપુરમાં એવી વાણી પ્રગટ થઇ કેઃ–" હે લોકો ! દોડો ! દોડો ! આ સુબુદ્ધિ નામનો મંત્રીપુત્ર રાજપુત્રીનો વેણીદંડ છેદીને નાશી જાય છે." આવું વચન સાંભળી રાજાને અત્યંત ક્રોધ થયો, અને ક્રોધના આવેશમાં તેણે વિચાર્યું કેઃ–" તે દુષ્ટ મંત્રીપુત્રનું આવી રીતે સન્માન કર્યું અને સર્વત્ર ગમનાગમનની રજા આપી, તેથી આવું દુષ્કાર્ય કરવા તે પ્રેરાયો લાગે છે." આ પ્રમાણે વિચારી રાજાએ સભાજનો સમક્ષ કોટવાળને આજ્ઞા કરી કેઃ–" આ મંત્રીપુત્રના અપરાધને લીધે કુટુંબ સહિત મંત્રીને હણી નાખો, તેને ઘેર કામ કરનાર નોકરોને પણ જીવતા રાખશો નહિ, કારણકે તેના દુષ્ટ પુત્રે રાજ્યનો મોટો અપરાધ કર્યો છે." આ પ્રમાણે કહી રાજાએ સૈન્યસહિત કોટવાળને મંત્રીને ઘેર મોકલ્યો. આ વખતે પ્રધાનના સૈન્યે સૈન્યસહિત આવેલ કોટવાળને રોકયો. આ બધા સમાચાર ધ્યાનમાં બેઠેલ મંત્રીએ પોતાના માણસના મુખેથી સાંભળ્યા. તેજ વખતે મંત્રીએ બહાર જઇને પોતાના સુભટોને યુદ્ધ કરતાં અટકાવીને રાજા તરફથી આવેલ કોટવાળને કહ્યું કેઃ–" ભાઈ ! મને એકવાર રાજાની પાસે લઈ જાઓ. પછી તે જે પ્રમાણે હુકમ કરે તે પ્રમાણે કરજો. હું કાંઈ તમારા કબજામાંથી નાશી જવાનો નથી." એટલે કોટવાળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંત્રીને તરતજ રાજા પાસે લઇ ગયો. મંત્રીને જોતાંજ રાજાએ ક્રોધથી મુખ તેના તરફથી ફેરવી નાંખ્યું. ફરીથી મંત્રી રાજાની સન્મુખ ગયો અને નમસ્કાર કરી વિનંતિ કરી કે:-" હે સ્વામિન્ ! આપની પાસે મેં જે પેટી મૂકી છે તે અત્રે મંગાવી, ખોલાવીને આપ જુઓ. તેની અંદરની વસ્તુઓ ઉપયોગી છે, તે વસ્તુઓ લઇને પછી આપને રૂચે તેમ કરજો. " તે સાંભળી રાજા બોલ્યો કે:-" અરે ! તારા પુત્રે આવો ઉગ્ર અપરાધ કર્યો, અને તું શું મને ધન આપીને સંતોષ પમાડવા ઇચ્છે છે ?" ત્યારે મંત્રીએ કહ્યું કે:-" હે રાજન્ ! મારા પ્રાણ અને મારૂં આખું કુટુંબ આપનેજ આધીન છે; પણ એકવાર પેટી મંગાવીને તો જુઓ." આ પ્રમાણેના તેના અત્યંત આગ્રહથી રાજાએ તે પેટી ગુપ્ત સ્થાનમાંથી રાજસભામાં મંગાવી, અને સર્વની સમક્ષ બધાં તાળાં ઉઘાડ્યાં. તેની અંદર મંત્રીનો પુત્ર સુતેલ હતો, તેના જમણા હાથમાં શસ્ત્ર હતું, ડાબા હાથમાં વેણીદંડ હતો અને તેના પગો બાંધેલા હતા. આવી સ્થિતિમાં તેને દેખીને બધા અત્યંત વિસ્મય પામ્યા, અને રાજાએ મંત્રીને પૂછ્યું કે:-" આ શું નવાઇ ? આ કેવી જાતનો બનાવ ?" મંત્રીએ ખુલાસો કર્યો કે:-" હે રાજન્ ! હું કાંઇ પણ જાણતો નથી. આપજ બધી હકીકત જાણો છો. સત્ય વાતને બરોબર જાણ્યા વિના મારો જન્મપર્યંતના સેવકનો મૂળથીજ ઉચ્છેદ કરવા આપ તૈયાર થયા છો. આ પેટી આપની સમક્ષ આપનાજ ગુપ્તભંડારમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં મૂકી હતી, તાળાની કુંચીઓ પણ આપનીજ પાસે હતી. તેની અંદર જ્યારે આવું થયું ત્યારે તેમાં મારો શું અપરાધ ?" તે સાંભળી રાજા લજ્જા પામી બોલ્યો કેઃ-" અરે મંત્રી ! મને આ બધી બાબતનું રહસ્ય કહે." મંત્રીએ કહ્યું કેઃ-" હે સ્વામિન્ ! કોઇપણ રોષ પામેલા વ્યંતરદેવે મારો પુત્ર નિર્દોષ છતાં પણ આગળના વૈરને કારણે તેનો દોષ પ્રગટ કરવા માટે આમ કર્યું હોય એવો સંભવ લાગે છે. અન્યથા આવી રીતે પેટીમાં ગુપ્ત રીતે રાખેલાની આવી અવસ્થા કેમ થાય ?" તે સાંભળી પ્રસન્ન થઇ રાજાએ પુત્ર સહિત મંત્રીનો સત્કાર કર્યો, અને ફરીથી મંત્રીને પૂછ્યું કે-" તેં આ બધી હકીકત શી રીતે જાણી ?" ત્યારે મંત્રીએ નિમિત્તિયા સાથે થયેલ તેની વાતચિત કહી સંભળાવી, અને તે બાબતમાં તેણે કેવી રીતે યત્ન કર્યો હતો તે પણ કહ્યું. ત્યારપછી રાજા અને મંત્રી સ્વપુત્રોને પોતપોતાને સ્થાને સ્થાપી દીક્ષા લઇ દુષ્કર તપ તપીને સદ્ગતિ પામ્યા.

ઈતિ જ્ઞાનગર્ભ મંત્રીકથા.

**શ્રીપાલ મહારાજનો રાસ**-સચિત્ર ગુજરાતી અર્થ સાથે મોટા અક્ષર, સારા કાગળ લગભગ ૧૫ ચિત્રો અને પૃષ્ટ ૪૫૦ પાકું રેશમી પુઠું રૂા. ૨-૪-૦, પાકું સાદું પુઠું રૂા. ૧-૧૨-૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૯ મું.

## મિત્રાનંદ અમરદત્તની કથા. (ચાલુ)

( ઉપરની જ્ઞાનગર્ભ મંત્રીની કથા કહીને મુનિરાજે ચિત્રસેન વિગેરે પર્ષદાને કષાયનાં ફળ ઉપર શરૂ કરેલી મિત્રાનંદ-અમરદત્તની વાત આગળ ચલાવતાં કહ્યું કે ) આ કથા કહીને પછી અમરદત્ત મિત્રાનંદને ઉદ્દેશીને બોલ્યો કે;-" હે મિત્ર ! જેમ તે મંત્રીએ પરાક્રમથી અને યત્નથી ભાવી વિપત્તિનો નાશ કર્યો, તેવીજ રીતે આપણે પણ તેનો નાશ કરવા પ્રયત્ન કરશું. તું ખેદનો ત્યાગ કર. " આ પ્રમાણે અમરદત્તે કહ્યું. તે સાંભળી મિત્રાનંદ બોલ્યો કે-" બંધુ ! ત્યારે તું કહે કે આપણે હવે શું કરવું ? " અમરદત્તે કહ્યું કે:-" આ આપણું સ્થાન છોડી દઇને આપણે દેશાંતરમાં ચાલ્યા જશું. " તે સાંભળી અમરદત્તની પરીક્ષા કરવા મિત્રાનંદે કહ્યું કે:-" બહારગામ જવાનું તારાથી કેવી રીતે બની શકશે ? તારૂં શરીર અતિ કોમળ છે. શબે કહેલ મારૂં કષ્ટ તો કેટલેક કાળે થશે, પરંતુ કોમળતાને લીધે દેશાંતરના ક્લેશથી કદાચ તારૂં મરણ થાય તો વિશેષ આપત્તિ આવે, માટે તારાથી દેશાંતરમાં આવવાનું કેમ બનશે ? " તે સાંભળી અમરદત્ત બોલ્યો કે-" હે મિત્ર ! ગમે તેમ થાય પણ મારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો સુખ–દુઃખ તારી સાથેજ ભોગવવાનું છે. હું કોઇપણ રીતે તારાથી છુટો રહી શકું તેમ નથી." આ પ્રમાણે તેનો નિશ્ચય જાણી મિત્રાનંદને બહુજ આનંદ થયો, અને પરસ્પર તેઓ વિશેષ એકચિત્તવાળા થયા.

ત્યાર પછી તેઓ કરેલા સંકેત પ્રમાણે એક રાત્રીએ ઘેરથી નીકળી અનુક્રમે ફરતા ફરતા પાટલીપુર નગરમાં આવ્યા. તે નગરની બહાર નંદનવન જેવા મનોહર ઉદ્યાનમાં ઉંચા ગઢથી વીંટાયેલો અને ધ્વજા પતાકાથી શોભતો એક સુંદર મહેલ તેઓએ જોયો. પાસેની વાવમાં હાથ, પગ ધોઇ મુખ પ્રક્ષાલન કરી શ્રમ ઉતારી પ્રાસાદની સુંદરતા જોવા તેઓ તેની અંદર ગયા. ત્યાં અમરદત્તે એક સુંદર પુતળી જોઇ; તે રૂપ અને લાવણ્યથી સાક્ષાત્ દેવાંગના જેવીજ લાગતી હતી. તેને દેખીને અમરદત્ત જાણે કે ચિત્રમાં આળેખાઈ ગયો હોય તેમ સ્થિર થઇ ગયો અને અનિમેષ દૃષ્ટિથી તેનીજ સામું જોવા લાગ્યો અને ક્ષુધા, તૃષા કે શ્રમ બધું ભૂલી ગયો. ઘણો વખત પસાર થઈ ગયો, અને મધ્યાહ્ન થવા આવ્યો, ત્યારે મિત્રાનંદે કહ્યું કેઃ–" બંધુ ! ચાલો, આપણે હવે નગરમાં જઈએ, બહુ મોડું થાય છે, નગરમાં જઇ ક્ષુધા વિગેરેની બાધા મટાડીએ." તે સાંભળી અમરદત્ત બોલ્યો કેઃ–" હે મિત્ર ! થોડી ક્ષણો સુધી તું રાહ જો, તેટલા વખતમાં હું આ પુતળીને બરોબર નીરખીને જોઇ લઉં." આ પ્રમાણે તેના કહેવાથી થોડા સમય સુધી રાહ જોઇ. ફરીથી મિત્રાનંદે નગરમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવાનું સંભાર્યું અને કહ્યું કેઃ–" પ્રિય મિત્ર ! હવે આપણે નગરમાં જઈએ અને કોઈ સ્થળે સ્થિરતા કરી ભોજનાદિક કરીએ. પછી વળી ફરીને અહીં પાછા આવશું." તે સાંભળી અમરદત્ત બોલ્યો કેઃ–" હે મિત્ર ! જો હું આ સ્થાનેથી ચાલીશ તો અવશ્ય તરતજ મારૂં મૃત્યુ થશે." તે સાંભળી મિત્રાનંદ બોલ્યો કેઃ–" અરે બંધુ ! આ પથ્થરની ઘડેલી પુતળી ઉપર તને આટલો બધો મોહ કેમ થાય છે ? જો તારે સ્ત્રી વિલાસની ઇચ્છા હશે તો નગરમાં જઈ ભોજન કરીને તારી ઇચ્છા તું ખુશીથી પૂર્ણ કરજે." આ પ્રમાણે વારંવાર કહ્યા છતાં પણ જ્યારે તેણે તે પુતળીનું પડખું કોઇ રીતે છોડવા ઇચ્છા દેખાડીજ નહિ, ત્યારે મિત્રાનંદ ક્રોધ અને ઉદ્વેગમાં આવી જઈને મોટે સ્વરે રૂદન કરવા લાગ્યો. તે સાંભળી અમરદત્ત પણ રોવા લાગ્યો, પણ તે સ્થળ કે તે પુતળી છોડવાની તેણે સ્પષ્ટ ના પાડી.

તે વખતે તે પ્રાસાદ કરાવનાર **રત્નસાર** શ્રેષ્ઠી ત્યાં આવ્યો. તેણે બંને મિત્રોને પૂછ્યું કેઃ–" અરે ! તમે બંને સ્ત્રીની જેમ રૂદન કેમ કરો છો ? " તે સાંભળી મિત્રાનંદે પિતાની જેમ તે શ્રેષ્ઠી પાસે સમસ્ત હકીકત કહી સંભળાવી. અમરદત્તની આવી વિચિત્ર ચેષ્ટા સાંભળીને તે શ્રેષ્ઠીને પણ બહુ નવાઇ લાગી. તેણે તેને બહુ બોધ આપ્યો, સમજાવ્યો, ધમકાવ્યો અને વિનવ્યો, પણ જ્યારે તેણે તે પુતળી ઉપરનો રાગ કે તેનું પડખું કોઇ પણ ઉપાયથી છોડવાની સ્પષ્ટ નાજ

કહી, ત્યારે શ્રેષ્ઠી ખેદ પામીને વિચાર કરવા લાગ્યો કેઃ—"જો પથ્થરની બનાવેલી આવી નારી પણ માણસનું આવી રીતે મન હરણ કરી જાય છે, તો સાચી સ્ત્રીની તો વાતજ શું કરવી? મહાત્માઓ સત્ય કહી ગયા છે કેઃ—

तावन्मौनी यतिर्ज्ञानी, सुतपस्वी जितेंद्रियः ।
यावन्न योषितां दृष्टि,-गोचरं याति पुरुषः ॥

"પુરૂષ જ્યાં સુધી સ્ત્રીની દૃષ્ટિગોચર થયો ન હોય એટલે કે જ્યાં સુધી તેણે સ્ત્રીને જોઈ ન હોય ત્યાં સુધીજ તે મૌન વ્રતવાળો, જ્ઞાની, તપસ્વી કે જિતેંદ્રિય રહી શકે છે."

આ પ્રમાણે તે શ્રેષ્ઠી વિચાર કરતો હતો, ત્યારે મિત્રાનંદે તેને પૂછયું કેઃ-"હે પૂજ્ય! આ વિષમ કાર્યમાં મારે શો ઉપાય કરવો? આપ કાંઇ યોગ્ય રસ્તો દેખાડી મારા ઉપર ઉપકાર કરો." શ્રેષ્ઠીને પણ કાંઇ રસ્તો સૂઝ્યો નહિ, ત્યારે મિત્રાનંદે ફરીથી કહ્યું કેઃ-"હે તાત! આ પુતળી જેણે ઘડી હોય તે સૂત્રધાર કોણ છે અને કયાંનો રહેવાસી છે તે જો આપ મને જણાવો તો હું તેને પૂછીને મારા મિત્રની ઇચ્છા પૂર્ણ કરવા પ્રયત્ન કરૂં." તે સાંભળી શ્રેષ્ઠી બોલ્યો કેઃ-"કોકણ દેશમાં સોપારક નામના નગરમાં શૂર નામનો હુશિયાર અને પ્રખ્યાત સૂત્રધાર રહે છે, તેણે આ પુતળી ઘડી છે. આ પ્રાસાદ મેં કરાવેલ હોવાથી આ હકીકત હું જાણું છું." ત્યારે મિત્રાનંદ બોલ્યો કેઃ-"આપ પૂજ્ય કૃપા

કરીને મારા આ મિત્રને જો સાચવો, તો હું સોપારક નગરમાં જઇ તે સૂત્રધારને પૂછી આવું કે આ પુતળી તેણે પોતાની બુદ્ધિથી ઘડી છે કે કોઇ સ્ત્રીનું રૂપ જોઈને તેને અનુસારે ઘડી છે? આ સમાચાર જાણ્યા પછી જો તે કોઇ સ્ત્રીના રૂપ પ્રમાણે ઘડી હશે તો મારા મિત્રની ઇચ્છા પૂર્ણ કરવા હું બનશે તેટલો પ્રયત્ન કરીશ. જો સ્વમતિથી કલ્પના કરીને તેણે પુતળી બનાવી હશે તો તેનો કાંઈ ઉપાયજ નથી." તે સાંભળી ઉપકારપરાયણ તે શ્રેષ્ઠીએ જ્યાં સુધી મિત્રાનંદ પાછો ન આવે ત્યાં સુધી અમરદત્તને સાચવવાનું કબુલ કર્યું, અને મિત્રાનંદે અમરદત્ત પાસે તે સૂત્રધારની તપાસ કરવા માટે સોપારક નગર તરફ જવાની રજા માગી. અમરદત્તે કહ્યું કે:– "જો હું તને કષ્ટ પડયું જાણીશ તો તેજ વખતે મારા પ્રાણ ચાલ્યા જશે." મિત્રાનંદે કહ્યું કે:–"હે મિત્ર! જો હું બે માસ સુધીમાં પાછો ન આવું તો તારે જાણવું કે મારો મિત્ર હૈયાત નથી. જો હું જીવતો હઈશ તો તે મુદત સુધીમાં ગમે તે પ્રકારે અવશ્ય અત્રે પાછો આવી જઈશ."

આ પ્રમાણે તેને સમજાવી મુશ્કેલીથી તેની રજા લઈ શ્રેષ્ઠીને તેની વારંવાર ભલામણ કરી મિત્રાનંદ અખંડ પ્રયાણ કરતો અનુક્રમે સોપારકપુર નગરે પહોંચ્યો. ત્યાં પોતાની મુદ્રિકા વેચી યોગ્ય પોષાક ધારણ કરી હાથમાં તાંબુલાદિક લઈ તે શૂર સૂત્રધારને ઘેર ગયો. તેણે પણ તેને લક્ષ્મીવાન્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણી તેની યોગ્ય બરદાસ્ત કરી, અને યોગ્ય આસન ઉપર બેસાડી આગમનનું કારણ પૂછ્યું. મિત્રાનંદે કહ્યું કેઃ– “ હે ભદ્ર ! મારે તમારી પાસે એક સુંદર પ્રાસાદ કરાવવો છે; પરંતુ તમારી કળાની કોઈ પ્રતિકૃતિ હોય–તમે કોઈ જગ્યાએ પ્રાસાદ બાંધ્યો હોય તો તે દેખાડો. ” તે સાંભળી સૂત્રધાર બોલ્યો કેઃ–“ અરે શ્રેષ્ઠી ! પાટલીપુર નગરની બહાર ઉદ્યાનમાં જે મોટો પ્રાસાદ બાંધેલો છે તે મારો કરેલો છે. તમે તે જોયો કે નહિ ? ” મિત્રાનંદે કહ્યું કેઃ–“ હા, તે મેં હાલમાંજ જોયો છે; પરંતુ તે પ્રાસાદમાં અમુક ઠેકાણે જે પુતળી છે તે કોઇનું રૂપ જોઇને કરેલી છે કે માત્ર તમારી કળાકુશળતાથીજ કરેલી છે? ” સૂત્રધારે જવાબ આપ્યો કેઃ– “ વાણારસી નગરીમાં મહાસેન રાજાને રત્નમંજરી નામે પુત્રી છે, તેનું રૂપ જોઈને તે રૂપને અનુસારે મેં તે પુતળી કરેલી છે. ” આ હકીકત સાંભળી તેણે સૂત્રધારને કહ્યું કેઃ–“ બહુ સારૂં, ત્યારે હવે હું સારો દિવસ પૂછીને પ્રાસાદ કરાવવા નિમિત્તે તમને બોલાવવા આવીશ.” એમ કહી તે બજારમાં ગયો. લીધેલ વસ્ત્રાદિ વેચી નાંખી ભાતા વિગેરેની તૈયારી કરી; નિરંતરના અવિચ્છિન્ન પ્રયાણવડે તે અનુક્રમે વાણારસી નગરીએ પહોંચ્યો, અને વાણારસી નગરીના દરવાજા નજીક નગરદેવીના મંદિરમાં જઇને તેણે વિશ્રામ લીધો. તે વખતે નગરીમાં થતી ઉદ્‌ઘોષણા તેણે સાંભળી કેઃ– “જે કોઇ પુરૂષ રાત્રીના ચાર પહોર આ શબનું રક્ષણ કરશે તેને ઇશ્વર નામનો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રેષ્ઠી એક હજાર સોનામહોર આપશે." તે સાંભળી મિત્રાનંદે પાસે રહેલ મંદિરના એક માણસને પૂછયું કેઃ- "એક રાત્રીને માટે આ શ્રેષ્ઠી આટલું બધું ધન આપે છે તેનું શું કારણ ?" તે માણસે જવાબ આપ્યો કેઃ-"હે ભદ્ર ! આ નગરીમાં મરકીનું બહુ જોર છે. શ્રેષ્ઠીને ઘેર આ મરકીના વ્યાધિથી કોઈ મરી ગયું છે, તેનું આ શબ છે, તેને બહાર સ્મશાનમાં લઇ જવા પહેલાં રાત્રી પડી ગઇ, તેથી નગરીના દરવાજા બંધ થઈ ગયા છે.

હવે આખી રાત્રી સુધી મરકીથી મૃત્યુ પામેલા આ શબનું રક્ષણ કરવા કોઇ સમર્થ નથી; સહુને મૃત્યુની બીક લાગે છે, તેથી તેના રક્ષણ નિમિત્તે શ્રેષ્ઠીએ આટલું બધું ધન આપવાનું જાહેર કરેલું છે." તે સાંભળી મિત્રાનંદે વિચાર કર્યો કેઃ-ધન રહિત માણસની કાર્યસિદ્ધિ સત્વર થઈ શકતી નથી, માટે સાહસ કરીને આ પડહો સ્ત્રીકારી હિંમત રાખી કાર્ય કરી આ દ્રવ્ય મેળવું." આવો વિચાર કરી હિંમતથી મિત્રાનંદે તે સ્વીકાર્યું, ઈશ્વર શ્રેષ્ઠીએ મિત્રાનંદને અર્ધું ધન અને તે મૃતક સોંપ્યું અને બાકીનું ધન સવારે આપીશ એમ કહી તે પોતાને ઘેર ગયો.

મિત્રાનંદ તે મૃતકને પાસે રાખી સાવધાનપણે તેનું રક્ષણ કરવા લાગ્યો. મધ્યરાત્રીએ શાકિની, ભૂત, વેતાળ વિગેરે પ્રગટ થયા અને અનેક પ્રકારના ઉપસર્ગ કરવા લાગ્યા; પરંતુ ધીરતાથી તેણે તે સર્વ સહન કરી રાત્રી નિર્ગમન કરી અને શબનું રક્ષણ કર્યું. પછી પ્રભાતે તેના સ્વજનોએ આવી તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શબ સ્મશાનમાં લઇ જઇ તેનો અગ્નિસંસ્કાર કર્યો. બાકીનું ધન મિત્રાનંદે શ્રેષ્ઠી પાસે માગ્યું, પણ ઈશ્વર શ્રેષ્ઠીએ તે આપ્યું નહિ, ત્યારે મિત્રાનંદે કહ્યું કેઃ–" જો અહીં મહાસેન ન્યાયી રાજા છે, તો મારૂં ધન અવશ્ય મને મળશેજ." આ પ્રમાણે કહી તે બજારમાં ગયો, અને સો સોનામહોર ખર્ચી ઉત્તમ વસ્ત્રો ખરીદી તે પહેરી **વસંતતિલકા** નામની વેશ્યાને ઘેર ગયો. ઉત્તમ વસ્ત્રોવાળા તેને જોઇ તેણીએ ઉભા થઇ તેનો સત્કાર કર્યો, મિત્રાનંદે તેને ચારસે સોનામહોરો આપી. તેની આટલી બધી ઉદારતાથી અક્કા હર્ષિત થઇ, અને તેણે પોતાની પુત્રીને કહ્યું કેઃ–" આ પુરૂષને તારે સારી રીતે વશ કરવો; કારણકે તેણે એક વખત માત્રેનું પણ ઘણું ધન આપ્યું છે. વધારે શું કહું ? આ પુરૂષ કલ્પવૃક્ષ જેવો જણાય છે." આ પ્રમાણે અક્કાના કહેવાથી વસંતતિલકાએ જાતેજ તેને સ્નાન તથા ભોજન વિગેરે કરાવી આનંદથી દિવસ પસાર કરાવ્યો. સાયંકાળે અપૂર્વ શય્યાને વિષે ઉત્તમ શણગાર સજી રૂપ સૌંદર્યથી દેવાંગના જેવી તે વેશ્યા વિષયલાલસાવાળી થઇ મિત્રાનંદની પાસે આવી, અને હાવભાવપૂર્વક શૃંગારમય મધુર વાણી બોલવા લાગી. તે વખતે મિત્રાનંદે મનમાં વિચાર કર્યો કેઃ–" વિષયમાં લુબ્ધ થયેલ પ્રાણીઓની ખરેખરી કાર્ય-સિદ્ધિ થતી નથી, માટે મારે આનામાં લલચાવું ઘટિત નથી." આ પ્રમાણે વિચારી તેણે તે વેશ્યાને કહ્યું કેઃ–" ભદ્રે ! પ્રથમ તો મારે કાંઇક સ્મરણ (ધ્યાન) કરવું છે, માટે એક પાટલો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવ. ” તરતજ તેણીએ એક સુવર્ણમય પાટલો લાવી આપ્યો. તેના ઉપર દ્રઢ પદ્માસન વાળી વસ્ત્રવડે ચારેતરફ શરીરને ઢાંકીને તે ધૂર્તપણું ધારણ કરી યોગીની જેમ જાણે કે ધ્યાનમાં હોય તેમ બેઠો. આ પ્રમાણે પ્રથમ પહોર ગયો, વેશ્યાએ સુખશય્યામાં આનંદ કરવા વિનંતિ કરી, પણ તેણે કાંઈ પણ ઉત્તર આપ્યા વગર ધ્યાનદશાજ ચાલુ રાખી. આ પ્રમાણે આખી રાત્રી તેણે ધ્યાનમાંજ પસાર કરી. પ્રાતઃકાળ થતાં ધ્યાન છોડી તે દેહચિંતા માટે ગયો, ત્યારે વેશ્યાએ રાત્રે બનેલ બધી હકીકત અક્કાને કહી સંભળાવી. તે સાંભળી તે કુટ્ટિની બોલી કેઃ-“ તે જેમ કરે તેમ કરવા દેજે, તેનું મન દુઃખાય તેમ વર્તીશ નહિ, તારે તો યુક્તિપૂર્વક તેની સેવા કર્યા કરવી. ” તે સાંભળી તેણીએ તેમજ કરવા માંડયું બીજી રાત્રી પણ મિત્રાનંદે તેજ પ્રમાણે ધ્યાનના ઢોંગમાં પસાર કરી. સવારે કુટ્ટિનીએ તે વૃત્તાંત જાણી ઠપકાપૂર્વક કહ્યું કેઃ-“ હે ભદ્ર ! આ મારી પુત્રી રાજકુમારોને પણ દુર્લભ છે, તેની તું વિડંબના કરે છે તેનું શું કારણ ? ” તે સાંભળી મિત્રાનંદ બોલ્યો કેઃ-“ હે માતા ! સમય આવશે ત્યારે હું સર્વ યોગ્ય કરીશ, તે બાબતની તમે ચિંતા કરો નહિ. વળી મને એક હકીકત કહો કે રાજમંદિરમાં તમારે જવા આવવાનો પરિચય છે કે નહિ ? ” તેણીએ કહ્યું કેઃ- “ આ મારી પુત્રી રાજાના ચામરને ધારણ કરનારી છે, તેથી જ્યારે ઈચ્છા થાય ત્યારે હું પણ રાજમંદિરમાં જઈ શકું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છું. મારે ત્યાં જવામાં કોઇ પણ વખતે પ્રતિબંધ નથી.” તે સાંભળી મિત્રાનંદે કહ્યું કેઃ-“ ત્યારે તમે રાજપુત્રી રત્નમંજરીને ઓળખો છો ? ” તેણીએ કહ્યું કેઃ-“ તે તો મારી પુત્રીની ખાસ સખી છે. ” મિત્રાનંદે કહ્યું કેઃ-“ હે માતાજી ! તમારે અવકાશે તેની પાસે જઇને કહેવું કે–હે બ્હેન ! લોકોમાં ગવાતા જે અમરદત્તના ગુણો સાંભળીને તેં પ્રીતિવાળી થઇ તેના ઉપર પ્રેમલેખ મોકલ્યો હતો, તે અમરદત્તનો મિત્ર અહીં આવ્યો છે. ” આ પ્રમાણે કહેવાનું સ્વીકારી તે અક્કા રાજપુત્રી પાસે ગઇ. રાજપુત્રીએ તેને જોઈ કહ્યું કેઃ-“ અરે અક્કા ! આવો, આવો, કાંઈ નવીન હકીકત હોય તે કહો. ” ત્યારે તેણે કહ્યું કેઃ-“ આજે તમને તમારા વલ્લભના શુભ સમાચાર કહેવા હું આવી છું. ” તે સાંભળી આશ્ચર્ય પામી રાજપુત્રી બોલી કેઃ-“મારો વલ્લભ કોણ ? હું તો તે બાબતમાં કાંઇ જાણતી નથી ! ” પછી તે અક્કાએ મિત્રાનંદે કહેલ સર્વ હકીકત તેને કહી સંભળાવી. તે સાંભળી રાજપુત્રીએ વિચાર્યું કેઃ-“ હજુ સુધી મારે આવો કોઈ વલ્લભ નથી, મેં કોઇના ઉપર લેખ પણ મોકલ્યો નથી, તેમ અમરદત્તનું નામ પણ હું જાણતી નથી; પરંતુ આ કાંઈ ધૂર્તનો વિલાસ હોય તેવો સંભવ જણાય છે; તોપણ આવી કૂટ રચના જેણે રચી છે તેને એકવાર નજરે તો જોઉં. ” આ પ્રમાણે વિચાર કરી તેણે અક્કાને કહ્યું કેઃ–“ જેણે મારા વલ્લભના સમાચાર તારી મારફત કહેવરાવ્યા, તેને તારે ગોખને માર્ગે આજે અહીં

જરૂર લાવવો." તે સાંભળી મનમાં હર્ષ પામતી તે અક્કા ઘેર આવી અને રાજપુત્રીએ કહેલી બધી હકીકત મિત્રાનંદને કહી તેથી તે પણ હર્ષ પામ્યો.

રાત્રીનો સમય થયો ત્યારે અક્કા મિત્રાનંદને રાજમહેલની પાસે લઈ ગઇ અને કહ્યું કેઃ-" હે ભદ્ર! આ સાત કીલ્લાઓથી વીંટાયેલો રાજમહેલ છે, તેમાં પેલું ગૃહ રાજકન્યાનું છે. હવે જો તારામાં શક્તિ હોય તો તું ત્યાં જા." તે સાંભળી મિત્રાનંદે તે અક્કાને રજા આપી અને પોતે વાંદરાની જેમ ફાળ મારી સાતે કિલ્લાઓ ઓળંગી રાજમહેલમાં પેઠો. તે વખતે તેને સાતે કિલ્લાઓ ઉલ્લંઘતો જોઇ અક્કાએ વિચાર કર્યો કેઃ-" આ કોઈ મહા વીરપુરૂષ જણાય છે, આનું પરાક્રમ અચિંત્ય લાગે છે." એમ વિચારતી તે પોતાને ઘેર ગઈ. હવે જ્યારે મિત્રાનંદ રાજપુત્રીના મહેલ ઉપર ચઢ્યો ત્યારે તેની વીરચર્યા જોઈ આશ્ચર્ય પામેલી રાજકન્યા ખોટી નિદ્રાથી સૂઈ ગઇ. તે વખતે તે વીરપુરૂષ તેને સૂતેલી જોઇ તેના હાથમાંથી રાજાના નામના ચિન્હવાળું કડું કાઢી લઈ તેના જમણા સાથળમાં છરીવડે ત્રિશૂળનું ચિન્હ કરી જેમ આવ્યો હતો તેમ રાજમંદિરમાંથી પાછો નીકળી કોઇ દેવકુળમાં જઇને સૂતો. તેના ગયા પછી રાજપુત્રીએ વિચાર્યું કેઃ-" આ કોઇ સામાન્ય પુરૂષ જણાતો નથી. મેં મૂર્ખાઇ કરી કે કપટનિદ્રાએ સૂઈ રહી, પણ તેને બોલાવ્યો નહિ." આ પ્રમાણે વિચાર કરતી રાજપુત્રી રાત્રીના અંતસમયે નિદ્રાવશ થઈ.

પ્રાતઃકાળે મિત્રાનંદ ઉઠ્યો અને રાજમંદિરના દ્વારમાં મોટે સ્વરે પોકાર કરવા લાગ્યો કેઃ-" અહો ! અન્યાય ! અન્યાય ! " તે સાંભળી પ્રતિહારીદ્વારા તેને બોલાવી પોકાર કરવાનું રાજાએ તેને કારણ પૂછ્યું. તેણે નમસ્કાર કરી ખુલાસો કર્યો કેઃ-" હે સ્વામિન્ ! પ્રચંડ પ્રતાપવાળા આપ રાજા છતાં ઇશ્વર શેઠે મને પરદેશીને પરાભવ પમાડ્યો છે. " પછી રાજાના પૂછવાથી મિત્રાનંદે ઈશ્વર શ્રેષ્ઠીની પુત્રીનું શબ સાચવવા પેટે ઠરાવેલ સોનામહોરો પૈકી પાંચસો સોનામહોરની કરેલી લુચ્ચાઇની તે શ્રેષ્ઠીની હકીકત કહી દેખાડી. તે સાંભળી કોપ પામેલા રાજાએ પાસે ઉભેલા આરક્ષકને આજ્ઞા કરી કેઃ- " એકદમ ઇશ્વર શ્રેષ્ઠીને ઘેર જાઓ અને તે દુષ્ટ વણિકને બાંધી લાવો. " આવા રાજાના હુકમની ઈશ્વર શ્રેષ્ઠીને ખબર પડતાંજ તે દ્રવ્ય લઇને રાજસભામાં આવ્યો અને મિત્રાનંદને ગણી આપી. પછી રાજાને તેણે કહ્યું કેઃ-" હે દેવ ! તે વખતે પુત્રીના મરણના શોકની વ્યગ્રતાને લીધે તથા શબનું સંસ્કાર વિગેરે કાર્યમાં રોકાવાથી તથા પછીના ત્રણ દિવસો લોકાચારમાં વ્યતીત થવાથી આ વીરને દ્રવ્ય આપવાની ઢીલ થઇ છે તેની ક્ષમા કરશો. " આવાં મધુર વચનો બોલી રાજાને પ્રસન્ન કરી તે પોતાને સ્થાને ગયો. ત્યારપછી રાજાએ મિત્રાનંદને શબના રક્ષણ સમયે કાંઇ નવીન બન્યું હોય તો તેની હકીકત પૂછી, ત્યારે તેણે કહ્યું કેઃ-" હે રાજન્ ! જો તે વાત સાંભળવાનું આપને કૌતુક હોય તો સાવધાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઇને સાંભળો. ધનના લોભથી શબનું રક્ષણ કરવાનું સ્વીકારી હાથમાં છરો લઇ હું સાવધાનપણે તેની પાસે બેઠો, ત્યારે પહેલે પહોરે પીળા રૂંવાડાવાળા શિયાળો મેં જોયા, તેના ભયંકર શબ્દોથી હું ક્ષોભ પામ્યો નહિ. બીજે પહોરે અતિ ભયંકર અને શ્યામ વર્ણવાળા રાક્ષસો પ્રગટ થઇ કિલકિલ શબ્દો કરવા લાગ્યા, પણ જરાપણ ભીતિ પામ્યા વગર મારૂં બળ દેખાડવાથી તેઓ નાશી ગયા. ત્રીજે પહોરે "અરે દાસ ! તું કયાં જઇશ ?" એમ બોલતી હાથમાં શસ્ત્રો લઇને શાકિનીઓ આવી, પણ મારા ધૈર્યથી અંતે થાકીને તેઓ નાશી ગઈ. પછી હે રાજન્ ! ચોથે પહોરે દિવ્યવસ્ત્રને ધારણ કરતી, વિવિધ આભૂષણોથી શોભતી, દેવાંગના જેવા રૂપવાળી, છુટા કેશવાળી, ભયંકર મુખવાળી, હાથમાં કર્ત્રિકાને ધારણ કરતી તથા ભય ઉત્પન્ન કરતી કોઈ ભયંકર સ્ત્રી મારી પાસે આવી, અને 'હે દુષ્ટ ! હું તારો હમણાંજ ક્ષય કરી નાખું છું.' તેમ બોલવા લાગી. તેને જોઈ મેં વિચાર્યું કેઃ-'જે મરકી કહેવાય છે તેજ આ જણાય છે.' એમ વિચારી મેં તેને મારા ડાબા હાથે પકડી, અને જમણા હાથમાં છરી ઉંચી કરી, એટલે તે મારો હાથ મરડીને નાશી જવા લાગી, ત્યારે નાસતાં નાસતાં તેના જમણા સાથળમાં મેં છરીના ચરકા કર્યા અને ખેંચાખેંચમાં તેના હાથનું કડું મારા હાથમાં રહી ગયું, અને તે નાશી ગઇ, એટલામાં સૂર્યોદય થયો. આ પ્રમાણે ચારે પહોર જુદા જુદા આશ્ચર્યો જોતાં મેં રાત્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યતીત કરી. ” આશ્ચર્ય ઉત્પન્ન કરનારી તેની આહ કીકત સાંભળીને રાજાએ તેને કહ્યું કેઃ–“ તેં તે ભયંકર સ્ત્રી પાસેથી જે કડું લીધું તે મને દેખાડ. ” એટલે તરતજ વસ્ત્રને છેડે બાંધેલ રાજકન્યા પાસેથી લીધેલું કડું તેણે રાજાને દેખાડયું. પોતાના નામવાળું તે કડું દેખીને રાજા વિચારમાં પડયો કે– “ શું મારી પુત્રીજ મરકી હશે ?” આ આભૂષણ તેના હાથનુંજ છે ! ! ” એમ વિચારી દેહચિંતાના મિષથી રાજા ત્યાંથી ઉઠ્યો થઇ કન્યાના મહેલમાં ગયો. તે વખતે પોતાની પુત્રીના સાથળ ઉપર થયેલા વ્રણ ઉપર પાટો બાંધેલો તેણે જોયો, તથા કડું ગુમ થયેલું દેખાયું. તે સર્વ જોઈ રાજા જાણે વજ્રથી હણાયો હોય તેવો થઇ ગયો. તેણે વિચાર્યું કેઃ–“ અહો ! મારો નિર્મળ વંશ આ દુષ્ટ કન્યાએ કલંકિત કર્યો. હવે કોઇ પણ ઉપાયથી આનો નિગ્રહ કરવો તેજ યુક્ત છે, નહિ તો આ સમગ્ર નગરીના લોકોનો ક્ષય કરી નાખશે. ” આમ વિચારી તે રાજસભામાં પાછો આવ્યો, અને મિત્રાનંદને પૂછ્યું કે–“ હે ભદ્ર ! તેં મૃતકનું જે રક્ષણ કર્યું તે માત્ર સાહસથીજ કે કાંઇ મંત્રશક્તિ પણ તારી પાસે છે ? ” તેણે જવાબ આપ્યો કે–“ હે રાજન્ ! કુળક્રમથી આવેલ મંત્રશક્તિ પણ મારી પાસે છે. ” પછી રાજાએ એકાંતમાં મિત્રાનંદને લઈ જઈને કહ્યું કે–“ હે ભદ્ર ! મારી પુત્રીજ મરકી જણાય છે, તેમાં મને કાંઇ સંદેહ જણાતો નથી, માટે તારી મંત્રશકિતથી તું તેનો નિગ્રહ કરી નગરનાં લોકોને ઉપાધિ રહિત કર. ” ત્યારે

મિત્રાનંદ બોલ્યો કે-" અરે રાજન્ ! આ વાત અસંભવિત છે. આપના કુળમાં ઉત્પન્ન થયેલી કન્યા મરકી કેવી રીતે હોઈ શકે ? " ત્યારે રાજાએ કહ્યું કેઃ-" હે ભદ્ર ! તેમાં અસંભવિત શું છે ? મેઘથી ઉત્પન્ન થયેલી વીજળી શું પ્રાણુનો નાશ નથી કરતી. ? " ત્યારે મિત્રાનંદે કહ્યું કેઃ-" હે રાજન્ ! તો મને તે કન્યા દેખાડો, કે જેથી તે મારી મંત્રશક્તિથી સાધ્ય છે કે અસાધ્ય છે તેની મારી દૃષ્ટિથીજ હું ખાત્રી કરૂં. " રાજાએ કહ્યું કેઃ-" જા, તેના આવાસમાં તેની પાસે જઇને તું જો. " રાજાના આદેશથી તે રાજપુત્રીના મહેલમાં ગયો. તે વખતે કુમારી જાગી હતી. તેને આવતો જોઈ તેણીએ વિચાર્યું કેઃ-" આ તેજ પુરૂષ જણાય છે કે જેણે રાત્રે મારૂં કડું હરણ કર્યું છે અને મારા સાથળમાં છરીના પ્રહારો કર્યાં છે; પરંતુ અત્યારે અહીં તે નિઃશંકપણે આવે છે તેથી જણાય છે કે રાજાએ તેને અહીં આવવાની આજ્ઞા આપી હશે. " એમ વિચારી તેણીએ તેને બેસવા આસન આપ્યું. તે ઉપર બેસીને તે બોલ્યો કેઃ-" ભદ્રે ! મેં તને મરકીનું ખોટું કલંક આપ્યું છે, તેથી આજે રાજા તને મને અર્પણ કરશે, તેથી જો તારી ઈચ્છા હોય તો તને મારી સાથે મારે સ્થાને લઇ જાઉં, અને અમરદત્ત કે જે તારે માટે ઝુરે છે તેની સાથે તારો મેળાપ કરાવી આપું; છતાં તે તને રૂચતું નજ હોય તો આટલું થયા છતાં પણ તને કલંકરહિત કરીને ચાલ્યો જાઉં. " તે સાંભળી તેના ગુણથી રંજીત થયેલી

તે કન્યાએ વિચાર કર્યો કેઃ–" અહો ! આ પુરૂષ મારા ઉપર અકૃત્રિમ પ્રેમ રાખે છે, તેથી મારે દુઃખ અંગીકાર કરીને પણ આનોજ. આશ્રય લેવો યોગ્ય છે. રાજ્યનો લાભ તો સુલભ છે; પરંતુ આવા કુદરતી પ્રેમ રાખનારા સ્નેહી માણસો મળવા દુર્લભ છે. " આવો વિચાર કરી તે બોલી કેઃ–" હે ભાગ્યવાન્ ! તમારી ઉદારતાથી હું બહુ રાજી થઈ છું. મારા પ્રાણ પણ તમારે આધીન છે. હું તમારી સાથે આવવા તૈયાર છું. તમે સાંભળ્યુંજ હશે કેઃ–" અંધ માણસ, રાજાનું ચિત્ત, વરસાદનું પાણી અને સ્ત્રી–આટલી વસ્તુઓ જ્યાં તેના પ્રેરનારા દોરી જાય ત્યાં જાય છે. "

આ પ્રમાણે રાજકન્યાનાં વચનો સાંભળી પોતાનો મનોરથ સફળ થયો જાણી મિત્રાનંદે તેને કહ્યું કે–" હે ભદ્રે ! જ્યારે હું તારા ઉપર સરસવનાં દાણા નાંખું ત્યારે તારે ફુંફાડા મારવા મંડવું. " તેણીએ તે વાત અંગીકાર કરી. પછી મિત્રાનંદ રાજા પાસે આવ્યો અને તેણે કહ્યું કે–" હે રાજન્ ! તે મરકીને હું સત્વરજ સાધી શકીશ; પરંતુ એક શીઘ્રગતિવાળો અશ્વ તૈયાર રખાવજો, કે જેના ઉપર બેસીને આ રાત્રીમાંજ હું તે દુષ્ટ મરકીને તમારા દેશની હદબહાર લઈ જઈ શકું. જો માર્ગમાં સૂર્યોદય થઇ જશે તો તે પછી ત્યાંજ રહી જશે. " તે સાંભળી ભયભીત થયેલા રાજાએ એક વેગવાળી જાતિવંત ઘોડી તૈયાર કરાવી તેને સોંપી રાખી. પછી સંધ્યા સમયે રાજકન્યાને કેશથી પકડીને રાજાના હુકમથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજસેવકોએ મિત્રાનંદને સોંપી. તે વખતે મંત્રપાઠો ભણવાનો દેખાવ કરીને તેણે તેના ઉપર સરસવના દાણા છાંટયા, એટલે પ્રથમના સંકેત પ્રમાણે તે ફુંફાડા મારવા લાગી. મિત્રાનંદે ગાઢસ્વરે તેને દેશપાર ચાલ્યા જવા હાકલ મારી, અને મુશ્કેલીથી શાંત કરી. પછી તેણીને તયાર રાખેલ ઘોડી ઉપર બેસાડી તેને આગળ કરી તે તેની પાછળ ચાલ્યો. રાજા તથા સભાજનો વિગેરે દરવાજા સુધી વળાવા આવ્યા.

પછી માર્ગમાં ચાલતાં રાજકન્યાએ મિત્રાનંદને કહ્યું કે:-"હે સુંદર! તમે પણ અશ્વ ઉપર સાથે બેસી જાઓ. આવું સારૂં વાહન છતાં તમે શા માટે પગે ચાલો છો ?" તે સાંભળી મિત્રાનંદ બોલ્યો કે:-"જ્યાં સુધી આ રાજ્યની સીમા ઉલ્લંઘન ન થાય ત્યાં સુધી હું પગે ચાલીશ." આ પ્રમાણે તેના કહેવાથી જ્યારે તે રાજ્યની હદ પૂરી થઈ ત્યારે ફરીથી રાજકન્યાએ અશ્વ ઉપર બેસી જવા મિત્રાનંદને કહ્યું. તેણે પ્રત્યુત્તર આપ્યો કે:-"ઘોડી ઉપર ન બેસવામાં કાંઇક કારણ છે." આગ્રહથી તે કારણ પૂછવાથી તેણે કહ્યું કે:-"હે સુંદરી ! હું તને મારે માટે લઇ જતો નથી; પરંતુ મારા મિત્ર અમરદત્તને માટે લઈ જાઉં છું." એમ કહી તેણે રાજકન્યાને સમસ્ત બનેલ વૃત્તાંત કહી સંભળાવ્યો, અને કહ્યું કે-"હે ભદ્ર ! આ કારણને લીધે તારી સાથે મારે એક આસને કે શયને બેસવું યોગ્ય નથી." મિત્રાનંદનું આવું વચન સાંભળી વિસ્મય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પામી રાજપુત્રીએ ચિંતવ્યું કે–" અહો ! આ પુરૂષનું ચરિત્ર લોકોત્તર છે, કારણ કે જેને માટે લોકો પોતાના પિતા, માતા, ભ્રાતા અને મિત્રને પણ છેતરે છે, તે હું મનોહર રૂપવાળી સ્ત્રી પ્રાપ્ત થયા છતાં પણ આ પુરૂષ મને ઈચ્છતો નથી; તેથી આ કોઇ ચારિત્રવાન્ મહાપુરૂષ જણાય છે, સ્વકાર્યની સિદ્ધિને માટે તો લોકો ગમે તેવો પ્રયાસ કરે અને સંકટ ભોગવે; પરંતુ અન્યનું પ્રયોજન સાધવામાં કોઇ વિરલ પુરૂષજ આવું મહાકષ્ટ અંગીકાર કરે." આ પ્રમાણે વિચાર કરતી પોતે ચારિત્રવાન્ પુરૂષના હાથમાં હોવાથી હર્ષિત થતી રત્નમંજરી તેના ગુણથી બહુ આનંદિત થઇ. અનુક્રમે તે બંને પ્રયાણ કરતાં પાટલીપુર નગરની સમીપે આવી પહોંચ્યા.

અહીં બે માસની અવધિ પૂર્ણ થવા આવી છતાં મિત્રાનંદ આવ્યો નહિ, ત્યારે અમરદત્તે રત્નસાર શ્રેષ્ઠીને કહ્યું કે–" હે તાત ! મારો મિત્ર હજુ આવ્યો નહિ; માટે હવે કાષ્ટની એક ચિતા મને તૈયાર કરાવી આપવાની કૃપા કરો કે જેમાં પડીને દુઃખથી બળતો હું દુઃખમુક્ત થાઉં. આપે જે મહા ઉપકાર મારી ઉપર કર્યો છે તેનો બદલો મારાથી કોઈ રીતે વાળી શકાય તેમ નથી." તે સાંભળી શ્રેષ્ઠી અત્યંત દુઃખી થયો. થોડો વખત મુશ્કેલીથી પસાર કરાવી, છેવટે અમરદત્તના અત્યંત આગ્રહ અને કાલાવાલાથી તે નગરીના કેટલાક લોકો સહિત ગામ બહાર તેઓ ગયા અને એક કાષ્ટની ચિતા રચાવી. પછી તેમાં અગ્નિ પ્રગટ કરાવી તેમાં પડવાની

અમરદત્ત તૈયારી કરતો હતો, ત્યારે તે શ્રેષ્ઠી તેને આગ્રહ-પૂર્વક વારવા લાગ્યો કે-" હે ભદ્ર ! આજનો દિવસ તું રાહ જો, કારણ કે મને લાગે છે કે આજના દિવસમાં તે જરૂર આવી પહોંચશે." શ્રેષ્ઠી તથા અન્ય પુરજનોના અત્યંત આગ્રહથી તે રાત્રી સર્વની સાથે ત્યાંજ ઉદ્યાનમાં રહેવાનું ઠરાવી ચિતામાં પડી બળી મરવાનું એક દિવસ મુલતવી રાખ્યું. દિવસના પાછલા પહોરે મિત્રાનંદ રત્નમંજરી સહિત ત્યાં આવી પહોંચ્યો. તેને આવતો જોઈ અમરદત્તે ઉભા થઇ સામા દોડી જઇ તેને દૃઢ આલિંગન કર્યું; તે વખતે તે બંનેને જે સુખ થયું તે તે બેજ જાણી શકે તેવું હતું. બીજું કોઇ તેનું વર્ણન કરવા સમર્થ નહોતું પછી મિત્રાનંદે કહ્યું કે-" હે મિત્ર ! ઘણાં કષ્ટ અને ઉપાધિ સહન કરીને તારા ચિત્તને હરણ કરનારી આ રાજપુત્રી તારે માટે લાવ્યો છું, તેને ગ્રહણ કર." અમરદત્તે કહ્યું કે-" તેં ખરેખર તારૂં નામ સાર્થક કર્યું છે. ખરા મિત્ર તરીકે ફરજ બજાવી તે મારા ચિત્તને પરમ આનંદ ઉપજાવ્યો છે." પછી તેજ ઠેકાણે અગ્નિ પ્રગટ કરાવી તેની પાસે પૌરજન અને લોકપાળો સમક્ષ મિત્રનંદે શુભ સમયે તે બંનેનું પાણિગ્રહણ કરાવ્યું. તે બંને સમાન વયવાળાનો સુંદર યોગ થવાથી બધા પૌરજનો બહુ ખુશી થયા. રત્નમંજરીનું રૂપ અને સુંદરતા દેખી કેટલાક બોલ્યા કેઃ-" આ સ્ત્રીનું રૂપ જોઇ તેના ઉપર આ મોહિત થયો તેમાં કાંઇ આશ્ચર્ય નથી." આ પ્રમાણે વિવાહમહોત્સવ થયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી અમરદત્તનું ભાગ્ય વિશેષ ખુલ્યું, અને ત્યાં તેને બીજા પણ સારાં યોગ પ્રાપ્ત થયાં, તે હવે વર્ણવીએ છીએ.

તે પાટલીપુરનો રાજા તેજ વખતે મરણ પામ્યો, તેને પુત્ર નહિ હોવાથી રાત્રીને સમયે રાજલોકોએ પાંચ દિવ્યો પ્રગટ કર્યાં. પ્રાતઃકાળે તે પાંચે દિવ્યો નગરમાં સર્વત્ર ભમતાં ભમતાં જ્યાં અમરદત્ત ઉદ્યાનમાં હતો ત્યાં આવ્યા. તે વખતે અશ્વે હેષારવ કર્યો, હાથીએ ગર્જના કરી, છત્રી પોતાની મેળે ઉઘડી ગઇ, ચામરો વીંઝાવા લાગ્યા, અને જળથી ભરેલા કળશોવડે હાથણીએ તેના મસ્તક ઉપર સ્વયં રાજ્યાભિષેક કર્યો અને પોતાની સૂંઢવડે તેને પોતાની પીઠ ઉપર બેસાડ્યો. પછી ઘણા માણસોથી સેવાતા, વાજિંત્રોના નાદ અને જય જયના ધ્વનિ સાથે અમરદત્તે આનંદથી નગરમાં પ્રવેશ કર્યો. તે વખતે પુરની સ્ત્રીઓ તેને જોવા માટે ટોળેટોળા મળીને એકઠી થઈ, અને લોકો તે દંપતીનાં ભાગ્યનાં વખાણ કરવા લાગ્યા, સ્ત્રીઓ પણ તેનું રૂપ વર્ણવવા લાગી. પુરની સ્ત્રીઓ તથા નગરજનોના વિધવિધ પ્રકારના પોતાના, રત્નમંજરીના અને મિત્રાનંદના શ્લાઘાના શબ્દો સાંભળતો અમરદત્ત સર્વની સાથે રાજમહેલના દ્વાર પાસે આવ્યો. પછી હસ્તી ઉપરથી નીચે ઉતરી રાજમંડળથી સેવાતો રાજસભામાં જઇ તે સિંહાસન ઉપર આરૂઢ થયો અને રત્નમંજરી અને મિત્રા-નંદને પોતાની બાજુમાં બેસાડ્યા. અન્ય અધિકારી તથા પૌરજનો સ્વસ્વયોગ્ય આસને બેઠા. પછી મંત્રી અને સામંતોએ

મળી તેનો રાજ્યાભિષેક કર્યો. તે વખતે રાજાએ રત્નમંજરીને પટ્ટરાણી કરી, બુદ્ધિમાન્ મિત્રાનંદને સર્વ રાજ્યની મુદ્રાનો અધિકારી બનાવ્યો અને રત્નસાર શ્રેષ્ઠીને પિતાને સ્થાને સ્થાપન કર્યો અને નગરશ્રેષ્ઠીની પદવી આપી. આ પ્રમાણે યોગ્ય વ્યવસ્થા કરી કૃતજ્ઞમાં શિરોમણિ તે અમરદત્ત ન્યાયપૂર્વક અખંડિત રાજ્યનું પાલન કરતો પ્રજાને આનંદ ઉપજાવવા લાગ્યો.

મિત્રાનંદ રાજકાર્યમાં વ્યગ્ર થયો હતો, તો પણ પોતાના મરણને સૂચવનારૂં તે શબનું વચન તે વિસ્મરી ગયો નહોતો, તેથી તેના મનમાં અહર્નિશ તે બાબતની અશાંતિ રહ્યાજ કરતી હતી. એક વખતે તેણે અમરદત્તને વિનંતિ કરી કે–" હે મહારાજ ! તે શબે કહેલા શબ્દથી મરણની ચિંતા મારા મનમાંથી કોઇ રીતે જતી નથી. દેશાંતરમાં રહ્યા છતાં હજુ તે શબ્દો હું ભૂલી શકતો નથી." તે સાંભળી રાજાએ કહ્યું કે–"હે મિત્ર ! તું ખેદ ન કર. એ સર્વ તો ફક્ત તે દુષ્ટ વ્યંતરનીજ ચેષ્ટા હતી." તે સાંભળી મિત્રાનંદ બોલ્યો કે-" નજીકપણાને લીધે અહીં રહ્યા છતાં પણ મારૂં મન દુઃખાય છે, ચિંતાથી વ્યગ્ર રહે છે, તેથી મને કોઈ દૂરના સ્થળે મોકલો." તે સાંભળી રાજાએ કાંઇક વિચાર કરીને કહ્યું કે:–" હે મિત્ર ! જો એવીજ તારી ઈચ્છા હોય તો તું વિશ્વાસુ માણસને સાથે લઈ વસંતપુર જા." મિત્રાનંદ યોગ્ય તૈયારી કરી જોઈતા માણસો સાથે લઇ વસંતપુર તરફ ચાલ્યો. રાજાએ તેની સાથે જનારા વિશ્વાસુ માણસોને બધી હકીકત સમજાવી

ચાલતી વખતે કહ્યું કે-“વસંતપુર પહોંચ્યા પછી તમારામાંથી કોઇએ પણ અહીં આવીને મિત્રાનંદની કુશળવાર્ત્તા મને કહી જવી.” તે પુરૂષોએ રાજાજ્ઞાનો સ્વીકાર કરી મિત્રાનંદ સાથે પ્રયાણ કર્યું.

મિત્રના વિયોગથી વિહ્‌વળ થયેલ અમરદત્ત રાજા થોડો વખત શોકમાં પસાર કરી રાણી સાથે રાજ્યલક્ષ્મી ભોગવતો મિત્રને વારંવાર સંભાર્યા કરતો હતો. ઘણા દિવસો પસાર થયા તો પણ સાથે મોકલેલ પુરૂષોમાંથી કોઇ પાછો આવ્યો નહિ, ત્યારે રાજાએ તેના સમાચાર જાણવા માટે બીજા માણસો મોકલ્યા. તેઓ કેટલેક દિવસે પાછા આવ્યા, અને તેઓએ રાજાને કહ્યું કેઃ-“ હે સ્વામિન્ ! અમે વસંતપુર સુધી જઈ આવ્યા; પરંતુ તે નગરમાં અથવા માર્ગમાં કોઇપણ ઠેકાણે અમે મિત્રાનંદને જોયો નહિ, તેમજ તેની વાર્ત્તા પણ સાંભળી નહિ.” આ સમાચાર સાંભળી ચિત્તમાં આકુળવ્યાકુળ થઇને રાજાએ રાણીને કહ્યું કેઃ-“ હે પ્રિયે ! હવે શું કરશું ? મિત્રના કોઇ જાતનાં સમાચાર આવ્યા નહિ.” તે સાંભળી રાણીએ કહ્યું કેઃ-“સ્વામિન્ ! જો કોઈ જ્ઞાની મહાત્મા અત્રે પધારે તો તેમને પૂછવાથી સંદેહ દૂર થાય, તે વિના સંશય દૂર થવાનું કોઈ સાધન નથી.” આ પ્રમાણે તેઓ વિચાર કરતા હતા, તે વખતે ઉદ્યાનપાળકે આવીને વિજ્ઞપ્તિ કરી કેઃ-“ હે રાજન્ ! આપણા નગરની બહાર **અશોકતિલક** નામના ઉદ્યાનમાં ચાર જ્ઞાનને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધારણ કરનાર **ધર્મઘોષ** નામના આચાર્ય પધારેલા છે." તેને વધામણીમાં યોગ્ય દાન આપી તે સમાચારથી અત્યંત આનંદિત થઇ ઘણી સામગ્રી સહિત રાણીની સાથે તરતજ તેમને વંદના કરવા, ધર્મોપદેશ સાંભળવા અને પોતાના મનનો સંશય દૂર કરવા રાજા ઉદ્યાન તરફ ચાલ્યા. રાજયોગ્ય ચિહ્નનો બહાર મૂકી આચાર્ય પાસે આવી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી વિનયપૂર્વક ઉચિત સ્થાને પરિવાર સહિત રાજા બેઠા. ગુરૂએ કહ્યું કે:-'હે રાજન્! ડાહ્યા અને બુદ્ધિમાન્ માણસોએ સર્વ દુઃખનો સર્વથા નાશ કરનાર અને સમગ્ર સુખને આપનાર આ ભવ પરભવમાં સર્વરીતે સુખકારી ધર્મજ ખરેખર આચરવા લાયક છે." એ પ્રમાણે ધર્મમાર્ગમાં પ્રયાસ કરવા મુનિમહારાજે ઉપદેશ આપ્યો.

---

**સ્તવન સંગ્રહ અને નિત્યસ્મરણમાલા**–આ પંચપ્રતિક્રમણના જેવુંજ સુંદર પુસ્તક તેજ સાઇઝ અને તેવુંજ રેશમી પુંઠું. ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, થોયો, સ્મરણો, છંદો, રાસ અને વૈરાગ્યનાં પદો વિગેરે એવી નિત્યની ઉપયોગી બાબતનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ એકજ પુસ્તક અનેક સ્તવનાવળીની ગરજ સારે છે. કિ. ૦-૮-૦ **સખી ગ્રહસ્થોએ આ પુસ્તકની સામટી નકલ મંગાવી** સ્નેહીવર્ગમાં યાદગીરી રાખવા જેવું છે. સો નકલના ફક્ત રૂા. ૪૫

# પ્રકરણ ૨૦ મું.

## અમરદત્ત-મિત્રાનંદ કથાંતર્ગત
## અશોકશ્રીનું ચરિત્ર.

આ અવસરે **અશોકદત્ત** નામના એક શ્રેષ્ઠ વણિકે ગુરૂને પૂછયું કેઃ-" હે પૂજ્ય ! **અશોકશ્રી** નામે મારે પુત્રી છે, તે કયા કર્મના દોષથી શરીરે ગાઢ વેદના થવાથી દુઃખ પામે છે ? વળી તે વેદના નિવારવા ઘણા ઉપચારો કર્યા છતાં તેના રોગની લેશપણ શાંતિ કેમ થતી નથી ? " તે સાંભળી સૂરિ બોલ્યા કેઃ-" હે શ્રેષ્ઠિન્ ! આ તારી પુત્રી પૂર્વભવે **ભૂતશાળ** નામના નગરમાં **ભૂતદેવ** નામના શેઠની **કુસુમવતી** નામે ભાર્યા હતી. એકદા ઘરમાં બિલાડી દૂધ પી ગઈ, ત્યારે તેણીએ ક્રોધથી **દેવમતી** નામની પોતાના પુત્રની વહુને કહ્યું કે-" અરે શું તને ડાકણ વળગી છે કે જેથી તું દૂધની સંભાળ પણ રાખી શકતી નથી ? " આ પ્રમાણેસાંભળી તે બાળિકા ભયથી થરથર કંપવા લાગી. તે જોઇ તરતજ તેના ઘરની નજીક ઉભેલ કોઈ ચંડાળણી, જે ડાકણનો મંત્ર જાણતી હતી તેણે છળ મળવાથી તે વહુના શરીરમાં પ્રવેશ કર્યો, તેથી તે અત્યંત વેદના પામવા લાગી. તેણીની ઘણા વૈદ્યોએ વિવિધ પ્રકારની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિકિત્સા કરી તો પણ તે વહુ દોષરહિત થઈ નહિ. એક વખતે ત્યાં કોઈ યોગી આવ્યો, તેણે મંત્રના બળથી અગ્નિમાં પોતાનું યંત્ર તપાવ્યું, તે વખતે વેદનાથી પીડા પામતી તે ચંડાળણી કેશને છૂટા મૂકી ત્યાં આવી. તે વખતે યોગીએ તેને પૂછયું કે:-" હે દુષ્ટા! તું આ વહુના શરીરમાં શા માટે પેઠી છે?" તે બોલી કે:-" તેની સાસુએ તેવા પ્રકારનું વહુને આળ આપ્યું, તેથી વહુને બહુ બીક લાગી, તે વખતે હું પાસે ઉભી હતી, અને સમય મળવાથી મેં આ વહુના શરીરમાં પ્રવેશ કર્યો છે." તે સાંભળી મંત્રના બળથી યોગીએ પુત્રવધૂના શરીરમાંથી તેણીને બહાર કાઢી. તે હકીકત રાજા પાસે પહોંચતાં રાજાએ તે ચંડાળણીને નગરની હદબહાર કાઢી મૂકી, અને તેની સાસુ કુસુમવતીને લોકો **કાળજિહ્વા** એવા નામથી બોલાવવા લાગ્યા. આવા નામથી વૈરાગ્ય પામીને તેણીએ સાધ્વીજી પાસે દીક્ષા અંગીકાર કરી, અને શુભ ભાવવડે ચારિત્ર પાળી મરણ પામી સ્વર્ગમાં ગઈ. હે શ્રેષ્ઠિન્! તે કુસુમવતી સ્વર્ગલોકમાંથી ચ્યવીને તારી પુત્રી થઇ છે. તેણીએ પૂર્વભવમાં પુત્રવધૂને જે દુષ્ટ વચન કહ્યું હતું, તેની તેણે અંતપર્યંત ગુરૂ પાસે આલોચના કરી નહિ, તેથી તે આકાશ-દેવીના દોષથી દૂષિત થઈ છે; પરંતુ હવે તું તે પુત્રીને અહિં લઈ આવ. તેનું તે કર્મ ભોગવાઇ જવા આવ્યું છે, તેથી મારૂં વચન સાંભળી જાતિસ્મરણ પામી તે પોતાનો પૂર્વભવ જોશે, તેથી પશ્ચાત્તાપ થવાથી તે દોષથી તે મુક્ત થશે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂરિમહારાજનાં આવાં વચનો સાંભળી શ્રેષ્ઠી તરતજ પોતાની પુત્રીને સૂરિ પાસે લઇ આવ્યો, અને પોતાનું ચરિત્ર સાંભળી જાતિસ્મરણ પામીને પૂર્વભવને દેખીને તે બોલી કે:-" હે પ્રભુ ! તમે જે કહ્યું તે સંપૂર્ણ સત્ય છે. હવે મારી સંસારમાં રહેવાની વાસના નાશ પામી છે, તેથી મને દીક્ષા આપો." તે સાંભળી ગુરૂએ કહ્યું કે-" હે ભદ્રે ! હજુ તારે ભોગકર્મફળ બાકી છે, તે ભોગવ્યા પછી ચારિત્ર અંગીકાર કરજે." તે સાંભળી ગુરૂને વંદના કરી યથાયોગ્ય શ્રાવકધર્મ અંગીકાર કરી શ્રેષ્ઠી તથા તેની પુત્રી પોતાને આવાસે ગયા.

# પ્રકરણ ૨૧ મું.

## મિત્રાનંદના મૃત્યુની હકીકત.

આ સર્વ હકીકત સાંભળી તથા નજરે દેખીને અમરદત્ત રાજાએ વિચાર કર્યો કે–" આ ગુરૂનું જ્ઞાન મહા અદ્દભૂત જણાય છે; કારણકે આ શ્રેષ્ઠીપુત્રીનો પૂર્વભવ જાણે કે તેમણે પ્રત્યક્ષ દેખ્યો હોય તેવી રીતે કહી સંભળાવ્યો." આ પ્રમાણે વિચાર કરી તેણે સૂરિમહારાજને વિનંતિ કરી કે:-" હે ભગવન્ !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃપા કરીને મારા પ્રાણપ્રિય મિત્ર મિત્રાનંદની શું હકીકત બની છે તે આપ કહો." ગુરૂએ તેની વિનંતિ સાંભળી કહ્યું કેઃ—

"હે રાજન્! તે તારો મિત્ર અત્રેથી તારી પાસેથી ચાલ્યા પછી માર્ગમાં અનુક્રમે જળદુર્ગને ઉલ્લંઘી સ્થળદુર્ગમાં આવ્યો. ત્યાં અરણ્યમાં કોઇ પર્વતમાંથી નદી જમીન ઉપર પડતી હતી. તે સ્થળે તારો મિત્ર પરિવાર સહિત ભોજન કરવા તથા વિશ્રામ લેવા બેઠો. સર્વે સેવકો ભોજનની તૈયારી કરવા લાગ્યા, તે વખતે અચાનક ત્યાં ભિલલોકોની ધાડ પડી. તે પ્રચંડ ભિલો એ તારા મિત્રના સર્વ માણસોનો પરાભવ કર્યો. તે વખતે ભય પામેલો મિત્રાનંદ તે સ્થળેથી નાશી ગયો. તેના સેવકો પણ કેટલાક મરાયા અને કેટલાક નાશી ગયા. ત્યારપછી, તારો મિત્ર અરણ્યમાં ભટકતો હતો, તે વખતે ત્યાં એક સરોવર જોઈ જળપાન કરી એક વૃક્ષની નીચે આરામ લેવા તે સૂતો, તે વખતે તે વૃક્ષના કોટરમાંથી એક કૃષ્ણ સર્પ નીકળીને તેને કરડયો. થોડીવારે ત્યાં એક તપસ્વી આવ્યો, તેણે તેવી અવસ્થામાં સર્પડંસથી અચેતન થઈ ગયેલ મિત્રાનંદને દેખીને દયા આવવાથી વિદ્યાવડે જળ મંત્રી તેનાં સર્વ અંગો- પર તે જળ છાંટયું, તેથી તે તત્કાળ બેઠો થયો. યોગીએ તેને પૂછયું કેઃ–"હે ભદ્ર! તું એકલો કયાં જાય છે?" ત્યારે તારા મિત્રે પોતાની સર્વ હકીકત યથાર્થ કહી સંભળાવી. પછી તે યોગી તો સ્વસ્થાને ચાલ્યો ગયો. મિત્રાનંદે મનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચાર્યું કેઃ-" અરે મૃત્યુનું કારણ મળ્યા છતાં હું મરણ પામ્યો નહીં, અને મારા કદાગ્રહને લીધે મિત્રના સંસર્ગથી પણ ભ્રષ્ટ થયો. હવે પાછો મિત્રની સમીપેજ જાઉં." એમ વિચારી તારી પાસે આવવા તે આ તરફ ચાલ્યો. રસ્તે ચાલતાં ચોરોએ તેને પકડ્યો, અને તેને પોતાની પલ્લીમાં લઇ ગયા, અને પછી ગુલામ ખરીદી વેચનારા વેપારીઓને તેઓએ તેને વેચ્યો. તે વેપારી **પારસકુળ** નામના દેશમાં ગુલામો વેચવાનો ધંધો કરતા હતા. રસ્તે જતાં ઉજ્જયિની નજીક તેઓ ઉદ્યાનમાં રહ્યા. રાત્રે અલ્પ બંધન હોવાથી તે કાપી નાખી મિત્રાનંદ ઉજ્જયિનીના ખાળ માર્ગે ગામમાં પેસી ગયો. તે અવસરે તે નગરીમાં ચોરોનો બહુ ઉપદ્રવ હતો, તેથી ચોરોનો સખ્ત નિગ્રહ કરવા રાજાએ કોટવાળને તાકીદ કરી હતી. દૈવયોગે કોટવાળના માણસોએ ચોરની જેમ ખાળને માર્ગે પેસતાં મિત્રાનંદને જોયો. તેઓએ તરત તેને પકડ્યો, અને કાંઇ પણ વિગત પૂછ્યા વગરજ સખ્ત માર મારી ક્ષિપ્રાનદીના કાંઠા ઉપર સર્વના દેખતાં વટવૃક્ષ ઉપર લટકાવી મારી નાખવા ચાંડાળોને સોંપ્યો. તેઓની સાથે તે રસ્તે જતાં મિત્રાનંદને વિચાર આવ્યો કે-" પ્રથમ શબે જે શબ્દ કહ્યાં હતાં તે સત્ય થયાં. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

यत्र वा तत्र वा यातु, यद्वातद्वा करोत्यसौ ।
तथापि मुच्यते प्राणी, न पूर्वकृतकर्मणा ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

विभवो निर्धनत्वं च, बंधनं मरणं तथा ।
येन यत्र यक्ष लभ्यं, तस्य तत्र तदा भवेत् ॥ २ ॥
याति दूरमसौ जीवो, पापस्थानाद्भयद्रुतः ।
तत्रैवानीयते भूयो–भिनवप्रौढकर्मणा ॥ ३ ॥

"પ્રાણી ગમે ત્યાં જાય અને ગમે તે કાર્ય કરે, તોપણ તે પૂર્વે કરેલા કર્મથી કદિ મૂકાતો નથી; વૈભવ, નિર્ધનતા, બંધન કે મરણ જે કાંઇ પ્રાણીને જે ઠેકાણે જે વખતે પામવાનું હોય છે, તે પ્રાણીને તેજ ઠેકાણે તેજ વખતે તેજ પ્રમાણે પ્રાપ્ત થાય છે; કષ્ટના સ્થાનથી ભય પામેલો આ જીવ ગમે તેટલો દૂર જાય તોપણ ઉદયમાં આવેલા દ્રઢ કર્મે કરીને પાછો ત્યાં ફરીથી સ્વયમેવજ આવે છે અથવા તેને લાવવામાં આવે છે."

આ પ્રમાણે વિચાર કરતાં મિત્રાનંદને વિના અપરાધે તે ચાંડાળોએ તેજ વડ ઉપર ફાંસીએ લટકાવ્યો અને તે મરણ પામ્યો. બીજે દિવસે ગોવાળના બાળકો તે વડ પાસે મોઇ-દાંડીએ રમતા હતા, તેની મોઇ પૂર્વકર્મના યોગથી ઉડીને તેના મુખમાં પડી."

આ પ્રમાણે ગુરૂના મુખથી મિત્રનો વૃત્તાંત સાંભળી તેનાં ગુણોનું સ્મરણ કરતો અમરદત્ત રાજા ગાઢસ્વરે વિલાપ કરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યો, તથા રત્નમંજરી પણ તેના ગુણોનું સ્મરણ કરતી અત્યંત દુઃખી થઇ. તે બંનેને વિલાપ અને શોક કરતાં જોઇ આચાર્યમહારાજે તેમને ઉપદેશ આપતાં કહ્યું કેઃ– “ દુઃખનો ત્યાગ કરી સંસારના સ્વરૂપની ભાવના કરો. આ ચાર ગતિવાળા સંસારમાં પ્રાણીઓને વાસ્તવિક તો લેશમાત્ર પણ મળતું નથી, સર્વત્ર દુઃખ અને દુઃખજ છે. દેખાતું સુખ પણ સુખ નથી પણ સુખાભાસજ છે. સંસારમાં કોઈ પણ જીવ એવો નથી કે જે મરણની પીડા પામ્યો ન હોય. ચક્રવર્તી અને વાસુદેવ જેવા મહાપુરૂષો પણ મરણ પામ્યા છે; તેથી હે રાજન્! તમે બંને શોકનો ત્યાગ કરી ધર્મકાર્યમાં વિશેષ ઉદ્યમ કરો, કે જેથી ફરી આવું દુઃખ પ્રાપ્ત ન થાય.” પછી રાજાએ પૂછ્યું કેઃ– “ હે ભગવન્! હું અવશ્ય ધર્મ કરીશ, પણ મારા મિત્ર મિત્રાનંદનો જીવ મરીને કયાં ઉત્પન્ન થયો છે તે કહો.” સૂરિ બોલ્યા કેઃ–“ હે રાજન્! આ તારી રાણીની કુક્ષિમાંજ તે મિત્રાનંદનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો છે; કારણ કે તેણે મરતી વખતે તેવી ભાવના ભાવી હતી. સમય પૂર્ણ થયે તે પુત્રનો જન્મ થશે, તેનું નામ કમળગુપ્ત પાડવામાં આવશે. તે પ્રથમ કુમારપદવી પામીને અનુક્રમે રાજા થશે.”

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૨ મું.

## મિત્રાનંદ, અમરદત્ત તથા રત્નમંજરીનો પૂર્વભવ.

આ પ્રમાણે સાંભળી રાજાએ ફરીથી પૂછયું કે-"હે મહાત્મન્ ! મિત્રાનંદનું અપરાધ વગર પણ ચોરની જેમ મૃત્યુ કેમ થયું ? વળી આ રત્નમંજરી રાણી મરકીનું 'કલંક' કેમ પામી ? અને મને બાલ્યાવસ્થાથીજ બંધુઓનો વિયોગ કેમ થયો ? તથા અમારે પરસ્પર અતિ સ્નેહ હોવાનું શું કારણ ? આ સંદેહોનો કૃપા કરીને આપ ખુલાસો કરો." આ પ્રમાણે રાજાએ પૂછવાથી સૂરિમહારાજે જ્ઞાનનો ઉપયોગ મૂકી તેનું સ્વરૂપ જાણી વિસ્તારથી તેમનો પૂર્વભવ કહી સંભળાવ્યો. તેમણે કહ્યું કે-" હે રાજન્ ! સાંભળ-" આ ભવથી ત્રીજા ભવ ઉપર તું **ક્ષેમંકર** નામનો કુટુંબિક ( કણબી ) હતો. તેને **સત્યશ્રી** નામે ભાર્યા હતી. તેને ઘેર **ચંડસેન** નામનો એક કર્મકર હતો. તે કર્મકર પોતાના સ્વામી ઉપર ભક્તિમાન, પ્રીતિવાન અને વિનયવાન હતો. એકદા તે કર્મકર ક્ષેત્રમાં કામ કરતો હતો, તે વખતે પાસેના ક્ષેત્રમાંથી કોઈ મુસાફરને તેણે અનાજની શીંગો લેતો જોયો. તે જોઇ તે

કર્મકરે કહ્યું કે-" અહો ! આ ચોરને પકડીને વૃક્ષ ઉપર લટકાવો. " તે સાંભળી તે ક્ષેત્રના સ્વામીએ તો તેને કાંઇ કહ્યું નહિ, પણ તે મુસાફર આ કર્મકરનાં વચનથી મનમાં દુઃખી થયો અને તેણે વિચાર્યું કેઃ-" અહો, ક્ષેત્રનો સ્વામી તો કાંઇ પણ કહેતો નથી અને આ પડખેના ક્ષેત્રમાં રહેલો પાપી કેવું કઠોર વચન બોલે છે! " એમ વિચારતો તે પોતાને સ્થાને ગયો. આ પ્રમાણે તે કર્મકરે કોપથી કઠોર વાણીવડે ચીકણું કર્મ બાંધ્યું. એક વખત ભોજન કરતી વખતે પુત્રવધૂના ગળામાં ઉતાવળને લીધે કોળીઓ અટકી ગયો, ત્યારે તે કુટુંબિકની સ્ત્રી સત્યશ્રીએ કહ્યું કેઃ-"અરે રાક્ષસી! તું નાને કોળીએ કેમ ખાતી નથી, શું ભૂખાળવી થઈ ગઇ છો. ધીમે ધીમે ખા કે જેથી ગળે તો ન વળગે! " ત્યારપછી એક વખતે તે કણબીએ કર્મકરને કહ્યું કેઃ-" હે ભૃત્ય ! આજે અમુક ગામમાં અમુક કામ છે, માટે તું ત્યાં જા. " ત્યારે તે બોલ્યો કેઃ-" આજે મારે મારા સ્વજનોને મળવા જવાની ઉત્કંઠા છે, માટે આજે તે ગામ નહીં જાઉં. " તે સાંભળી ઈર્ષ્યાથી કણબીએ કહ્યું કેઃ-" તારા સ્વજનો તને કદાપિ ન મળો. " તે સાંભળી કર્મકર મનમાં બહુ દુઃખી થયો, અને તે કણબીને ઘેરજ રહ્યો, તેના સ્વજનોને મળવા ગયો નહિ. અન્યદા તે કણબીને ઘેર બે મુનિઓ ભિક્ષા માટે આવ્યા. તે વખતે કણબીએ પોતાની પ્રિયાને કહ્યું કે-" આ મુનિઓને

ચોગ્ય દાન આપ." તે સાંભળી તે અત્યંત હર્ષ પામી અને ભાગ્યયોગે આ સુપાત્રનો યોગ મળ્યો છે એમ વિચારી શુભ ભાવનાપૂર્વક પ્રાસુક અન્નપાણીથી તેણે તેમને પ્રતિલાભ્યા. તે જોઈને તે કર્મકર પણ મનમાં વિચારવા લાગ્યો કે–"આ સ્ત્રી પુરૂષને ધન્ય છે કે જેમણે પોતાને ઘેર આવેલા આવા મહાત્મા મુનિઓનો ભક્તિથી સત્કાર કર્યો." આ અવસરે આવા શુભ ધ્યાનમાં તે ત્રણે મગ્ન હતા તે વખતે તેમના ત્રણેના મસ્તક ઉપર વીજળી પડી, તેથી તે ત્રણે એક સાથે મૃત્યુ પામી સૌધર્મ નામના પેલા દેવલોકમાં પરસ્પર અત્યંત પ્રીતિવાળા દેવ થયા.

સૌધર્મ દેવલોકમાંથી ચ્યવીને જે ક્ષેમંકર કૌટુંબિકનો જીવ હતો તે તું અમરદત્ત થયો છે, સત્યશ્રીનો જીવ આ રત્નમંજરી થયો છે અને કર્મકરનો જીવ મિત્રાનંદ થયો છે. જે જીવે પૂર્વભવમાં મન, વચન કે કાયાથી જેવું નિકાચિત કર્મ બાંધ્યું હોય તેવું તેને અવશ્ય પછીના ભવમાં પ્રાપ્ત થાય જ છે. હે રાજન્! પૂર્વભવમાં જે કર્મ હસતા હસતા કાંઈ પણ ભવિષ્યનો વિચાર પણ કર્યા વગર બંધાય છે તે પછીના ભવોમાં રોતાં રોતાં ભોગવવું પડે છે. તમે ત્રણેએ વચનવડે બાંધેલાં કર્મો ત્રણેને તે પ્રમાણે ઉદયમાં આવ્યા છે." આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી રાજા રાણીને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું, તેમને તરતજ જ્ઞાનની મૂર્છા આવી ગઈ, તેથી તેમણે પોતાનો સમગ્ર પૂર્વ વૃત્તાંત જાણ્યો. પછી શુદ્ધિમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવીને રાજા બોલ્યો કે-" હે ભગવન્ ! જ્ઞાનરૂપી સૂર્ય સમાન આપે જે કહ્યું તે સર્વ મેં તેજ પ્રમાણે હમણાં પ્રત્યક્ષ જોયું છે. હવે જે ધર્મ માટે મારી યોગ્યતા હોય તે ધમ કૃપા કરીને મને કહો." ગુરૂ બોલ્યા કે-" હે રાજન્ ! તારે પુત્રપ્રાપ્તિ થશે, ત્યાર પછી તને ચારિત્રધર્મ પ્રાપ્ત થશે. હજી તેટલું ભોગાવળી કર્મ તમારે બંનેને બાકી છે, તેથી હાલ તો તમારે બંનેએ શ્રાવકધર્મ અંગીકાર કરવો તેજ યોગ્ય છે." આ પ્રમાણે સૂરિમહારાજ પાસેથી સાંભળીને રાજાએ રાણી સહિત બાર પ્રકારનો શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પછી ફરીથી રાજાએ ગુરૂને પૃછયું કે-" તે વખતે વટ-વૃક્ષ ઉપરથી જે પેલા મૃતકે મિત્રાનંદને વચન કહ્યું હતું તે મૃતક કોણ હતું ?" સૂરિ બોલ્યા કે-" પેલો ધાન્યની શીંગો પાસેના ખેતરમાંથી લેનાર મુસાફર અનુક્રમે મરણ પામી સંસારમાં પરિભ્રમણ કરી તેજ વટવૃક્ષ ઉપર વ્યંતર થયો હતો; તેણે જ્યારે મિત્રાનંદને જોયો ત્યારે પૂર્વભવના વૈરને સંભારી શબના મુખમાં ઉતરીને તેણે તેવું વચન સંભળાવ્યું હતું." આ પ્રમાણે સાંભળી અમરદત્ત રાજા સંદેહ રહિત થઈ સૂરિને નમી રાણી સહિત પોતાને આવાસે ગયા. ગુરૂએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૩ મું.

## અમરદત્ત-રત્નમંજરીનું દીક્ષા ગ્રહણ અને ઉપદેશાત્મક કથા કથન.

ત્યાર પછી સમય પૂર્ણ થયે રત્નમંજરીએ પુત્ર પ્રસવ્યો. ગુરૂના કથનાનુસાર તેનું કમળગુપ્ત નામ પાડયું. ધાત્રીઓથી લાલનપાલન કરાતો તે પુત્ર અનુક્રમે બાલ્યાવસ્થા ઉલ્લંઘીને બહોંતેર કળાઓનો અધ્યાપક પાસે અભ્યાસ કરી રાજ્યનો ભાર ઉપાડવા યોગ્ય ઉમરનો થયો. આ સમયે એક વખત તેજ સૂરિમહારાજ ફરીથી ઉદ્યાનમાં સમવસર્યા. ઉદ્યાનપાલકે ગુરૂના આગમનની હકીકત રાજાને જણાવી. તે સમાચાર સાંભળી યોગ્ય ઉમરના થયેલા પુત્રને રાજ્યભાર સોંપી રાજાએ રાણી સહિત તે સૂરિમહારાજ પાસે વૈરાગ્યરસને પોષનારી દીક્ષા ગ્રહણ કરી. તે સૂરિએ તે બંનેને તથા સાથે આવેલ સર્વ જનોને પ્રવ્રજ્યા આપ્યા પછી ધર્મમાર્ગમાં તથા દીક્ષાપાલનમાં વધારે દ્રઢ કરવા દેશના આપી કે–" આ સંસારરૂપી સમુદ્રને તરવામાં નૌકા સમાન આ દીક્ષા ઉત્કૃષ્ટ પુન્યના યોગથી પ્રાપ્ત થાય છે. તેને પામીને ફરીથી પાછા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે જીવો વિષયાદિમાં લુબ્ધ થાય છે તેઓ **જિનરક્ષિતની** જેમ ઘોર સંસારસાગરમાં પડે છે, અને જે પ્રાણીઓ પ્રાર્થના કર્યા છતાં પણ **જિનપાલિતની** જેમ વિષયકષાયાદિથી પરાઙ્મુખજ રહે છે તેઓ તેની જેમ સુખી થઇ ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે." રાજર્ષિ અમરદત્તના પૂછવાથી તે બંનેનું વૃત્તાંત ગુરૂમહારાજે નીચે પ્રમાણે વર્ણવી બતાવ્યું.

## જિનપાલિત અને જિનરક્ષિતની કથા.

ચંપાપુરીમાં **જિતશત્રુ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **ધારિણી** નામે રાણી હતી. તે પુરીમાં **માકંદી** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે શાંત, સરલ ચિત્તવાળો અને ઉદાર બુદ્ધિવાળો હતો. તેને **ભદ્રા** નામની ભાર્યા હતી. તે શ્રેષ્ઠીને તે ભાર્યાની કુક્ષિથી બે પુત્રો થયા હતા, જેનાં નામ તેણે **જિનપાલિત** અને **જિનરક્ષિત** રાખ્યા હતા. તેઓ બંને અનુક્રમે યુવાવસ્થાને પામ્યા, ત્યારે વહાણમાં બેસી પરદેશમાં જઇ ક્રયવિક્રય કરી દ્રવ્ય ઉપાર્જન કરવા લાગ્યા. તે બંનેએ તે પ્રમાણે અગ્યાર વખત વહાણમાં ગમનાગમન કર્યું, અને ધન પણ ઘણું ઉપાર્જન કર્યું; જ્યારે બારમી વખત ધનના લોભથી તે બંને ભાઇઓ ફરીથી જળમાર્ગે જવા તૈયાર થયા, ત્યારે તેમના પિતાએ કહ્યું કે-" હે પુત્રો ! આપણા ઘરમાં પુષ્કળ ધન છે, તે ધન ઈચ્છા પ્રમાણે દાનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા ભોગમાં વાપરો. અગ્યાર વખત મુસાફરી કરી તમે ક્ષેમ-કુશળતાથી આવ્યા છો; પરંતુ હવે બારમી વખત કદાચ તમને કાંઇ વિઘ્ન થાય તો બધી વખતની મહેનત નિષ્ફળ જાય, માટે અતિ લોભ કરવો ઠીક નથી. જો મારૂં વચન માનો તો હવે ઘરે રહેવું તેજ શ્રેયસ્કર છે." આ પ્રમાણે પિતાએ કહ્યું ત્યારે તેઓ બોલ્યા કે-" હે પિતાજી ! આવું વચન ન બોલો, આ વખતની વહાણુની યાત્રા પણ તમારી કૃપાથી ક્ષેમકુશળ અને વિશેષ લાભદાયીજ થશે." એ પ્રમાણે કહી બંને બંધુઓ અનેક પ્રકારનાં કરિયાણાં લઈ જળ ઇંધન વિગેરે સર્વ સામગ્રી તૈયાર કરી વહાણ ઉપર આરૂઢ થઈ સમુદ્રમાર્ગે ચાલ્યા. તેઓ મધ્ય સમુદ્રમાં પહોંચ્યા, તે વખતે દરિયામાં અકસ્માત્ મેઘનો અંધકાર થયો, આકાશમાં ગર્જના થવા લાગી, વીજળીના ઝબકારા થવા લાગ્યા અને પ્રચંડ વાયુ વાવા લાગ્યો; તેથી તે વખતે તેઓનું વહાણ ભાંગી ગયું, અને વહાણમાં રહેલા સર્વ લોકો ડુબી ગયા. તે વખતે જિનપાલિત અને જિનરક્ષિત બંનેને કર્મયોગે એક પાટીયાનો યોગ મળી જવાથી તેને તેઓ દ્રઢ રીતે વળગી પડ્યા, એટલે ત્રીજે દિવસે રત્નદ્વીપને કાંઠે નીકળ્યા. તે દ્વીપમાં નાળી-એરીનાં ફળો ( શ્રીફળ ) ખાઇને તેઓ પ્રાણવૃત્તિ કરવા લાગ્યા, અને નાળીએરીનું તેલ ચોળી તેઓ શરીરે સાજા-નિરોગી થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક વખતે કઠોર, નિર્દય અને તિક્ષ્ણ ખડ્ગને ધારણ કરતી તે રત્નદ્વીપની અધિષ્ઠાયિકા દેવીએ તેમની પાસે આવીને કહ્યું કે–" જો તમે મારી સાથે વિષયસેવન કરશો, તોજ તમે કુશળતાથી અહીં રહી શકશો, નહિતો આ ખડ્ગથી તમારાં મસ્તક છેદી નાંખવામાં આવશે." તે સાંભળી ભય-ભીત થઇને તેઓ બોલ્યા કે–" હે દેવી ! અમારૂં વહાણ ભાંગી જવાથી અમે અહીં તમારે શરણે આવ્યા છીએ; તેથી તમે જે કાંઇ અમને આજ્ઞા કરશો તે પ્રમાણે કરવા અમે તૈયાર છીએ." આ પ્રમાણે તેમનાં વચન સાંભળીને તે દેવી પ્રસન્ન થઈ અને તે બંનેને પોતાને ઘેર લઇ ગઈ. પછી તેમના શરીરમાંથી અશુભ પુદ્ગળો કાઢી નાંખી શુભ પુદ્ગળોનો પ્રક્ષેપ કરી તે બંનેની સાથે તે યથેચ્છ વિષયસુખ ભોગવવા લાગી. તેમને તે દેવી હમેશાં અમૃતફળ આહાર કરવા લાવી આપતી હતી. આ પ્રમાણે તે બંને કેટલાક દિવસો સુધી આનંદથી ત્યાં રહ્યા. એક વખતે દેવીએ આવીને તેમને કહ્યું કે–" લવણ-સમુદ્રના અધિષ્ઠાયિક સુસ્થિત નામના દેવે મને આજ્ઞા કરી છે કે આ લવણસમુદ્રમાંથી એકવીશવાર કચરો કાઢી નાંખી તેને શુદ્ધ કર. તેમાં તૃણ, કાષ્ટ કે બીજા જે પદાર્થો હોય તે બહાર ફેંકી દઈ સમુદ્રને શુદ્ધ બનાવ." આ પ્રમાણેનો હુકમ થયેલ હોવાથી મારે ત્યાં જવાનું છે. તમારે સુખેથી અહીં રહેવું. આ સુંદર ફળો ખાઇને તમારી આજીવિકા કરવી. કદાચ એકાંતમાં અહીં રહેવાથી નિર્જનપણાને લીધે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમને મનમાં દુઃખ થાય તો તમારે ક્રીડા કરવા માટે પૂર્વ દિશાના વનમાં જવું. તે વનમાં હમેશાં ગ્રીષ્મ અને વર્ષા એ બે ઋતુઓજ વર્તે છે. ત્યાં તે બે ઋતુ હોવાથી તમને આનંદ થશે; અથવા જો તમને ત્યાં પણ આનંદ ન થાય, તો તમારે ઉત્તર દિશાના વનમાં જવું, ત્યાં શરદ્ અને હેમંત તે બે ઋતુજ સર્વદા વર્તે છે. જો કદાચ ત્યાં પણ તમારા મનને તુષ્ટિ ન થાય તો પશ્ચિમ દિશાના વન તરફ જવું, ત્યાં શિશિર અને વસંત એ બે ઋતુઓ નિરંતર વર્તે છે, ત્યાં જઈ તમારે વિનોદ કરવો; પરંતુ દક્ષિણ દિશામાં જે વન છે, તે દિશામાં તમારે કદી જવું નહિ, કારણ કે તે દિશાના વનમાં મોટા શરીરવાળો શ્યામવર્ણી દૃષ્ટિવિષ સર્પ રહે છે, તે ત્યાં જનારા સર્વનો ભક્ષ્ય કરી જાય છે."

આ પ્રમાણે સૂચના આપી તે દેવી તેને સોંપાયેલ કામ કરવા માટે ગઇ. પછી તે શ્રેષ્ઠીપુત્રો પણ દેવીના કહેલા ત્રણે વનોમાં સ્વેચ્છાથી ફરવા લાગ્યા. એક દિવસે તેમણે વિચાર્યું કે-"દેવીએ આપણને દક્ષિણ દિશાના વનમાં જવાની વારંવાર ના કહી છે તેનું શું કારણ? માટે આપણે તે વનમાં જઇને જોવું તો ખરૂં કે ત્યાં શું છે?" એમ વિચારી બંને મનમાં શંકા સહિત તે વનમાં ગયા; એટલે તેમને અત્યંત દુર્ગંધ આવવા લાગી, નાસિકાને ઉત્તરીય વસ્ત્રવડે ઢાંકી તેઓ આગળ ચાલ્યા, ત્યારે તેઓએ મનુષ્યનાં હાડકાં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓનો મોટો સમૂહ જોયો. તે જોઈ તેઓ ભય પામ્યા, તોપણ આગળ વધીને તેઓ તે વન વિશેષ જોવા લાગ્યા. તે વખતે એક સ્થળે શૂળી ઉપર ચઢાવેલો એક પુરૂષ જીવતો અને વિલાપ કરતો તેઓએ દીઠો. તેની પાસે જઇ તેઓએ તેને પૂછયું કે–" અરે ભાઇ! તું કોણ છે? તારી આવી સ્થીતિ કેમ થઇ છે? વળી અહીં ચારે તરફ મડદાં અને હાડકાંઓજ દેખાય છે તેનું શું કારણ?" આ પ્રમાણે તેઓએ પૂછવાથી શૂળી ઉપર રહેલા તે માણસે જવાબ આપ્યો કે–" હું કાકંદી નામની નગરીમાં રહું છું, જાતે વણિક છું, વ્યાપાર માટે વહાણ ઉપર આરૂઢ થઈ સમુદ્રમાર્ગે હું ચાલ્યો. માર્ગમાં પવનના તોફાનને લીધે મારૂં વહાણ ભાંગી ગયું. મને દૈવયોગે એક પાટીયું મળી જવાથી હું આ રત્નદ્વીપે નીકળ્યો. અહીં વિષયમાં લુબ્ધ થયેલ આ દ્વીપની અધિષ્ઠાયિકા દેવીએ મને વિષયસેવન કરવા રાખ્યો. તેની સાથે વિષયસેવન કરતાં તથા તે લાવી આપે તેનો આહાર કરતાં કેટલાક દિવસો પસાર થયા. ત્યાર પછી માત્ર થોડા અપરાધને માટે તેણીએ મને શૂળીએ ચઢાવ્યો છે. આ સર્વ મડદાંઓ પણ તેણીએ આવી રીતે મારેલ મનુષ્યોનાંજ છે. તમે પણ તે દુષ્ટ દેવીના પાસમાં સપડાયા જણાઓ છો, તો તમે કયાંથી અને કેવી રીતે આ દુષ્ટ દેવીના પાસમાં પડ્યા તે કહો." પછી તેઓએ પોતાનો સર્વ વૃત્તાંત તેની પાસે નિવેદન કરી તેને પૂછયું કે:–" હે ભાઇ! અમારે આમાંથી બચવાનો કાંઈ ઉપાય ખરો કે

નહિ ? ” ત્યારે તેણે કહ્યું કેઃ–“ હા, એક ઉપાય છે. અહીંથી પૂર્વ દિશામાં એક વન છે, તેમાં શૈલક નામનો એક યક્ષ રહે છે, તે અમુક દિવસે અશ્વનું રૂપ કરીને બોલે છે કેઃ– ‘ હું કોનું રક્ષણ કરૂં ? કોને વિપત્તિમાંથી ઉગારૂં ? ’ માટે ભાઈઓ ! તમે તે શૈલક યક્ષનું ભક્તિથી આરાધન કરો. જ્યારે તે પર્વને દિવસે ઉપર પ્રમાણે રક્ષણ કરવાના શબ્દો બોલે, ત્યારે તમારે કહેવું કેઃ–‘ હે યક્ષરાજ ! અમારૂં રક્ષણ કરો. ’ આ પ્રમાણે કહેવાથી તે તમારૂં રક્ષણ કરશે. ” આ પ્રમાણે કહ્યા પછી થોડે સમયે તે પુરૂષ મરણ પામ્યો.

પછી તે બંને ભાઈઓ શૂળી ઉપર રહેલા માણસે બતાવેલા વન તરફ ગયા, અને મનોહર પુષ્પો એકઠાં કરી તે યક્ષની પૂજા કરી તેની સેવા કરવા લાગ્યા. એમ કરતાં તે પર્વનો દિવસ આવ્યો, ત્યારે તે યક્ષ બોલ્યો કે–“ હું કોની રક્ષા કરૂં ? કોને આપત્તિમાંથી ઉગારૂં ? ” તે યક્ષનાં તેવાં વચનો સાંભળી તે બંને બંધુઓ તત્કાળ બોલ્યા કે–“ હે યક્ષરાજ ! અમારૂં રક્ષણ કરો, અને અમને આ દુઃખસાગરમાંથી પાર ઉતારો. ” તે યક્ષ બોલ્યો કે–“ હું તમને દુઃખમાંથી અવશ્ય તારીશ; પરંતુ તમે સાવધાન થઇને મારૂં એક વચન સાંભળો. તમે જ્યારે અહીંથી મારી સાથે આવશો, ત્યારે તે દેવી પાછળ આવીને પ્રીતિવાળાં મધર આકર્ષક વચનો બોલશે. તમને સમજાવવા હાલાવાળા [illegible] તે કરશે. તે

વખતે જો તમે તેના ઉપર મનથી પણ પ્રીતિ કરશો, તો હું તમને ઉછાળીને તેજ વખતે સમુદ્રમાં નાંખી દઇશ, અને તેની જરાપણ દરકાર કર્યા વગર અથવા તેની તરફ લેશમાત્ર પણ પ્રીતિભાવ ઉપજાવ્યા વગર તમે રાગરહિત રહેશો, તો હું તમને અવશ્ય ક્ષેમકુશળ ચંપાનગરીએ પહોંચાડી દઇશ. તે દેવી પછવાડે આવી મીઠાં વચન બોલે તો પણ તમારે લલચાવું નહિ, ભયનાં વચનો બોલે તો પણ તેનાથી જરાપણ બીવું નહિ. આ પ્રમાણે નિર્વાહ કરવાની જો તમારી શક્તિ હોય તો જલદી મારી પીઠ ઉપર ચઢી જાઓ, અને હું તમારે ગામ તમને લઇ જાઉં." આ પ્રમાણે યક્ષે કહ્યું તે બંને ભાઇઓએ અંગીકાર કર્યું, અને અશ્વરૂપ થયેલા તે યક્ષની પીઠ ઉપર બંને ભાઇઓ બેસી ગયા. તે અશ્વ આકાશમાર્ગે સમુદ્ર ઉપર તરતજ ઉડવા લાગ્યો.

તેજ સમયે તે દ્વીપની અધિષ્ઠાયિકા દેવી તેને સોંપાયેલ લવણસમુદ્રની શુદ્ધિ કરવાનું કાર્ય પૂર્ણ કરી પોતાને સ્થાને આવી; અને પોતાના મંદિરમાં તે બંને ભાઇઓને તેણે જોયા નહિ, તેથી સર્વત્ર વનમાં ભમી, ત્યાં પણ તેનો પત્તો મળ્યો નહિ, એટલે જ્ઞાનનો ઉપયોગ મૂકીને તેણે જોયું, તો અશ્વરૂપ થયેલા શૈલકયક્ષની પીઠ ઉપર બેસી તેમને ચંપાનગરી તરફ જતાં તેણે જોયા, તેથી તે તરતજ ખડ્ગ હાથમાં ધારણ કરી તેમની પછવાડે દોડી. ત્યાં જઇ પ્રથમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભીતિનાં અને પછી પ્રીતિનાં અનેક પ્રકારનાં વાક્યો તેમને લલચાવવા તે બોલવા લાગી, પણ યક્ષે તેમને પુનઃ ચેતવ્યા કે તમારે બીવાનું કે લલચાવાનું જરાપણ મન કરવું નહિ, તેથી તેનાં ભયનાં શબ્દોથી તેમજ મધુર પ્રીતિયુક્ત શબ્દોથી તેઓ જરાપણ ચળાયમાન થયા નહિ. પછી તેણીએ એકલા જિનરક્ષિતને ઉદ્દેશીને કહ્યું કેઃ–" અરે જિનરક્ષિત ! તું તો મને તારા ભાઇ કરતાં ઘણો વધારે પ્રિય હતો અને તારા ઉપર તો મારો સ્નેહ પણ નિશ્ચળ હતો. અરે, તારા વિના હું વિષયસુખ કોની સાથે ભોગવીશ ? મારા દિવસો તારા વગર કેવી રીતે જશે ? અરે, તારા વગર અવશ્ય મારૂં મૃત્યુ થશે. તને મારી જરાપણ દયા આવતી નથી, તને મેં આટલો બધો આનંદ કરાવ્યો, તો કૃપા કરીને એક વખત તો મારી સન્મુખ જો, કે જેથી મરતાં મરતાં પણ મને શાંતિ થાય." આ પ્રમાણેનાં માયાયુક્ત તેનાં મધુર વચનો સાંભળીને જિન-રક્ષિત ક્ષોભ પામ્યો, મનથી ચળાયમાન થયો, મનમાં તેને દયા ઉપજી, પ્રથમનું વિષયસુખ સાંભર્યું અને તે દેવી તરફ પ્રતિવાળી દૃષ્ટિથી તેણે જોયું. તેણે તે પ્રમાણે કર્યું કે તરતજ શૈલકે પીઠ ઉપરથી તેને ઉછાળી દરિયામાં નાંખી દીધો. દેવીએ સમુદ્રમાં પડતો તેને ઉંચકી લીધો, અને ત્રિશૂળવડે તેને વીંધી નાંખી ખડ્ગવડે તેનાં કકડાં કરી દરિયામાં ફેંકી દીધો. પછી જિનપાલિતને ક્ષોભ પમાડવા તે આવી, એટલે યક્ષે તેને ચેતવ્યો કેઃ–" જો જરાપણ આનાં વચનોથી લોભા-

ઇશ તો જિનરક્ષિત જેવીજ તારી દશા થશે." તે જિન-પાલિત યક્ષનાં આવાં વચનોથી મનમાં બહુ દ્રઢ થઈ ગયો. દેવીએ તેને ચળાવવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ તે દ્રઢ રહ્યો, એટલે યક્ષની સહાયતાથી ક્ષેમકુશળ તે ચંપાપુરીએ પહોંચી ગયો. તે વ્યંતરી નિરાશ થઇને રત્નદ્વીપે પાછી ગઈ. યક્ષ પણ જિનપાલિતને તેના સ્થાને પહોંચાડી પાછો જતો હતો, ત્યારે જિનપાલિતે તેને ખમાવ્યો અને અનેક પ્રકારનાં વિનયનાં વાકયો બોલી તેની પ્રશંસા કરી.

જિનપાલિત પોતાને ઘરે જઇ સ્વજનોને મળ્યો અને શોકપૂર્વક બંધુના મરણની હકીકત વિગતથી કહી સંભળાવી. માકંદી શ્રેષ્ઠીએ તે પુત્રની ઉત્તરક્રિયા કરી અને એક પુત્ર સહિત ગૃહવાસ પાળવા લાગ્યા. એકદા શ્રી મહાવીરસ્વામી તે પુરીના ઉદ્યાનમાં સમવસર્યા, તે વખતે માકંદી શ્રેષ્ઠી જિન-પાલિત તથા અન્ય પરીવારને લઇને પ્રભુને વાંદવા આવ્યા. પ્રભુના ઉપદેશથી પિતા પુત્ર બંને પ્રતિબોધ પામ્યા. ઘેર આવી જિનપાલિતના પુત્રને યોગ્ય શિખામણ સાથે ગૃહકાર્ય-ભાર સોંપી ધર્મકાર્યાદિમાં યોગ્ય ધનનો વ્યય કરી પ્રભુ મહા-વીર પાસે બંનેએ દિક્ષા ગ્રહણ કરી. બંને પિતા પુત્ર યોગ્ય રીતે યતિધર્મ પાળી આત્માનું હિત સાધી સુખ પામ્યા.

ઇતિ જિનપાલિત-જિનરક્ષિત કથા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૪ મું.

## કથા ઉપસંહાર અને અમરદત્તનું મોક્ષગમન.

આ પ્રમાણેની સૂરિમહારાજે કહેલી કથા સાંભળીને અમરદત્ત રાજર્ષિએ તે કથામાંથી શું શું બોધ લેવા લાયક છે અને કેવી રીતે બોધ લેવા લાયક છે તેવો પ્રશ્ન પૂછ્યો. તે પ્રશ્નના પ્રત્યુત્તરમાં ગુરૂમહારાજ બોલ્યા કેઃ–" તે શ્રેષ્ઠીના બંને પુત્રોને સ્થાને સર્વ સંસારીજીવો જાણવા. જે રત્નદ્વીપની દેવી તે અવિરતિ જાણવી. તે અવિરતિને વશ થવાથી પ્રાણીઓને દુઃખ થાય છે, ભવભ્રમણ કરવું પડે છે, અને પ્રાંતે નીચી ગતિમાં જવાનું થાય છે. શૂળી ઉપર ચડાવેલ પુરૂષ તે ગુરૂને સ્થાને હિતની વાતો કહેનાર જાણવા. જેમ તે પુરૂષે રત્નદ્વીપની દેવીનું સ્વરૂપ પોતે અનુભવેલું નિવેદન કર્યું, તેમ અવિરતિવશ જીવને થતું દુઃખ આગામી ભવોમાં તે અનુભવે છે અને પોતે અત્યાર સુધી અનુભવ્યું છે તે સંસારીજીવને વર્ણવી બતાવે છે. તે દેવીના દુઃખમાંથી છુટવાનું સાધન શૈલક યક્ષ વર્ણવી બતાવ્યો, તેમ ગુરૂ પણ આ સંસારથી છુટવાનો માર્ગ સંસારી અવિરત જીવને ધર્મ આરાધનરૂપ બતાવે છે. સમુદ્રને સ્થાને સંસાર જાણવો. જેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રત્નદ્વીપની દેવીને વશ થયેલો જિનરક્ષિત વિનાશ પામ્યો, તેમ અવિરતિને વશ થયેલા સંસારીજીવો વિનાશ પામે છે એમ સમજવું. જેમ દેવીના વાક્યની અપેક્ષા રાખ્યા વિના યક્ષના આદેશને આધીન રહેવાથી જિનપાલિત અનુક્રમે પોતાની નગરીએ પહોંચ્યો, તેમ જે જીવ અવિરતિનો ત્યાગ કરી પવિત્ર ચારિત્રમાં નિશ્ચળ થાય છે, તે સર્વ કર્મનો ક્ષય કરીને થોડા કાળમાંજ મોક્ષસુખ પામે છે. માટે હે રાજર્ષિ! ચારિત્ર અંગીકાર કર્યા પછી આત્મિક હિત સાધવા તથા સ્વસ્થાન–મોક્ષનગરને પ્રાપ્ત કરવા માટે કોઇ પણ વખત સાંસારિક વિષયભોગમાં મનને પ્રવર્તવા દેવું નહિ.”

આ પ્રમાણે ગુરૂમહારાજનાં વચન સાંભળી તે રાજર્ષિ અત્યંત આદરથી અતિચાર રહિતપણે સંયમ પાળવા લાગ્યા. રત્નમંજરી સાધ્વીને ગુરૂએ પ્રવર્તિનીને સોંપી. તે પણ તેમની સાનિધ્યમાં નિરંતર તપ અને સંયમનું પાલન કરવા લાગી. અનુક્રમે તે બંને નિર્મળ તપ કરી ઘણા ભવ્યજીવોને પ્રતિબોધી શુદ્ધભાવથી ચારિત્ર પાળી મોક્ષપદને પામ્યા.

ઇતિ અમરદત્ત મિત્રાનંદની કથા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૫ મું.

## ચિત્રસેન, પદ્માવતી અને રત્નસારે કરેલ સંસારત્યાગ અને આત્મસાધના.

આ પ્રમાણે મિત્રાનંદ અને અમરદત્તનું અદ્ભુત વિસ્તૃત કથાનક સાંભળીને ઘણા ભવ્યજીવો પ્રતિબોધ પામ્યા. કેટલાએક ભવ્યોએ તેજ ક્ષણે ગુરૂમહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી, કેટલાએકે ગૃહસ્થધર્મ સ્વીકાર્યો અને કેટલાએકે યથાશક્તિ વ્રત-નિયમાદિ આચર્યાં. ચિત્રસેન રાજા, પદ્માવતી રાણી અને રત્નસારમંત્રી પણ લઘુકર્મી ભવ્ય જીવો હતા, થોડા ભવ પછીજ શિવસુખ પામવાના હતા, અને ત્યાંસુધી પણ દેવગતિમાં અને મનુષ્યગતિમાં શાતાવેદનીયના અનુભવથી ઉત્તમ વૈભવ પામી ધર્મારાધન કરવાના હતા. ગુરૂમુખેથી ઉપરની દેશના અને કથાનક સાંભળીને તેઓ બહુ આનંદ પામ્યા, બોધ પામ્યા અને આ સંસારના ક્ષણિક દેખાતા સુખ ઉપર તેઓને વૈરાગ્ય આવ્યો, અને હંમેશને માટે પ્રાંતે દુઃખ આપનાર સાંસારિક વિષયભોગોને છોડીને તેજ ગુરૂ પાસે સંયમ ગ્રહણ કરવા અને આત્મહિત સાધવા તેઓ ઉદ્યુક્ત થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી ગુરૂમહારાજને થોડા કાળ સુધી ત્યાં રહેવા વિનંતિ કરી. ગુરૂએ તે વિનંતિ સ્વીકારતાં કહ્યું કેઃ-" ધર્મના કાર્યમાં વિશેષ વિલંબ ન કરવો." પછી તેઓ ત્રણે પરિવાર સહિત નગરમાં આવ્યા, અને યોગ્ય તૈયારી કરી રાજપુત્ર પુણ્યસારનો રાજ્યાભિષેક કરી પ્રજાપાલન વિગેરેનો ઉપદેશ આપી રાજ્યભાર તેને ભળાવ્યો, અને અધિકારીઓને તથા પ્રજાના મહાજનોને પોતાની સાથે જેવી રીતે વર્તતા હતા તેવીજ રીતે વર્તવા અને પુણ્યસારને રાજ્યભારમાં સહાય કરવા ભલામણ કરી. વળી રત્નસારના સુમતિ નામના પુત્રને રત્નસારની જગ્યાએ મંત્રીપદે સ્થાપન કર્યો. પછી ધર્મકાર્યમાં યથારૂચિ દ્રવ્ય વાપરી તથા જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવી તથા દાનાદિ સારી રીતે આપી પુણ્યસાર તથા નગરજનોએ જેમનો નિષ્ક્રમણમહોત્સવ કર્યો છે તેવા ચિત્રસેન રાજા, પદ્માવતી રાણી અને રત્નસાર પ્રધાન બીજા કેટલાક તેમનો વૈરાગ્યરંગ જોઇ સંયમ લેવા ઉદ્યુક્ત થયા હતા તે સર્વને સાથે લઇ નગરનારીઓથી પૂજાતા અને નગરજનોથી પ્રશંસાતા જૈનધર્મની વિશેષ વિશેષ મહત્ત્વતા વધારતાં તે ત્રણે ગુરૂસન્મુખ ઉદ્યાનમાં આવ્યા. તેઓ ત્રણેએ જેમ વસ્ત્રાદિ અલંકારનો ત્યાગ કર્યો તેવીજ રીતે કષાય વિગેરે સંસારને વધારનારા દોષોનો પણ સાથે ત્યાગ કર્યો. રાજ્યભાર તથા સંસારવૃદ્ધિ કરનારાં અન્ય સર્વ સાધનો જેમ છોડી દીધા, તેવીજ રીતે પાંચે પ્રમાદોને પણ છોડી દીધાં. વળી નવે પ્રકારના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિગ્રહનો પણ તેઓએ સર્વથા ત્યાગ કર્યો, અને શુદ્ધ ભાવથી મનના વધતા જતા શુભ પરિણામ સાથે ગુરૂમહારાજ પાસે ઉદ્યાનમાં આવીને ભવમોચિની, શિવદાયીની, સંસારતાપ નિવારનારી, આત્મિકસુખ પ્રગટાવનારી, ઉત્તમ પ્રવ્રજ્યા વિધિસહિત આપવાની ગુરૂમહારાજને તેઓએ વિનંતિ કરી. તેઓએ ગુરૂમહારાજને કહ્યું કેઃ "સ્વામિન્ ! આ સંસારની દુઃખદાયી ઉપાધિથી અમે બહુ ભય પામ્યા છીએ. વળી ભવભ્રમણથી અમે મુંઝાઈ ગયા છીએ, તેથી સંસારના દુઃખથી ઉગારનારી અને ભવભ્રમણ ટાળનારી જિનેશ્વર ભગવાને કહેલી દિક્ષા અમને આપીને કૃતાર્થ કરો." આ પ્રમાણેની તેમની વિનંતિ સાંભળી તથા તેઓની યોગ્યતા જાણીને ગુરૂમહારાજે જિનેશ્વરે કહેલ વિધિપુરઃસર તેઓને સંસારસમુદ્રમાંથી પાર ઉતરવા માટે જહાજતુલ્ય દીક્ષા આપી. પછી તે સર્વને સાથે લઈને ગુરૂમહારાજે પૃથ્વીતળ ઉપર અન્યત્ર વિહાર કર્યો. પદ્માવતીને પ્રવર્તિનીને સોંપ્યા. તેણે તથા ચિત્રસેન અને રત્નસારે સારી રીતે ધર્મારાધન કર્યું, યથાશક્તિ તપસ્યા કરી અને શુદ્ધ ભાવથી બની તેટલી આરાધના કરી. પદ્માવતીએ પણ યથાશક્તિ પ્રવર્તિની પાસે તપસ્યાદિ આરાધના કરી. અંતે તે ત્રણે મહાપુરૂષો શુદ્ધ ભાવપૂર્વક દીક્ષાપર્યાય પાળી આયુષ્ય પૂર્ણ થયે અનુક્રમે સામુદાયિક કર્મના યોગે અચ્યુત કલ્પમાં દેવતાઓ થયા અને સાથે રહી દેવગતિનું સુખ ભોગવવા લાગ્યા. ત્યાં પણ ત્રણે દેવો યથાશકિત તીર્થંકરના કલ્યા-

ણુકો સમયે જિનેશ્વરની ભક્તિ તથા તીર્થપર્યટન વિગેરે ધર્મકૃત્યો સાથે સાથે કરીને સમકિતને વિશેષ નિર્મળ કરતા હતા, અને ભાવી ઉત્તમ ગતિને અને શાતાવેદનીય કર્મને બાંધતા હતા. આ પ્રમાણે જે સામુદાયિક કર્મ તેઓએ અચ્યુત કલ્પમાં બાંધ્યું તે ભાવી જન્મમાં સાથેજ તેઓ ભોગવશે, અને પ્રાંતે સર્વ ઘાતી અઘાતી કર્મોને ખપાવી એક સાથેજ મુક્તિપદને પ્રાપ્ત કરશે.

# પ્રકરણ ૨૬ મું.

## ઉપસંહાર તથા લેવા યોગ્ય ઉપદેશ.

આ પ્રમાણે શિયળના પ્રભાવથી પોતાની રાજ્યલક્ષ્મી તેઓએ સારી રીતે ભોગવી અને પ્રાંતે જૈનધર્મ પામી, ધર્મારાધન કરી, યથાશક્તિ વ્રત નિયમાદિ આચરી તેઓ ત્રણે વાંછિતફળને પામ્યા, અને પ્રાંતે મોક્ષસુખને પામશે.

આ દુનિયામાં અને સર્વત્ર સર્વ ગતિમાં શિયળનો પ્રભાવ અદ્‌ભુત છે. શુદ્ધ ભાવથી અને શુદ્ધ મન, વચન, કાયાના ત્રિકરણયોગથી શિયળ પાળતાં વાંછિત લક્ષ્મી અને સુખ અવશ્ય પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં કસોટી માટે શુદ્ધ શિયળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાળનારને કદાચ કષ્ટ સહન કરવું પડે, પણ પ્રાંતે તે અવશ્ય સુખનો ભોકતા અને આખી સૃષ્ટિમાં દૃષ્ટાંતરૂપ નીવડે છે, અને ઉત્તમ સ્ત્રી, પુત્ર, પૌત્રના પરિવારને, સુખ આપનારા ધન વૈભવને, શાતાવેદનીયને, તથા સર્વત્ર ગૌરવ અને સ્વજનાદિકમાં સારી રીતે કીર્તિ તથા યશ પામે છે, અને આ ભવ તથા પરભવ બંનેમાં સુખી થાય છે. વળી આ શિયળ મહાવ્રતના પ્રભાવથી દરેક પ્રકારના વ્યાધિઓ નાશ પામી જાય છે, માનસિક આધિ કે સાંસારિક કોઇપણ જાતની ઉપાધિ રહેતી નથી, તેવા શિયળવંત પુરૂષ કે સ્ત્રીના સ્મરણમાત્રથી પણ આધિ, વ્યાધિ કે ઉપાધિનો નાશ થઇ જાય છે, તો પછી શિયળ પાળનાર-શુદ્ધભાવથી શિયળવ્રત સેવનારને કોઇપણ જાતના માનસિક, શારીરિક કે સાંસારિક ઉપાધિ રહેજ નહિ તે નિશ્ચયાત્મક છે. વળી આ શિયળના માહાત્મ્યથી શાકિની, ભૂત,પ્રેત, ડાકિણી કેવ્યંતર કોઇના ઉપદ્રવથી ઉપદ્રવિત થવાનો સંભવ રહેતો નથી, તેવા દુષ્ટ દેવો કે ઉપાધિ કરનાર વ્યકિતઓ તો શિયળવ્રત ધારણ કરનારની સામું પણ જોઈ શકતા નથી, તેમજ શિયળવ્રત સાચવનારના પ્રતાપથી અન્યની પણ તેવી ઉપાધિઓ વિલય થઇ જાય છે, તેવા દુષ્ટ દેવો તેની પાસે ઉભાજ રહી શકતા નથી. વળી સિંહાદિ હિંસક પશુઓ તથા સર્પ વિગેરે ઝેરી જનાવરોનો ઉપદ્રવ આ વ્રતના પાલન કરનારને થતો નથી. સિંહાદિ જંગલી પશુઓ મૃગ જેવા શાંત થઇ જાય છે, સર્પ ફુલની માળા થઇ જાય છે, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવા હિંસક પશુઓ અરસપરસનું વેર ભૂલી જઈ ઉલટા આ વ્રત આચરનાર પાસે પોતાનો જાતિય સ્વભાવ છોડી શાંતિ ધારણ કરી બેસે છે, અને તેમના માહાત્મ્યની મનમાં સ્તવના કરે છે. શિયળવ્રતનો આવો ઉત્તમ અદ્ભુત પ્રભાવ દૃષ્ટાંતોદ્વારા સર્વત્ર સુવિદિતજ છે. અનેકનાં આધિ, વ્યાધિ, ઉપાધિ તથા વૈમનસ્ય આ વ્રતના માહાત્મ્યથી નાશ પામી ગયા છે, તેથી ભાવી આ ભવ અને પરભવ બંનેમાં સુખ–શાંતિ ઇચ્છનાર સ્ત્રી અને પુરૂષે જેમ બને તેમ યથાશક્તિ વધારે ને વધારે ત્રિકરણશુદ્ધિથી આ વ્રત પાળવામાં ઉદ્યમવાન રહેવું, અને અન્યને પણ આ વ્રતનું માહાત્મ્ય તથા પ્રભાવ સમજાવી તે વ્રત પાળવામાં વિશેષ ઉદ્યમવાન્ કરવા. આ વ્રત આભવમાં સુખ આપનાર છે, પરલોકમાં ઉત્તમ ગતિ આપનાર છે, વળી સર્વત્ર યશ–કીર્ત્તિ ફેલાવનાર છે, મનોવાંછિત સધાવ-નાર છે, પરમપદ પ્રાપ્ત કરાવનાર છે, ભવનો નિસ્તાર કરાવનાર છે, નાગલોક તથા અન્ય સર્વ દેવગતિના સુખ આપનાર છે, મનુષ્યગતિમાં ઉત્કૃષ્ટ પદ અપાવનાર છે, અને પ્રાંતે પરમપદ પ્રાપ્ત કરાવનાર આ વ્રત ખાસ આગ્રરવા લાયક, અનુમોદવા લાયક અને પ્રશંસવા લાયક છે. દરેક બંધુ તથા બ્હેને આ ચરિત્ર વાંચીને જેમ બને તેમ શિયળ પાળવામાં તથા ધર્મ આરાધન કરવામાં વિશેષ ઉદ્યમવાન બનવું, તોજ આ કથા વાંચવાના પ્રયાસનું સાર્થક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ કથા ૧ ૫ ૨૪ ની સાલમાં આશ્વિન માસની કૃષ્ણ ત્રયોદશીને દિવસે શીલતરંગિણી ગ્રંથમાંથી ઉદ્ધરીને કર્તાએ રચી છે. શ્રી ધર્મસૂરિના અનુક્રમે તેમનીજ મૂળ પાટ ઉપર આવેલ શ્રી પદ્મચંદ્ર સુગુરૂના સુશિષ્ય શ્રી મહિચંદ્રસૂરિ સાધુઓને વિષે ઉત્તમ વ્રત પાળનારા સાધુ થયા. તેમના શિષ્ય ઉપાધ્યાય શ્રી રાજવલ્લભ મુનિ, કે જેઓ ચારિત્ર પાત્ર તથા સ્વગુણોથી શોભતા હતા તેમણે સ્વપર કલ્યાણના હેતુભૂત જાણીને આ ચિત્રસેન-પદ્માવતીની કથા રચી છે. તે સર્વનાં કલ્યાણ માટે થાઓ એવી શુભાશિષ સાથે આ કથા સમાપ્ત કરવામાં આવે છે. **शुभं भूयात् ॥**

વિક્રમ સંવત ૧૯૬૮માં જામનગરનિવાસી સુશ્રાવક પંડિત હીરાલાલ હંસરાજે છપાવેલ મૂળ ગ્રંથ ઉપરથી **કાપડિયા નેમચંદ ગીરધરલાલ** પાસે સં. ૧૯૮૪માં ભાષાંતર કરાવી

સંઘના નમ્ર સેવક **અચરતલાલ જગજીવનદાસે**

શ્રી જૈન સસ્તી વાંચનમાળાના સં. ૧૯૮૫ના વર્ષના મણુકા તરીકે આ કથા છપાવી પ્રસિદ્ધ કરી છે. **श्रीरस्तु ॥**

[ સમાપ્તેયં ચિત્રસેન-પદ્માવતી ચરિત્ર ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust